# વલોણું

## માલધારી વિશેષાંક

ફેબ્રુઆરી, ૨૦૦૮ | શૈક્ષણિક હેતુ અને ખાનગી વિતરણ માટે | વર્ષ - ૨ સળંગ અંક - ૧૫



# અનુક્રમ


૧ ગામ વગરના ગવાંતી ૩
- નીતા પંડ્યા

૨. ચરિયાણમાં ખડ ખૂટ્યાં ૪
- રતિભાઈ પંડ્યા

૩. 'મારગ' એટલે ઉન્નત જીવન તરફનો રાહ ૫
- હરગોવન પટેલ

૪. રબારી બહેનોની રુઆબદાર બાની ૬
- અશ્વિન ચૌહાણ

૫. માલધારીઓ માટે સરકારી નીતિઓ.... ૮
- લાલજી દેસાઈ

૬. સંસ્કૃતિસમાપનનાં એંધાણ ૧૧
- નીતા પંડ્યા

૭. માલધારીઓ, પણ માલ ક્યાં ? ૧૨
- નિકુંજ 'માનવ'

૮. ચરિયાણની ભૂમિ : માલધારીઓનો અધિકાર ૧૩
- ગીતા દેસાઈ

૯. સરકારની ખોટી નીતિઓ સામે રાજકીય અસ્તિત્વ... ૧૪
- લાલજી દેસાઈ

૧૦. સરકારી નીતિનાં બે ધોરણો : માલધારીને ઠીંગો... ૧૫
- હરગોવન પટેલ

૧૧. ઓખામંડળનો ભોપો પણ ભૂપતરાય બની શકે ૧૬
- સોમાભાઈ રબારી

૧૨. 'જુઓ, રબારીનાં છોરાં નિશાળે જાય' ૧૬
- તેજલ પંચાસરા

૧૩. માલધારીઓનાં સપનાં અને સમસ્યાઓ ૧૭
- બિમલ રબારી

૧૪. 'કૉમની માયા' કે મજબૂરી ૧૯
- નીતા પંડ્યા

૧૫. માલધારીના વિનાશનો અર્થ તે સ્વરાજનો અનર્થ ૨૦
- વાસુદેવ વોરા

૧૬. માલધારી બાળકો અને શિક્ષણ ૨૧
- હાજાભાઈ કાલોતરા

૧૭. મૂંઝવણ હવે મારગે ચડી ૨૨
- ગીતા દેસાઈ

૧૮. માલધારીઓ માટે ગીર જાગીર કે જા... આ... ગીર ! ૨૩
- હેમંત બાર

૧૯. આઝાદી મળી પણ ગોચર ગયું ૨૪
- નવઘણભાઈ


**(પ્રકાશિત લેખોમાં રજૂ થયેલા વિચારો લેખકના પોતાના છે)**


૨૦. ઓખામંડળના માલધારીઓની કપરી સ્થિતિ ૨૪
- સોમાભાઈ રબારી

૨૧. ચર્ચાનો ચોરો ૨૫
- નીતા પંડ્યા

૨૨. માલધારીઓના મારગ ૨૬
- નીતા પંડ્યા

૨૩. ભલે ભણેલા નહિ, પણ ગણેલા સોંડાકાકા ૨૬
- દેવાયતભાઈ

૨૪. હાંસિયામાંથી બહાર આવતા માલધારીઓ ૨૭
- દશરથભાઈ

૨૫. સ્પેન ખાતે વિશ્વ માલધારી સમાજનું મિલન યોજાયું ૨૮
- લાલજી દેસાઈ

૨૬. માલધારીને તો બારે મહિના સંઘર્ષ ૩૦
- જોગરાણા જીવન

૨૭. બાળવાવડ ૩૧

૨૮. કવિતા ૩૨
- તેજાભાઈ દેસાઈ (ખાંભેલવાળા)



**'વલોણું'નું પ્રકાશન દર મહિને થાય છે.**
**લેખ અને સમાચાર આવકાર્ય છે.**
**અંક વિશે પ્રતિભાવો જણાવશો.**
**'વલોણું'નું વાર્ષિક લવાજમ રૂપિયા ૧૦૦ છે.**
**લવાજમ માટે 'મારગ'ના સંકલન-કાર્યાલયનો સંપર્ક કરવો.**
**લવાજમ મનીઑર્ડરથી પણ સ્વીકારાશે.**


## પત્રવ્યવહારનું સરનામું


બી-૨, મિલિન્દ પાર્ક,
સેંટ ઝેવિયર્સ સ્કૂલ, લોયલા હૉલ સામે,
મેમનગર રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૫૨
ફોન : (૦૭૯) ૨૭૯૧૨૪૯૨

**રજિસ્ટર્ડ એડ્રેસ :**
બી-૧૦, સિદ્ધિદર્શન એપાર્ટમેન્ટ,
૧૦૦ ફુટ રોડ, આનંદનગર રોડ, સેટેલાઈટ,
અમદાવાદ.



**પરામર્શક** : નીતા પંડ્યા, લાલજી દેસાઇ
**તંત્રી** : સોનલ પંડ્યા, અશ્વિન ચૌહાણ
**સંપાદક** : કેતન રુપેરા

# ગામ વગરના ગવાંતી*

નીતા પંડ્યા

મુ.શ્રી અરવિંદભાઈ આચાર્ય લિખિત "સરનામાં વગરનાં માનવી" પુસ્તક વાંચવામાં આવ્યુ અને તે દ્વારા ગુજરાતમાં વિચરતા (વસતા નહિ) સમુદાયનો પરિચય થયો. નાના - મોટા કબીલાઓમાં સતત ફરતા અને રસ્તાની નજીકની ખુલ્લી જગ્યા પર વસતા સમુદાયો કહેવાતી મુખ્યધારા માટે વણદેખાતા જ હોય છે. સ્થિર-સલામત જીવન માટેના વિકલ્પોનો અભાવ આવા સમૂહને આજીવન 'વંચિત' બનાવે છે, છતાં તેને એક જીવનપદ્ધતિ તરીકે સ્વીકારીને સ્વાભાવિક ક્રમમાં જીવતા ખમીરવંતા લોકો આપણને આધ્યાત્મની ઝાંખી કરાવે છે.

કેટલાક સમય પહેલાં આવા એક સમુદાયને જામનગરથી દ્વારકા જતા નાધુતા ગામ પાસે મળવાનું બન્યું. ડુંગરાળ રસ્તાની નજીક કંઈક જુદા પ્રાકરનો 'નેસ' (માલધારી વસાહત) જોવા મળ્યો. નજીક જતાં ખ્યાલ આવ્યો કે ચારણ માલધારીઓના 'દંગા' (ટૂંક સમયનો વસવાટ) હતા. સફેદ વસ્ત્રોમાં સજ્જ પુરુષો અને કાળા કલાત્મક ઓઢણામાં શોભિત સ્ત્રીઓએ અમને આવકાર આપ્યો. સામાન્ય રીતે સ્થળાંતરિત માલધારીઓ અજાણ્યા લાગતા લોકો સાથે ત્યારે જ ખુલીને વાત કરે, જ્યારે તેઓ આવનારનું નામ, સાખ(અટક-જ્ઞાતિ) જાણી ન લે. અહીં અમારો પરિચય સંતોષજનક લાગતાં અમારા માટે ઢોયણી(નાની ખાટલી)ની વ્યવસ્થા થઈ, તેના ઉપર મજાની ધડકલી(હાથે બનાવેલ ગોદડી) પણ નંખાઈ, અને આખા દૂધની(માત્ર દૂધ) ચાથી અમારી મહેમાનગતિ શરૂ થઈ અને સાથે પ્રશ્નોત્તરી પણ.

અમે પૂછ્યું, "માલ લઈ કેટલા સમયથી(મહિના) ફરો છો?" સામેથી જવાબ આવે છે, "કાયમથી ફરતા રઈયે છીએ, અમને હાંભરે ત્યારનાં ફરીએ છીએ."

માલધારીઓનાં છાપરાંની રચના, અંદરની ગોઠવણ તથા અત્યંત મર્યાદિત ઘરવખરી જોતાં ખાતરી થાય કે સતત ફરતા લોકો હશે.

(સામાન્ય રીતે સ્થળાંતર કરતા માલધારીઓ વરસના ૬થી ૯ મહિના ફરતા રહે છે. ચોમાસાના સમયે પોતાના વતનના ગામમાં આવતા હોય છે. ભૌગોલિક વિસ્તાર મુજબ પોતાની ઓળખ ધરાવતા/આપતા માલધારીસમાજમાં ગામ/વતન અંગે વિશેષ મહત્ત્વ છે.)

અમે પૂછ્યું, "તમારું ગામ કયું?" જવાબ : "જ્યાં રઈયે, ઈ ગામ"

અમે પૂછ્યું, "મૂળ વતન જેવું તો કંઈક હશે ને?" જવાબ: "અમે આમ દ્વારકા બાજુના, પણ વર્ષોથી ફરતા રઈયે, અમારે ગામ નો હોય."

મળેલા જવાબ ઉપર વિચાર કરતાં મને વર્ષો પહેલાં દ્વારકા - ખંભાળિયાવિસ્તારમાં બનેલી એક સત્યઘટના યાદ આવી. જેનો ઉલ્લેખ સ્વ. પુષ્પાબેન મહેતાએ "ખડ ખૂટ્યાં"માં કર્યો છે. ઘટના કંઈક આવી હતી.... (આશરે સો વર્ષ પૂર્વની)

"આ વિસ્તારના ચારણો ગામધણી હતા. ખાડાના કાંધ જેવી ધરતી ખેડતા. સો સો ભેંસુ રાખતા. સાંજ પડે પાંચ ગરીબને જમાડતા. એક દિવસ રાજા જામને કોઈએ કાન ભર્યા, "આ ચારણોની જમીન એની નથી. ગેરકાયદે કબજે રાખી છે. રાજે ઝૂંટવી લેવી જોઈએ. એમના લેખ ખોટા છે... વગેરે.." બસ પછી તો રાજાએ એ વિસ્તારના ચારણોને હુકમ કર્યો "જમીન સોંપી ઘો, રાજની છે." બધા ચારણો ભેગા થયા. કરવું શું? બધાએ એક મતે નક્કી કર્યું કે જામબાપુને અરજી કરીએ, રાજા એમની વાત સાંભળશે જ એ ખાતરી સાથે બે જણ અરજી લઈ નગર ગયા. બાકીના સૌ ખંભાળિયા ભેગા થઈ બેઠા. બે-ચાર દિવસ સુધી કોઈ જવાબ ન આવતાં, ઘરબાર છોડીને સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો બધાંએ ખંભાળિયા આવીને ઉપવાસ શરૂ કર્યાં. ભૂખ્યા પેટે હજારોની સંખ્યામાં બેઠેલાં ચારણોને રાજાનો જવાબ ન મળ્યો, પરંતુ તેમાં માણસોએ અહીં આવી હથિયાર લઈ ચારણોને મારવાનું શરૂ કર્યું. આડેધડ મારામારીમાં અનેકના જીવ ગયા, લોહીની નદી વહી, લોકો ચીસાચીસ, ભાગંભાગ કરવાં લાગ્યાં. રાજના માણસોએ ભાલે ચડાવીને નાનાં બાળકોની પણ હત્યા કરી. અધૂરામાં પૂરું ચારણોનાં ગામ જઈને પણ રાડો પાડી પાડીને કહ્યું, "મારો... ચારણોને મારો... એનું નામ ઉખેડી નાખો." આ પરિસ્થિતિ વચ્ચે લોકો પહેરેલ કપડે ગામ અને ઘર મૂકીને ભાગવા લાગ્યા. કેટલાક ચારણો ઉપર તો ધીંગાણું કરવાનો અને પોલીસને મારવાનો આરોપ મૂકી કેસ થયા. બીકના માર્યા રાજ પાસે જમીન કે હક્ક માગવા ફરી કોઈ ન ગયા." 'ખડ ખૂટ્યા'માં નોંધ્યું છે કે, "આ ચારણોની આબરૂ હતી, સુખી હતા, આજે તો ભટકતા ભિખારી થઈ ગયા."

ઐતિહાસિક ઘટનાને યાદ કરીને ચારણપરિવાર સાથે વિગતમાં વધુ ઊંડા ઉતર્યા, તો ખ્યાલ આવ્યો કે ચોક્કસ વિસ્તારમાં વસતા ચારણોને ખરેખર પોતાનું ગામ નથી. અત્યારે તેમનું સતત સ્થળાંતર નદી-કેનાલ-નજીક ડુંગરાળ વિસ્તારમાં છે. દ્વારકા, જામનગરથી લઈ રાજકોટ, મોરબી સુધી તેઓ પથરાયેલા છે. સતત ભટકતું જીવન, નહિવત્ શિક્ષણ, તથા સામાજિક-કુદરતી સંઘર્ષ વચ્ચે જીવતા લોકોની વાણીની મીઠાશ અને મનની મોકળાશ અકબંધ જોવા મળ્યાં. ચારણ માલધારીઓની જાફરાબાદી ભેંસનું 'ખાડું' (ટોળું, સમૂહ) જોઈ કોઈ માલધારી હરખાયા વગર રહી ન શકે. એક સરખી તંદુરસ્ત ભેંસો ઉત્તમ પશુપાલનની સાબિતી પૂરી પાડતી હતી. તેમની વાતચીતમાં ખાસ કોઈ અપેક્ષા, આક્ષેપ કે અસંતોષ ન હતાં. કદાચ વર્ષો પહેલાંનો ડર હજુ અકબંધ હોય? તે સમયે જામ રાજાએ જમીન અને મકાન લઈ ભલે કંગાળ બનાવ્યા, પરંતુ આપણી સરકારે તેમને સુંદર સફેદ એ.પી.એલ. કાર્ડ આપ્યાં છે! જેનો મૂળ ઉપયોગ આ લોકોએ કદી કર્યો જ નથી. પોતે આ દેશના નાગરિક છે, તેવી ઓળખ માટે કદી આ 'કાર્ડ' ઉપયોગી બની જાય છે. (એ.પી.એલ. કાર્ડ જ્યારે જામનગર નજીક પશુ ચારતા ત્યારે કોઈએ કઢાવી આપ્યા હતા.) વળી, દૂધ જેવું સફેદ કાર્ડ હોવાથી માલધારીઓએ સાચવીને અકબંધ રાખ્યું છે.

(*પશુને ચરાવનારને ગવાંતી તરીકે ઓળખવામાં આવે છે)

# ચરિયાણમાં ખડ ખૂટ્યાં

રતિભાઈ પંડ્યા

હજારો વર્ષ પહેલાંનો આદિમાનવ જંગલમાં ગુફા કે ઝાડ નીચે અથવા તો કાચાં ઝૂંપડાં બનાવીને રહેતો હતો. ફળ-ફૂલ કે પાંદડાં અને પશુઓ તેનો ખોરાક હતો. ભટકતું જીવન જીવતો હતો. આ જંગલી અવસ્થામાં પણ માણસે જે સૌપ્રથમ પ્રવૃત્તિ શરૂ કરી, તે પશુપાલન અંગેની હતી. ખેતીનો ધંધો તો માણસને ખૂબ મોડેથી સૂઝ્યો. આદિમાનવ પહેલાં પશુપાલક અને પછી ખેડૂત બન્યો છે. પાછળથી સ્વીકારેલો ધંધો 'ખેતી' આજે ઘણો આગળ નીકળી ગયો છે, અને મૂળ શરૂઆતનો ધંધો 'પશુપાલન' વ્યવસાય પાછળ રહી ગયો છે. આ મૂળ ધંધો ચરિયાણ જમીન અને કુદરતી રીતે ઊગી નીકળતા ઘાસચારા પર આધારિત હતો. માણસની વસ્તી અને જરૂરિયાતો વધતાં ચરિયાણની જમીનો ખેતી માટે ખેડાતી ગઈ અને ચરિયાણની જમીનો ઘટતી ગઈ. ખેતી કરતા ખેડૂત એક જ જમીન પર સ્થાયી જીવન વિતાવવા લાગ્યા, જ્યારે પશુપાલન કરતા માલધારીઓ ઘાસચારાની શોધમાં ભટકતું અને અસ્થાયી જીવન જીવતા થયા.

પાંચેક હજાર વર્ષ પહેલાંની વાત કરીએ તો ગોકુલ અને વૃંદાવનમાં લાખોની સંખ્યામાં ગાયો ધરાવતા નંદ રાજા અને સેંકડો ગોવાળિયાઓ, તેના વડા ગોવાળિયા શ્રીકૃષ્ણની આગેવાની નીચે ઉત્તર ભારતમાંથી પશ્ચિમ ભારતમાં દ્વારકા અને સૌરાષ્ટ્ર બાજુ વાંઢ્યે જ આવેલા. અહીં ચરિયાણ માટેનો પૂરતો ઘાસચારો અને પાણી મળી રહેતા સૌરાષ્ટ્રમાં કાયમી નિવાસ સ્વીકાર્યો. પશુ અને તેના પાલકો સમૃદ્ધ હતા. તેણે સોનાની દ્વારકા રચી. ગોધન એ ખરા અર્થમાં ધન-સમૃદ્ધિનું પ્રતીક હતું. ગાયોના ટોળા માટે વપરાતો 'ધણ' શબ્દ પણ 'ધન' પૈસાનો પર્યાય કહેવાયો.

પશુપાલનના ધંધાનો ભૂતકાળ તો ઘણો ભવ્ય હતો, પરંતુ વર્તમાનમાં આ ધંધો માલધારીઓ માટે તો ખૂબ વસમો થતો જાય છે. કારણ કે ચરિયાણ જમીન ઘટતી જાય છે અને આ રહી સહી ચરિયાણ જમીનમાં પણ ઘાસચારો તો તદ્દન ઘટતો જાય છે. અત્યારે પણ પશુપાલન વ્યવસાય કરતાં વૃદ્ધ ૭૦-૮૦ વર્ષનાં ડોસા-ડોસીને પૂછીએ તો કહેશે અમારાં બચપણમાં અને જુવાનીમાં ઢોર ચરિયાણમાંથી ધરાઈને આવતાં, ઘેર નીરણ કરવી પડતી ન હતી. તો પછી છેલ્લાં ૫૦-૬૦ વર્ષમાં એવું શું બન્યું કે "ચરિયાણમાં ખડ ખૂટ્યાં" કેટલાંક કારણો તો સમજી શકાય તેવાં છે કે ચરિયાણ માટેની જમીન જ ઓછી થઈ છે, અને હજુ થતી જાય છે. ગાય-ભેંશ કે ઘેટાં-બકરાં વિયાય તેમ જમીન વિયાતી નથી. ઊલટાની જે પડતર, ખરાબાની કે ગોચરની જમીન વસવાટ માટે, કારખાનાં કે ઉદ્યોગ માટે, રસ્તાઓ માટે, ખાણો માટે, જંગલ માટે કે પછી ખેતી માટે કાયદેસર અને ગેરકાયદેસર રીતે ફાળવવામાં આવી છે. સરકારે એક સાદો નિયમ બનાવ્યો કે ૧૦૦ પશુદીઠ ૪૦ એકર જમીન ચરિયાણ માટે અનામત રાખવી. પરંતુ, ઢોરની સંખ્યાના પ્રમાણમાં બધી જગ્યાએ આટલી જમીન જ લભ્ય નથી. જમીન પર ચાર પગવાળાં પશુ કરતાં બે પગવાળા માણસનું આક્રમણ વધુ તીવ્ર અને અસરકારક છે. ગોચર જમીન પર ગેરકાયદેસર દબાણ કરી જે જમીનો વ્યક્તિગત ખેડૂતોએ વાળી લીધી છે, અને જ્યાં ઘાસચારાને બદલે કપાસ-એરંડા-મગફળી જેવા પાકો હાલ લેવાય છે, તે જમીનો ચરિયાણ માટે ખુલ્લી કરાવવી જોઈએ. કાયદાઓ કરવાથી કે સમજાવટથી તે શક્ય ન હોય તો લોકઆંદોલન દ્વારા પણ ગેરકાયદેસર દબાણની જમીન ખુલ્લી કરાવી, તેવી જમીનોમાં સારી જાતના ઘાસચારાના બિયારણો નાખી માત્ર ખડની ખેતી થાય અને થોડાં વર્ષ તેમાં ચરિયાણની મનાઈ-બંધી કરવામાં આવે, તો વાઢીને ઘાસચારો લઈ શકાય. આમ કરવાથી ઘાસચારાનાં બી પાકીને તે જ જમીનમાં ખરશે અને બીજા વર્ષે તેમાંથી સારી જાતનું અને વધુ ઘાસ મેળવી શકાશે. હાલના રહ્યાંસહ્યાં ગોચરોમાં કૂણું અને કાચું ઘાસ ઢોર ચરી જાય છે, આથી બિયારણ ખરવાં પામતું નથી અને દર વર્ષે સારા ઘાસની માત્રા-ઉગાવો ઘટતી જાય છે. પશુ ખાઈ શકે તેવાં ઘાસ જેવાં કે જીંજવો - ધામણ - શણિયાર - રાતડ - ધરપડો વગેરે ઘાસનાં બિયારણ કુદરતી રીતે ખરવાં પામતાં નથી અને પશુ ન ખાઈ શકે તેવાં નીંદામણનાં ઘાસ-છોડ જેવાં કે કુવાડિયો-ગાડરડી - અધેડો - ગોખરૂં સફેદ ફૂલ જેવાં અનેક અખાદ્ય ઘાસો ઊગી નીકળે છે, અને સારી જાતનાં ઘાસને થવાં દેતાં નથી. ખેડૂત જેમ પોતાના ખેતરમાંથી નકામું નીંદામણ દૂર કરે છે, તેમ ગોચર ભૂમિમાં ઊગતાં અખાદ્ય ઘાસો દૂર કરીએ તો ખાદ્ય ઘાસોને ઊગવાં અને વિકસવા તક મળશે.

જે ગામોમાં થોડી ઘણી પણ ગોચરની જમીન હોય તે ગામના માલધારીઓ સમૂહમાં મળીને નિર્ણય કરવો કે ૧૦થી ૨૫ ટકા ગોચર જમીનમાં કોઈએ ઢોર ચરાવવાં જ નહીં. બને તો થોડી જમીનમાં કાંટાની વાડ કરી ગોચરજમીનને રક્ષિત કરવી. તેમાં ઢોર ખાઈ શકે તેવાં ઘાસનાં બિયારણો છાંટવાં. ચરાઈબંધીવાળી જમીનમાં ઢોર ન આવે તે માટે વાડ કરી ચોકી રાખવી. તેમાં ચોકી રાખનારને ઘાસ વાઢીને લઈ જવાના નિયમો બનાવવા. વધુ ઘાસ થાય તો ગામના બધા જ પશુપાલકોને ઢોરના પ્રમાણમાં જમીનના પટ્ટા કરી વાઢવા આપી દેવા. મહેસાણા અને ખેડા જિલ્લામાં કેટલાંક ગામોમાં પડતર જમીનમાં સહિયારા ઘાસચારાની ખેતીમાં ઉત્તમ નમૂનાઓ જોવા મળે છે. મહેસાણા જિલ્લાના ચરાડાનું ઘાસચારાનું ફાર્મ જમીનવિહોણા પશુપાલકોને જરૂરિયાત મુજબ ઘાસ વાઢીને વાજબી દરે પૂરું પાડવામાં આવે છે.

**ઘાસનું એક તણખલું જે જમીન પર થતું હોય, ત્યાં બે તણખલાં પેદા કરનાર વ્યક્તિની સમાજસેવા, પશુસેવા અને દેશસેવા, બધા જ રાજકારણીઓની સેવાઓના સરવાળા કરતાં વધારે આંકવી જોઈએ.**
**- જોનાર્થન સ્વિફ્ટ**

(અનુસંધાન સામેના પાને)

# 'મારગ' એટલે ઉન્નત જીવન તરફનો રાહ

સંસ્થાપરિચય

હરગોવન પટેલ

સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના દૂધઈ ગામે "વિચાર વલોણું" કાર્યક્રમ યોજાયેલો. કાર્યક્રમમાં ઝાઝી સંખ્યા માલધારી યુવાનોની હતી. જેમાંથી લગભગ અડધા લોકો એવા હતા કે જેઓ "મારગ"થી અજાણ હતા. કાર્યક્રમની શરૂઆતમાં તમામે પરિચય આપવાનો હતો. વારા મુજબ "મારગ"ના કાર્યકરોએ એક પછી એક પરિચય આપવાનું શરૂ કર્યું. હું ફલાણા ભાઈ/બહેન છું. અને "મારગ" (સંસ્થા)માંથી આવું છું. હું સાંભળતો રહ્યો. શ્રોતાગણના ચહેરાઓના ભાવ વાંચી મને શંકા ગઈ કે કેટલાક લોકોને "મારગ" એટલે શું ? એ ખાસ ખબર પડતી નથી.

મેં મારો પરિચય આપીને મારી શંકાના સમાધાન અર્થે શ્રોતાગણને સવાલ કર્યો કે તમને "મારગ" એટલે શું એની કંઈ ખબર પડી ? એટલે એક આધેડ વયના વડીલે જવાબ આપ્યો. "હા" એ તો તમે પેલા 'મારગ' (રસ્તો) સમો (રીપેર) કરવાવાળા અમે સૌ એકબીજા સામે જોઈ મનમાં હસી પડ્યા. અમને અમારા પરિચયની મર્યાદા છતી થવાનો અહેસાસ થયો. મેં 'મારગ'નો વિગતે પરિચય આપ્યો.

પરિચય આપતાં મે વડીલની વાતને સાથે રાખીને થોડા ફેરફાર સાથે વાત મૂકી. અમે મારગ (રસ્તો) સમો (રીપેર) કરવા વાળા નહીં પણ મારગ (રસ્તો - દિશા) ચીંધવાવાળા છીએ. મારગ એટલે રસ્તો-દિશા. 'મારગ' એટલે ઉન્નત જીવનનો મારગ - ઉન્નત જીવન તરફની દિશા ચીંધતો મારગ - છેલ્લાં બારેક વર્ષથી આ કામ કરી રહ્યા છે. બારેક વર્ષ પહેલાં 'મારગ'ને એક સંસ્થાનું સ્વરૂપ આપી બાળકોના શિક્ષણ માટે કામ કરવાનું શરૂ કર્યું. એમાંય એવા બાળકો કે જેઓનાં માવતર ભટક્તું જીવન ગાળે છે. માલઢોર લઈને કે મજૂરી કરવા આમતેમ ભટક્યા કરે છે. જેના કારણે તેમના બાળકોને અધવચ્ચે જ ભણવાનું છોડી દેવું પડે છે તેવાં બાળકોને વિવિધ રીતે ટેકો કરવાનું કામ કર્યું. અનુભવે શિખવા મળ્યું કે ભટક્તું જીવન જીવતા માલધારીઓ - મજૂરો આજીવિકાની ચિંતામાં એટલા ગળાડૂબ હોય છે કે તેઓને પોતાનાં બાળકોનું શિક્ષણને અગ્રતા આપતા નથી. સમુદાયોને સંગઠિત કરીને ખેતી અને પશુપાલન આધારિત આજીવિકાલક્ષી કામગીરીમાં જોતર્યા. શરૂઆત સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાનાં ગામડાંઓમાં કરી. આજે સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લાના સાયલા, ચોટીલા, પાટડી, ચુડા, રાપર, નખત્રાણા, ખાવડા અને ભૂજ તાલુકાનાં દોઢસોથી વધારે ગામોમાં કામ કરી રહ્યા છીએ. બે સાથીઓથી શરૂ થયેલી સંસ્થામાં આજે પચાસેક જેવા મિત્રો કામ કરી રહી રહ્યા છે.

બારેક વર્ષના અનુભવમાંથી અમે અમારી કામગીરીને ત્રણેક ભાગમાં વહેંચી છે.

(૧) શિક્ષણ,

(૨) આજીવિકા,

(૩) સ્વશાસન

હમણાં જ અમારા સંસ્થાગત કેનેડીયન મિત્ર અશોક કોટવાલ આ પ્રક્રિયાને સમજવા પાટડી તાલુકાના માલધારી ભાઈઓ/બહેનોની મુલાકાત લીધી. અમારી સંસ્થાની દિશા અને લોકોની જરૂરીયાતનો સંબંધને અનુમોદિત કરતાં તેમણે કહ્યું કે, "આ સમુદાય આર્થિક સંકળામણો સાથે જીવતો હોવા છતાં ઉમદા અને ઈમાનદાર છે. આ વારસાઈ ભવ્યતાને જાળવીને તેમના પરંપરાગત ધંધાને ઉપયોગી શિક્ષણ વ્યવસ્થાની ખૂબજ જરૂરીયાત છે." 'મારગ'ના સમુદાય દ્વારા સંચાલિત છાત્રાલયના વિચારને પણ તેમણે આવકાર્યો.

અમારો પ્રયત્ન છે કે માલધારી મહિલાઓને મીઠાનાં કામદાર બનવા મજબૂર થવું ન પડે. ગાયોના ગોવાળોને છકડોના ડ્રાઈવર બનવું ન પડે. રાષ્ટ્રિય સર્વેક્ષણો અને જાત અનુભવો ઉપરથી અમે માનીએ છે કે સ્વાભિમાની જીવન જીવવાની તકો પૂરી પાડવા આજે પણ ભારતનાં ગામડાંઓમાં વિપુલ તકો પડી છે. તમામ ગામો ગોકુળિયા બની શકે છે. જે મત રળવાની રાજનીતિથી નહીં પણ સ્વાર્થવિહિન સહિયારા પ્રયાસથી જ શક્ય છે.

---

(સામેના પાનાનું અનુસંધાન)

ભાવનગર જિલ્લામાં આવેલા સણોસરામાં લોકભારતી ગૌશાળા પાસે ૪૦૦ એકરની વીડી ડુંગરમાં આવેલી છે. તેમાં સંસ્થાના ૧૦૦ જેટલાં પશુઓ ૨૦૦ એકરમાં ચરાવવામાં આવે છે, અને ૨૦૦ એકરમાં ચરાઈબંધી છે. ચરિયાણ અને બંધભાગ વારાફરતી બદલાવતા રહેવા (રોટેશનલ ગ્રેઝીંગ) તેમાંથી દર વર્ષે ૪થી ૫ હજાર મણ સૂકું ઘાસ વાઢવામાં આવે છે. જે વિસ્તારમાં સારું ઘાસ ઓછું અથવા આછું થતું હોય ત્યાં શણિયાર જેવા ઘાસનું બિયારણ છાંટવામાં આવે છે. આ માટે છાણ અને માટી મિશ્રિત નાની ગોળીઓ વાળી તેમાં અંગૂઠાથી ખાડો કરી ઘાસનું બીયારણ ચોડવામાં આવે છે અને વરસાદ પછી આવા બિયારણવાળી ગોળીઓ ગોચરજમીનમાં નાખવામાં આવે છે. અલબત્ત, ઘાસના બિયારણની સ્ફૂરણશક્તિ ઓછી હોય છે, માટે મોટા જથ્થામાં બિયારણની ગોળીઓ નાખવાથી ફાયદો થાય છે. જંગલખાતા દ્વારા સિંહ બચાવો - હરણ બચાવો - અરે ગધેડા બચાવોની જે ઝુંબેશ ચાલે છે, તેના કરતાં અનેક ગણી ઝુંબેશ ઘાસચારા બચાવવા માટે "જીંજવી બચાવો" "ધામણ ઘાસ બચાવો" ઝુંબેશ ગોચર સુધારણા માટે હવે હાથ ધરવી પડશે, તો જ ગોચરજમીનમાં માલધારીઓ ઢોર ફરવા જ નહિ, પરંતુ ચરવા લઈ જઈ શકશે.

# રબારી બહેનોની રુઆબદાર બાની

**લોકવાણી**
**અશ્વિન ચૌહાણ**

મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'અડધી સદીની વાચનયાત્રા' (ભાગ: ૧, પૃષ્ઠ : ૨૧)માં, પ્રદ્યુમ્ન તન્નાનો લેખ "ઈ તો સાંયડી રોપી છે !" શીર્ષકના છાંયડા હેઠળ પ્રકાશિત થયો છે. લેખક પ્રદ્યુમ્ન તન્નાને કચ્છના પ્રવાસમાંથી આ પ્રસંગ જડી આવ્યો છે. તેમણે રબારી જ્ઞાતિના લગ્નની દસ્તાવેજી સામગ્રી ભેગી કરવાના મુખ્ય હેતુ સાથે મીંઢિયાણા ગામની મુલાકાત લીધી હતી. આ ગામમાં મુખ્યત્વે ઢેબરિયા રબારીઓ વસે છે. તેમના આરાધ્ય દેવ કૃષ્ણ છે. આ રબારીઓનાં લગ્નનું વણજોયું મુહૂર્ત એટલે ફક્ત ગોકળ આઠમનો દિવસ. આમ, જન્માષ્ટમીએ ગામમાં ઘણાં બધાં ઘરે લગ્ન લેવાતાં હોય છે.

લેખકને તપાસ કરતાં જાણવા મળ્યું કે આ ગામની નજીક આવેલા ટપર ગામમાં બે જાનોને ઉતારો આપવામાં આવ્યો છે. આથી તેઓ સાતમની બપોરે જ એ ગામમાં પહોંચી ગયા. તેમણે જાનના વડીલો પાસેથી, લગ્નવિધિની તસવીરો લેવાની પરવાનગી પણ મેળવી લીધી. લેખક ખોરડાં અને જાનૈયાઓને નિહાળતાં નિહાળતાં વાસના ચોકમાં આવ્યા. ત્યાં એક ભાભુમા ખાટલા પર બેસીને માળા ફેરવતાં હતાં. ખાટલાની બાજુમાં જ, કાંટાળી વાડની વચ્ચે આછા ભીના પોતમાં વીંટેલો એક રોપો હતો. તેને જોઈને કુતૂહલ થવાથી લેખકે નજીક જઈને એ અંગે પૂછ્યું. એમને આવકારતાં હળવું હાસ્ય વેરીને એ માડીએ કહ્યું : "ઈ તો સાંયડી રોપી છે, ભલા !"

આ સાંભળીને લેખકને ક્ષણવાર તો કશું સમજાયું નહીં, પણ પછી એ સહજ જવાબની ઓળખે, તેમણે અનુભવેલા અવર્ણનીય રોમાંચને શબ્દોમાં ઢાળતા પ્રદ્યુમ્ન તન્ના લખે છે : "... "છાંયડી" રોપી હતી. બસ. લીમડો, વડ-પીપળ કે પછી આંબો-આંબલી, ઝાડના નામનુંય અગત્ય નહોતું ! ને એ વધતાં પહેલાં જ ઘેટાં-બકરાં ચરી ના જાય કે ધખતા ધોમ એને સૂકવી ના દે, માટે ફરતી મેલી હતી કાંટાળી વાડ અને માથે પાતળું ભીનું પોત !

"કોઈ સમરથ કવિનેય ઈર્ષ્યા થઈ આવે એટલો સચોટ ને સભર શબ્દ-વિલાસ હતો એ ! ને અચરજ તો એ વાતનું હતું કે જેને વાંચતાં-લખતાંયે નહોતું આવડતું એવી એક અભણ ગ્રામનારીએ સહજ ઊભર્યા અલંકારની સાથોસાથ આપણી સંસ્કૃતિના એક મૂળભૂત મૂલ્યને પણ દોહરાવ્યું હતું ! છાંયડી એટલે છત્ર-છાયા, આશ્રય અને રક્ષણ. છાંયડી, ભારતના અજોડ ઔદાર્ય અને સહિષ્ણુતાનું પરિમાણ છે. જગતના અનેક શરણાર્થીઓની પેઢાનપેઢી એ ઓથમાં નિર્ભયપણે ફૂલીફાલી છે; વિવિધ ભાષાઓ અને ધર્મની ચિંતનધારાઓ પ્રગટી-પાંગરી છે !"

આજે પણ આ પ્રસંગને યાદ કરતાં લેખક એ જ પ્રથમ વેળાના રોમહર્ષની પ્રતીતિ કરે છે. લેખકને એવી પાકી ખાતરી છે કે, જ્યાં સુધી આપણાં જનગણમનમાં ભાવ-કથનનું આવું સૌષ્ઠવ ભરેલું છે ત્યાં સુધી ગુજરાતી ભાષાના સાતત્યને આંચ નહીં આવે.

લેખક પ્રદ્યુમ્ન તન્નાએ ઉપરોક્ત પ્રસંગમાં જે મીંઢિયાણા ગામનો ઉલ્લેખ કર્યો છે તે ગામે જવાની તક અમને પણ જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે અનાયાસે જ મળી. આ ગામનું સાચું નામ મીંદિયાળા છે. ઢેબરિયા રબારીઓનાં લગ્ન વિશે થોડું જાણવા માટે 'ધી ન્યૂ યોર્ક ટાઇમ્સ'ના કતારલેખક અને અમેરિકાનાં અન્ય રાષ્ટ્રીય સમાચારપત્રોમાં પ્રસંગોપાત લખતા મિત્ર માઇકલ બેનાનાવ સાથે અમે ઓગસ્ટ, ૨૦૦૬માં આ ગામની મુલાકાત લીધી. અમને મળેલી માહિતી મુજબ મીંદિયાળામાં શ્રાવણ વદ આઠમના દિવસે એંશી જેટલાં લગ્ન હતાં. પરણના આવા સામૂહિક શુભ અવસર તાકડે જ ગામમાં એક ડોશીનું મરણ થયું. લગ્નના રંગે રંગાયેલા ગામ પર મૃત્યુની ઘટના શોકનો કાળો કૂચડો તો નહીં ફેરવી દે ને ? એવી આશંકા સાથે અમે આ ગામનાં પૂરીબહેન રબારીને પૂછ્યું. તેમણે અમને હૈયાધારણ આપતાં હોય એમ કહ્યું : "ઈ તો ડોશીમાને ઢાંકી રાખ્યાં છે !"

અમને આ શબ્દપ્રયોગમાં બહુ ખબર પડી નથી એની એમને ખબર પડી ગઈ ! આથી તેમણે અમને આ શબ્દપ્રયોગ વિગતે સમજાવ્યો. તેમના કહેવા મુજબ ગામમાં આટલાં બધાં ઘરે લગ્નનો પ્રસંગ એક માત્ર ગોકળ આઠમના દિવસે જ હોય છે. હવે જો આ જ દિવસે ગામમાં મરણ થાય તો પણ આટલાં બધાં લગ્ન અન્ય કોઈ દિવસે ખસેડવા શક્ય જ નથી. વળી, ઘણાં બધાં ઘરે જાન આવી હોય, ગીતો ગવાતાં હોય, લગ્નવિધિ ચાલતી હોય કે જમણવાર થતો હોય અને કોઈ વ્યક્તિની સ્મશાનયાત્રા નીકળે તો મૃતકના કુટુંબ સહિત ગામ આખાને શરમ અને સંકોચનો અનુભવ કરવો પડે. આ સંજોગોમાં લગ્નનું ટાણું આઘું-પાછું ઠેલવા કરતાં અંતિમયાત્રાનો સમય જ થોડાક કલાકો માટે પાછળ લઈ જવો વધારે હિતાવહ છે. મરણના સમાચાર ગામ આખું જાણતું હોય છતાં, મૃતકના પરિવારજનો પોતાના ઘરમાં મૃત્યુની ઘટના જાણે કે બની જ નથી એવું દર્શાવવા માટે, મૃતદેહને સાડી, ચાદર કે ઓછાડથી ઢાંકી રાખે છે ! આ આખી ઘટનાને એક જ વાક્યમાં ખુલ્લી કરી દેનાર કે ઢાંકી દેનાર પૂરીબહેનની બળૂકી બોલીને બિરદાવવા એકવીસ તોપોની સલામી પણ ઓછી પડે ! મિત્ર માઇકલને સમજાવવા માટે, પૂરીબહેનની આ એક જ લીટીનો અંગ્રેજીમાં અનુવાદ કરતાં છૂટેલો પરસેવો તો જેણે લૂછ્યો હોય એ જ જાણે !

શૈક્ષણિક પરિસંવાદોની ચર્ચાઓમાં અને સરકારી યોજનાઓની જાહેરાતોમાં શુષ્ક રીતે વપરાતો 'સ્ત્રી સશક્તીકરણ' શબ્દ સાંભળી-સાંભળીને અબખો થઈ ગયો હોય એમણે એક કામ કરવું. આ જ મીંદિયાળા ગામનાં કકુબહેન રબારીને મળવું ! તેમને મળીએ તો 'સ્ત્રી સશક્તીકરણ' જેવો શબ્દ અને તેનો અર્થ આપણને પાનીથી માંડીને પાંથી સુધી સમજાઈ જાય ! આધેડ ઉંમરે પણ કડેધડે કદ-કાઠી, ગોરોચટક વાન, લીલાંછમ છૂંદણાં અને કાળાંભમ્મર કપડાં. અણીદાર આંખો, તીખાં નાક-નકશી પણ મીઠી જબાન. એમના આંગણિયે ગયાં તો અમને એવો આવકારો આપ્યો કે મનમાં કવિ 'કાગ'નું ગીત મોર બનીને નાચી ઊઠ્યું ! અમે કકુબહેનના ખોરડાની માલીપા બેઠાં. કકુબહેન એટલે બૂંગિયો અવાજ અને બુલંદ આત્મવિશ્વાસ. એમના અસ્ખલિત વાણીપ્રવાહમાં રૂઢિપ્રયોગો અને રૂપકોનાં હોડકાં તરતાં રહેતાં. મા-બાપ વિશે એમ જ વાત નીકળી. માતા-પિતાનો મહિમા સમજાવતું કકુબહેનનું પહેલું વાક્ય હતું : "મા-બાપ તો જનમનું ઝાડ કહેવાય !"

એક વૃક્ષને જેમ ફળ બેસે છે એ જ રીતે મા-બાપ નામના ઝાડ પર બેસતાં ફળ એટલે એમનાં બાળકો. સંતાનોને જન્મ આપનાર મા-બાપ એક ઝાડની જેમ જ પોતાનાં બાળકોનું કેટલું બધું પોષણ કરે છે ! જીવવિજ્ઞાનની સાથે ભાવવિજ્ઞાનની આ આખી ઘટનાને પોતાની વાતના એક જ વાક્ય દ્વારા જીવંત બનાવનાર કકુબહેનના બોલીબળ આગળ એકાદ વખત લઘુતાગ્રંથિનો અનુભવ કરવા જેવો ખરો !

કચ્છમાં ભચાઉ અને રાપર વચ્ચેનો વિસ્તાર વાગડ નામે ઓળખાય છે. અહીં, રબારીઓની વસ્તી ધરાવતું જેઠાસરી નામનું ગામ છે. એક સમયે જેઠાસરી 'ગાયોનું ગામ' તરીકે જાણીતું હતું. કારણકે આ ગામમાં લગભગ દરેક રબારી કુટુંબ પાસે સો-દોઢસો ગાયો હતી. અહીંનાં રબારી કુટુંબો ઘાસચારાની શોધમાં ધણ સાથે સ્થળાંતર કરીને જીવતરને ટકાવી રાખતાં હતાં. પણ સમયની સાથે સમસ્યાઓના ઘણ વીંઝાવા લાગ્યા અને ધણ સંકોચાવા લાગ્યાં. આજીવિકા માટે ઘણા પશુપાલકો હવે ગાંધીધામ અને અન્ય સ્થળોએ, મીઠાનાં કારખાનાંમાં કે પછી છેવટે છૂટક મજૂરીકામ પણ કરે છે. આમ જોવા જાવ તો પ્રકાર જ બદલાયો, બાકી સ્થળાંતર તો એનું એ જ રહ્યું ! માલધારીઓ માટે કાર્યરત 'મારગ' સંસ્થાનાં સ્થાપક નીતાબહેન પંડ્યાએ આ પરિસ્થિતિનો તાગ મેળવવા આ ગામની બહેનોને પૂછ્યું : "તમે પહેલાં પશુઓ માટે સ્થળાંતર કરતાં હતાં અને હવે મજૂરીકામ માટે સ્થળાંતર કરો છો. આમાં તમને શો ફેર લાગે છે ?" જેઠાસરીની એક રબારી બહેને વીજઝાટકે જવાબ આપતાં કહ્યું : "માલ છે તો માભો છે !"

આજે પણ ગ્રામપ્રદેશમાં કોઈ પશુપાલક માટે છેવટે તો ઢોરઢાંખરની સંખ્યા જ મોભાનો સાચો માપદંડ છે. આ વાસ્તવિકતાને એક જ વાક્યમાં ખૂબીપૂર્વક રજૂ કરનાર એ રબારી બહેનને 'અભણ' કહેનાર વ્યક્તિ ખામી અને મૂર્ખામીથી ભરેલી છે એમ માનવું !

પશુપાલન અને દૂધવિજ્ઞાનનો વિષય ભણાવનાર, 'લોકભારતી' શિક્ષણસંસ્થાના પ્રાધ્યાપક રતિભાઈ પંડ્યા સણોસરા ગામના સરપંચ પણ થયા હતા. આ ગામના એક પશુપાલક તેજાભાઈ રબારીની છાપ માથાભારે માણસ તરીકેની હતી. પરંતુ, રતિભાઈ માટે તેજાભાઈને પૂરતો આદર અને ભારે ભરોસો. તેજાભાઈ કશુંક ખોટું કરે તો રતિભાઈ બહુ ઠપકો આપે. તેજાભાઈ મુશ્કેલીમાં હોય તો રતિભાઈ બેધડક મદદ પણ કરે. એક વખત સહજ વાત નીકળતાં, પંડ્યાભાઈને યાદ કરતાં, તેજાભાઈ રબારીના મોટા દીકરાની વહુએ ઉદ્ગાર કાઢ્યા : "ઈ ભાઈ એટલે અડધી રાતનો હોંકારો !" જેમની પાસેથી સંકટના સમયે, ગમે તે ઘડીએ, નિસંકોચ મદદ માગી શકાય એવા વ્યક્તિત્વના મહત્ત્વને પ્રસ્થાપિત કરતો આ કેવો ચોટદાર શબ્દપ્રયોગ છે !

ઉપમા-અલંકારોને જાણ્યા-ભણ્યા વગર પણ રબારી સ્ત્રીઓ એનો સ્વાભાવિક રીતે જ ઉપયોગ કરીને ભલભલા ભણેલાઓને પણ ભૂ પીવડાવી દેવા સક્ષમ છે. સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના ગરાંભડી ગામનાં જેતુબહેન રબારી પોતાની જમીનમાં છાણિયા ખાતરનો જ ઉપયોગ કરીને ખેતી કરે છે. રાસાયણિક ખાતર પ્રત્યે ભારે સૂગ ધરાવતાં જેતુબહેન બાજરીનો મોલ લહેરાતો હોય એવા એમના ખેતર સામે આંગળી ચીંધીને કહે છે : "મારી જમીનના ટુકડાએ કદી 'સરકારી ખાતર' ચાખ્યું નથી !" કારખાનાંમાં બનતાં યુરિયા અને ડાય એમોનિયમ ફોસ્ફેટ જેવાં અઘરાં નામો ધરાવતાં કૃત્રિમ ખાતરને 'સરકારી ખાતર' જેવી ઉપમા આપનાર જેતુબહેનની શબ્દશક્તિ ઘણી અસરકારી લાગે છે !

આપણે કહેવાતા ભણેલા-ગણેલા, શહેરી અને મધ્યમવર્ગીય માનસિકતા ધરાવતા લોકો પોતાની માતૃભાષામાં પણ સાચા-ખોટા (સાચા ઓછા, ખોટા વધારે !) અંગ્રેજી પ્રયોગો કરતા રહીએ છીએ. અને માતૃભાષાને બગાડવા માટે આપણાથી બનતું બધું કરી છૂટીએ છીએ ! આપણે બોલચાલની ભાષામાંથી કહેવતોનું કાસળ કાઢી નાખ્યું છે અને રૂઢિપ્રયોગોના રામ રમાડી દીધા છે ! સુસ્ત શબ્દપ્રયોગો અને શુષ્ક ઉપમા-અલંકારોથી આપણી રોજબરોજની ભાષા દિનપ્રતિદિન મોળી પડી રહી છે. આની સામે બહુ જ ઓછું કે બિલકુલ ન ભણેલી રબારી બહેનો જોમભર્યા શબ્દપ્રયોગો દ્વારા આપણી માતૃભાષાને કાયમી તાજગી બક્ષી રહી છે. તેઓ પશુઓ અને પ્રકૃતિની વધારે નજીક છે એટલે એમની બોલી સ્વાભાવિક અને સત્ત્વશીલ છે. રબારી બહેનોની રૂઆબદાર બાનીને કાન ભરીને સાંભળવા અને મન ભરીને માણવા માટે, ગોધૂલિનો વખત થઈ જાય એ પહેલાં, એમના સુધી વેળાસર પહોંચી જવાની જરૂર છે.

# માલધારીઓ માટે સરકારી નીતિઓ
# એક કદમ આગે, દસ કદમ પીછે

લાલજી દેસાઈ

દુનિયાના પ્રથમ વ્યવસાય તરીકે જેની ગણના થાય છે તેવો પશુપાલનનો વ્યવસાય અને તેને જાળવનારા માલધારીઓ પોતાના અસ્તિત્વને ટકાવવા આખરી લડાઈ લડતા હોય તેવું ભાસી રહ્યું છે.

આજે જે માલ અને માલધારીઓ સમાજના બાકીના વર્ગને અડચણરૂપ લાગે છે તે ભૂતકાળમાં જે-તે રાજ્ય અને પ્રજા માટે ગૌરવ અને સુખાકારી આપનારાં હતાં. 'ભારતમાં ઘી દૂધની નદીઓ વહેતી હતી' આવી વાત સાંભળીને ઘણીવાર હસવું આવતું, મારા વતનના ગામમાં મોહનભા ભરવાડ અને ઓધારભા રબારી પાસે તેમની યુવાનીમાં પશુપાલન કેવું હતું તેની વાત સાંભળીએ તો પરીકથા જેવું લાગતું. આ બંને ૨૫ વર્ષ પહેલાં મને તેમની વાતો કરતાં કહેતા "મારી મૂંજીનો વેલો આવો તો વળી બીજા કહે મધરનો વેલો તો એનેય પડે તેવો. બાર શેરનું, બોઘણું બદલવું પડતું, દોહતાં દોહતાં બીજું વેતર વિયાતી, વગેરે જેવી અનેક સત્ય ઘટનાઓનું વર્ણન કરતા જે ૮૦ વર્ષથી વધારે જૂની નથી. શરૂઆતમાં આ બધુ મારા માન્યામાં ન આવતું. પરંતુ, છેલ્લાં ત્રણ વર્ષમાં અભ્યાસ અને અનુભવ કર્યો તો ખબર પડી કે આપણી દેશી ગાય-ભેંસમાં ખૂબ શક્યતાઓ રહેલી છે. માત્ર સારી જાતનું ઘાસ ચરવાથી અને પૂરતો ખોરાક મળવાથી દેશી ગાય પણ ટંકે પાંચથી સાત લિટર દૂધ આપે છે. તો પછી ભૂતકાળમાં જ્યારે માલધારીઓને માલ માટે પૂરતું ચરિયાણ, ઉત્તમ ઘાસચારો, પૂરતું પાણી, છાયડો મળતાં હતાં ત્યારે તે વાત સહજ હશે. પશુસંવર્ધન અને પશુમાવજત પણ તેમની કોઠાસૂઝથી એટલી જ જોરદાર રહેતી.

આજે માલધારીઓની અવદશા જોઈએ તો આવા ભૂતકાળને આપણે માત્ર લોકવાર્તામાં ખપાવી દઈએ.

માલધારીઓની અવદશાના મંડાણ અંગ્રેજોના શાસનની શરૂઆતથી થયા. માલ અને માલધારીઓ ઉપર અંગ્રેજો ખાસ કોઈ વેરા લાદી શકે તેમ ન હોઈ તેમણે વધુને વધુ વેરા મેળવવા માટે જમીન અને તેમાંય ખાસ કરીને ખેતી ઉપરના વેરા લેવાનું સરળ હોઈ ખેતીને વધારે પ્રોત્સાહન આપ્યું. પશુપાલન અને પશુઓ દ્વારા થતાં વિવિધ ઉત્પાદનોનું મહત્ત્વ ઘટાડ્યું. ઘી જેવાં ઉત્પાદનો ઉપર વેરા નાખ્યા, ક્યાંક ક્યાંક ચરિયાણો ઉપર પ્રતિબંધો લદાયા. રજવાડામાં મળતી પાણી, ચરિયાણ અને સુરક્ષાની સુવિધાઓ ઘટાડાઈ, પરિણામે માલધારીઓના સ્થળાંતરનો પ્રકાર અને સમયગાળો પણ બદલાયો. ભારત આઝાદ થયા પછી સરકારી નીતિઓ ખેતી અને ઉદ્યોગોને વિકસાવવા માટે બનતી ગઈ. આથી સામુદાયિક જમીન ઉપર નભતા પરંપરાગત માલધારીઓ વધુને વધુ ભીંસાતા ગયા. આપણે આ નીતિઓનો લેખાંજોખાં કરવાની જરૂર છે.

## સૌરાષ્ટ્ર રાજ્ય અને માલધારીઓ

સૌરાષ્ટ્ર રાજ્ય વખતે સ્વ. ઢેબરભાઈની સરકારમાં સ્વ. પુષ્પાબેન મહેતાના ઘનિષ્ટ પ્રયત્નોથી માલધારી માટેની સંવેદના જોવા મળી હતી, તે સરકાર દ્વારા બહાર પડેલા પરિપત્રો ઉપરથી દેખાય છે. તારીખ ૧૧/૧/૫૧ના રોજ ટેવ. ૨-૫૫૭૫ નંબરના પરિપત્રથી ગૌચર જમીન મળવા અને તેને ખેડાણમાં જતી અટકાવવા નિયમો બન્યા. ત્યારબાદ ૧૬/૬/૧૯૫૧ના રોજ ટેવ. ૨-૯૧૯ નંબરના પરિપત્રથી અગાઉના પરિપત્રને મજબૂત કરવા ઉપરાંત, તે માટે નિયમો બનાવી ૧૦૦ ઢોર માટે ૪૦ એકર જમીનથી લઈને બીડની જમીન, ગૌચર જમીન સુધારણા માટે મહેસૂલી અધિકારીઓને જવાબદારી અને સૂચના અપાઈ. તારીખ ૫/૧૦/૧૯૫૩ના રોજ આર.ડી ૬/૧૨-૧૫ ના ઠરાવ મુજબ માલધારીઓને સ્થાયી વસવાટ માટે ગૌચર, બીડ, ખેડાણ, પડતર જમીન આપવાનો પરિપત્ર થયો અને તેમાં સ્પષ્ટતા થઈ કે ખેતી પછી બીજા નંબરે આવતા પશુપાલન વ્યવસાયને મજબૂત કરવા ખાસ નિર્ણયો લઈ, તેના અમલ માટે નિયમો બનાવ્યા.

માલધારીને ઘરખેડ વટહુકમની કલમ - ૫૪ પૂરતા ખેડૂતના વર્ગમાં ગણવા અને તેમને જમીન ખરીદવા દેવી અને અગાઉ જ્યાં વેચાણ રાખેલ છે તે મંજૂર રાખવા. દુધાળા ઢોરદીઠ ૧ વીઘો જમીન ફાળવવી, નેસમાં રહેતા માલધારીઓને જમીન ફાળવવી, ઘેટાં બકરાં માટે ગૌચરની વ્યવસ્થા, માલધારી વસાહત જેવા અનેક નીતિવિષયક નિર્ણયો લઈ માલધારીઓનાં જીવનની ચિંતા સેવાઈ હતી.

પરંતુ, આ બધા પરિપત્રો આજે ભૂતકાળ બની ગયા છે.

## ગુજરાત રાજ્ય, સરકારી નીતિઓ અને માલધારીઓ

મુંબઈ રાજ્યથી ગુજરાતનું છુટ્ટું પડવું અને તેમાં સૌરાષ્ટ્ર-કચ્છનું વિલીનીકરણ થવાથી માલધારીઓને સરકારી નીતિઓની દૃષ્ટિએ બેવડો માર પડ્યો છે.

(૧) ગુજરાત સરકાર દ્વારા તા. ૩૦-૧૨-૧૯૮૮ના રોજ પરિપત્ર ક્રમાંક જમન. ૧૯૮૭/૩૭૦૯૮/૦૧ મુજબ ૧૦૦ ઢોરદીઠ ૪૦ એકર ગૌચર રાખવાનું ઠરાવેલું. જેનો આજે અમલ થતો હોય તેવું ક્યાંય દેખાતું નથી, ઉલટાનું તેનાથી વિપરીત નિર્ણયો લેવાય છે. સરકાર દ્વારા તા. ૨૭/૧/૯૯ના ઠરાવ ક્રમાંક જમન ૩૯૯૯/૨૯/અ મુજબ ગૌચર જમીનોને ઉદ્યોગગૃહોને સિફતથી ફાળવી દેવાનો કારસો રચાયો છે.

(૨) ગૌપાલકોને પુનઃવસન હેઠળ નોંધાયેલી મંડળીઓને જે-તે સમયે જમીનો ફાળવવામાં આવેલી. આજે આ જમીનો હડપ કરવાનું કાવતરું ઘડાયું છે. મંડળીઓને ફડચામાં લઈ જઈ જમીનો સરકાર હેડ નીચે લઈ જવાય છે. ઉપરાંત, જેઓ મૂળ પશુપાલકો નથી તેવા લોકોની મંડળીઓ નોંધાય છે.

તારીખ ૧૪/૧૧/૨૦૦૨ના પત્રથી સંયુક્ત રજિસ્ટ્રાર આ વાતને પુષ્ટી આપતા લખે છે કે, "જે લોકો ગોપાલક નથી તેવી મંડળીઓની નોંધણી જે-તે જિલ્લામાં થયાનું અત્રેની કચેરીમાં રજૂઆત મળેલ નથી. પરંતુ, ગોપાલક (રબારી-ભરવાડ) એક જ કોમના ધોરણે આવી મંડળીઓની નોંધણી હાલના સંજોગોમાં સંભવિત નથી, કારણ કે જે-તે ગામોમાં ગૌચરની જમીનો મોટાભાગે અન્ય ઈસમોને ખાનગી રાહે અથવા ખેતી સામુહિક મંડળી લિ. ના નામે એલોટ (ફાળવણી) કરવામાં આવેલ હોઈ જમીન ઉપલબ્ધ ન હોતાં ગોપાલકો પ્રથમ મંડળી નોંધવામાં અડચણ ઊભી થાય છે. જેના કારણે ગોપાલકો / પશુપાલકોની સભ્યોની મંડળી નોંધાય અને તેને આવી ફાજલ જમીનનો બાની રેવન્યુ ખાતા દ્વારા મળે તે શુભ આશયને ધ્યાને લઈ અન્ય લોકોની પણ ગોપાલક મંડળી નોંધવામાં આવે છે."

**માલ અને માલધારીઓ ઉપર અંગ્રેજો ખાસ કોઈ વેરા લાદી શકે તેમ ન હોઈ તેમણે વધુને વધુ વેરા મેળવવા માટે જમીન અને તેમાંય ખાસ કરીને ખેતી ઉપરના વેરા લેવાનું સરળ હોઈ ખેતીને વધારે પ્રોત્સાહન આપ્યું. પશુપાલન અને પશુઓ દ્વારા થતાં વિવિધ ઉત્પાદનોનું મહત્ત્વ ઘટાડ્યું.**

આવી રીતે ગોપાલકોના હકને અન્યને ફાળવી દેવાના નિર્ણયો પણ થયા છે.

(૩) ખેડે તેની જમીન જેવો ધારો આવવાથી ખેડૂતવર્ગને ખૂબ ફાયદો થયો છે. પરંતુ, ભળતી જમીન આપવાના નિર્ણયથી પડતર જમીનો ઉપર મોટા પાયે દબાણ થયાં અને પછી તેની ઉપર હક્ક દાવા માન્ય રખાતાં ચરિયાણની જમીન ઘટી છે.

(૪) વર્ષો જૂના ફેમિન કોડનો આજે પણ અમલ થાય છે. આથી વિકાસલક્ષી આયોજન અને કુદરતી આફતોમાં મળતી સહાયમાંથી ઘેટાંબકરાં અને ઊંટની બાદબાકી થઈ જાય છે. જોકે આના અનુસંધાનમાં ૨૫/૧૨/૨૦૦૦ના રોજ કાપડ મંત્રાલયના નિયામકના જણાવ્યા મુજબ કૃષિ મંત્રાલયનો પરિપત્ર છે કે ફેમિન કોડમાં ઘેટાંબકરાંનો સમાવેશ થાય છે, પરંતુ આજે પણ આ વાત લક્ષ્યમાં લેવાતી નથી.

(૫) ખેડૂત જ ખેડૂત બની શકે તેવો કાયદો શુભ હેતુ માટે આવેલો પશુપાલન ખેતીનું અવિભાજ્ય અંગ છે. આથી પશુપાલકો પણ સૌરાષ્ટ્ર રાજ્યના પરિપત્ર મુજબ ખેડૂતની વ્યાખ્યામાં આવે છે. પરંતુ ગુજરાત રાજ્યના મહેસૂલ મંત્રી શ્રી કૌશિક પટેલ આ અંગે શ્રી માલજીભાઈ દેસાઈને તેમના પત્રના જવાબમાં નન્નો ભણ્યો છે.

(૬) હરિયાળી ક્રાંતિ એ દેશની જરૂરિયાત હતી માટે તેના ઉપર લક્ષ્ય અપાયું. તેનાથી અન્ય સમુદાય ઉપર પડતી અસર તરફ દુર્લક્ષ સેવવામાં આવ્યું.

- રાસાયણિક ખાતરો આવવાથી સેન્દ્રિય ખાતરોનું મહત્ત્વ ઘટ્યું જેનો માર પડ્યો માલધારીને.
- યંત્રો આવવાથી મજૂરોની મજૂરી અને માલધારીના વાછરડાંનું મહત્ત્વ ઘટ્યું. બંનેને આર્થિક નુકસાન થયું.
- વધુ ઉત્પાદન અને વળતરના મોહમાં શેઢા પાળા તૂટ્યા, રોકડિયા પાકો વવાયા, ઓછા સમયમાં, ઓછી આડ પેદાશવાળા પાકો શોધાયા.
- ચરિયાણમાં સતત ઘટાડો. ચરિયાણ જમીનના આંકડાઓ જોઈએ તો પણ અંદાજ આવશે કે પરંપરાગત પશુપાલન અને પશુપાલકોને કેવી રીતે છેદ ઉડાડવામાં આવ્યો છે.

| પશુદીઠ ઉપલબ્ધ જમીન (હેક્ટરમાં) | ૧૯૫૦-૧૯૫૧ | ૧૯૬૦-૧૯૬૧ | ૧૯૭૦-૧૯૭૧ | ૧૯૮૦-૧૯૮૧ | ૧૯૯૧-૧૯૯૨ | જમીન ઘટાડો (ટકામાં) |
|---|---|---|---|---|---|---|
| ગૌચર | ૦.૦૪ | ૦.૦૮ | ૦.૦૬ | ૦.૦૫ | ૦.૦૫ | |
| અન્ય ચરિયાણ | ૦.૭૮ | ૦.૬૪ | ૦.૫૫ | ૦.૪૮ | ૦.૪૫ | |
| **કુલ** | **૦.૮૨** | **૦.૭૨** | **૦.૬૧** | **૦.૫૩** | **૦.૫૦** | **૬૧** |

આ રીતે સતત ચરિયાણ જમીન ઘટતી ગઈ છે અને સરકારે આ અંગે ખાસ કોઈ પરિપત્રો કે વિશેષ જોગવાઈઓ કરી નથી. પાંચ દાયકામાં પશુદીઠ ચરિયાણમાં ૬૧ ટકાનો ઘટાડો નોંધાયો છે. એજ રીતે કુલ ચરિયાણની જમીનમાં પણ સરકારી આંકડા મુજબ ૧૯૯૨ સુધી ૮.૮૧ ટકાનો ઘટાડો થયો છે. જોકે વાસ્તવમાં આ ઘટાડો ૬૦ ટકાથી પણ વધારે છે.

(૭) શ્વેતક્રાંતિનો શિકાર માલધારી

ડૉ. કુરીયન અને ત્રિભોવનદાસ પટેલના અથાગ પ્રયત્નોથી સફળ થયેલ 'શ્વેતક્રાંતિ' માલધારીઓ માટે અંધકાર સમાન બની રહી છે. ૧ લિટર પાણીની બોટલ કરતાં ૧ લિટર દૂધના ભાવ ઉત્પાદકોને

ઓછા મળે છે. દૂધ સહકારી મંડળીઓ પણ સરવાળે ખેડૂતોના વર્ચસ્વવાળી મંડળી બની છે. તેની રચનાથી લઈ વિકાસનું આયોજન થયું તેમાં માલધારીઓ ક્યાંયના 'ન' રહ્યા. જેની પાસે જમીન હતી તે જ સફળ થયા.

સંવર્ધન, માવજત પણ ધંધાદારી પશુપાલનની તરફેણ કરતાં રહ્યાં. સરકારી યોજનામાં મળતી સહાયને પણ જમીન સાથે જોડી દેવામાં આવતાં માલધારીઓ અહીં પણ તકવંચિત બન્યા.

સદીઓથી દૂધ અને દૂધની બનાવટોમાં માહિર ગણાતી માલધારી મહિલાઓ પોતાનું કૌશલ્ય અને બજાર ઉપરનું નિયંત્રણ ગુમાવી બેઠી. ગામમાં થતા દૂધઉત્પાદનમાંથી માત્ર ઘી અને માવા જેવી પેદાશો બહાર જતી જ્યારે છાસ-દૂધ ગામમાં જ રહેતું જેનાથી માનવી અને પશુ બંનેને પૂરતું પોષણ મળતું જે બંધ થયું.

'વેલ્યુ એડેડ પ્રોડક્ટ' - દૂધમાંથી બનતી બનાવટોના નામે 'મેનેજમેન્ટ ગુરુઓ' મલાઈ ખાય છે. તે મલાઈને માલધારી મહિલાઓએ વર્ષો સુધી ગ્રામીણ સંસ્કૃતિનો ભાગ બનાવી રાખી હતી. આજે સહકારી માળખાના નામે માલધારીઓના દૂધની બનાવટો નહીં પરંતુ માલધારીઓના ધંધા સાથે બનાવટ થાય છે.

**'વેલ્યુ એડેડ પ્રોડક્ટ' - દૂધમાંથી બનતી બનાવટોના નામે 'મેનેજમેન્ટ ગુરુઓ' મલાઈ ખાય છે. તે મલાઈને માલધારી મહિલાઓએ વર્ષો સુધી ગ્રામીણ સંસ્કૃતિનો ભાગ બનાવી રાખી હતી. આજે સહકારી માળખાના નામે માલધારીઓના દૂધની બનાવટો નહીં પરંતુ માલધારીઓના ધંધા સાથે બનાવટ થાય છે.**

(૮) આ બધું જ જાણે ઓછું હોય તેમ છેલ્લા દાયકામાં જમીનોને જે રીતે રસ્તા-કેનાલ, ઉદ્યોગ, શહેરના વિકાસનાં નામે ફાળવવામાં આવે છે તેનું કોઈ વળતર માલધારીઓને મળતું નથી. વિકાસના નામે થતા વિસ્થાપનથી પરેશાન માલધારીઓ શહેરોમાં પણ છેવાડા ઉપર ધકેલાતા જાય છે.

(૯) તારીખ ૨-૯-૨૦૦૩ પરિપત્ર નં. નપલ - ૪૫૯૯ - ૧૨૦ - મ દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા શહેરમાં રખડતાં ઢોરનો ત્રાસ નિવારવાના બહાના હેઠળ માલધારીઓ ઉપર કોરડો વીંઝવામાં આવ્યો. આજે શહેરોમાં રહેતા માલધારીસમુદાય માટે પશુપાલન કરવું લોઢાના ચણા ચાવવા જેવું બન્યું છે.

(૧૦) તા. ૧૭-૫-૨૦૦૫ના રોજના મહેસૂલ વિભાગના પરિપત્ર દ્વારા ઉદ્યોગગૃહોને ૨૦૦૦ એકર જમીન ખેતી માટે ફાળવવાનો ઠરાવ થયો. રહીસહી પડતર જમીન પણ ઉદ્યોગોને પધરાવી દેવાનો ત્રાગડો રચાયો છે.

(૧૧) સ્પેશલ ઈકોનોમિક ઝોન અને બંદરગાહ વિકાસના નામે સામૂહિક જમીનો કંપનીઓને આપી દેવા દરેક સરકાર તલપાપડ બની છે.

(૧૨) માલધારી યુવક-યુવતી દ્વારા પશુચિકિત્સક બની શકે, કારણકે તેમની પાસે વર્ષોનો અનુભવ હોય છે. પરંતુ, અહીં પણ યુનિવર્સિટી દ્વારા ૫ ટકા વધારાના માર્ક ખેડૂતસંતાનોને જ મળે છે.

(૧૩) તા. ૧૬-૫-૨૦૦૧ના રોજ રાજ્ય સરકારે માલધારીઓના કબ્જા, ભોગવટાના વાડાઓ તેમના નામે કરવા પરિપત્ર કરેલો, પરંતુ તા. ૨૭-૩-૨૦૦૨ના રોજ દબાણવશ આ અમલ બંધ થયો છે.

આ સિવાય છેલ્લાં થોડાં વર્ષોમાં જોઈએ તો ખેડૂતોના હિતમાં ૮ કિમીની મર્યાદાવાળો નિયમ જે-તે સરકારે રદ કર્યો જેની અવળી અસર નાના ખેડૂતો અને માલધારીઓ ઉપર થઈ પણ તેની કોને પડી છે ?

સમગ્ર પરિસ્થિતિનું આકલન કરતાં એવું લાગે છે કે આ સમુદાયમાં જેની પાસે સાધનશક્તિ છે તેમણે સમાજ માટે વધારે યોગદાન આપી, સંગઠન શિક્ષણ અને આજિવિકાનાં સાધનો મજબૂત બને તે તરફ ધ્યાન આપવાની જરૂર છે.

અહીં એ નોંધવું આવશ્યક લાગે છે કે સમુદાયમાં જેમની પાસે સાધનશક્તિ છે તેઓ મોટાભાગે પોતાની સાધનશક્તિ અંધશ્રદ્ધા ફેલાવવા સામાજિક ખર્ચાઓ વધારવા કે પછી પોતાના નામની વાહવાહ કરાવવા માટે ખર્ચે છે.

આજે રબારી, ભરવાડ, આયર, ચારણ, જત, મૂતવા બધાયે જ્ઞાતિ, વિસ્તાર, પક્ષ, સંગઠન અને ધર્મના વાડાથી પર રહી માલધારી તરીકે પોતાની ઓળખ ઊભી કરવાની જરૂર છે. આજે જરૂર છે ગુજરાતમાં માલધારીઓના મુદ્દાઓને સમગ્રતામાં જોઈ સંયુક્ત નેતૃત્વ પૂરું પાડે તેવા સહિયારા અને સશક્ત નેતૃત્વની જે માલધારીના હિતમાં નીતિનિર્ધાર કરાવી શકે.

# સંસ્કૃતિસમાપનનાં એંધાણ

નીતા પંડ્યા

દુબળી, કાંઠાળી, મજબૂત ચમકતી શ્યામ કાયા. રૂઢિ પ્રયોગો અને ઉપમા અલંકારથી ભરપૂર એવી પાંચાળની તળપદી તેમની ભાષા. સાઠે કે પહોંચેલા હમીરભાઈને નકરી માલની (પશુ) જ માયા. પચીસેક જેટલી લાલ (ગીર) ગાયુ, પાંચ દીકરા, બે દીકરી અને બે માણસ પોતે આટલી તેમની દુનિયા. જ્યારે મળવાનું થાય ત્યારે કહે 'સંસ્થાવાળા, નોકરિયાતની તે કાંઈ જિંદગી કહેવાય ? ગામેગામ રખડવાનું, લોકો હારે ઘડીકા લેવાના, ખાવા-પીવાનાં ઠેકાણાં નહીં, ઘરનાં માણસો ભેળા રહેવાનું નહીં. આવા રૂપિયા રળીને કરવાનું હું ? તમારા કરતા અમારી જિંદગી ક્યાંય હારી. ભલે દી' આખો માલ વાંહે ફરીએ. (પશુ ચરાવીએ), ટાઢ-તડકા વેઠીએ, પણ હાંજ પડે ઘર આખું ભેળા મળીને ઊના રોટલાનું વાળુ કરીએ, ને ભરાંતે વાતુ કરીએ'. આપણે કોઈ સુધારાની કે બદલાવની વાત કરીએ, તો કહેશે, “અમારે કોઈ સુધારો કરવો નથી, અમારે તો મજો મજો છે. ટૂંકી જમીનમાંથી દાણાનું થઈ રે' છે. દૂધ તો ધરવ (પૂરતું)નું છે. વધનું(વધારાનું) વેચીને જે આવક થાય એનાથી અમારું ગાડું હાલે છે.” એક દિવસ ખેતર પરના કૂવાનાં ગાળમાંથી માટીની ગોળી કાઢીને અંદર સાચવી રાખેલ કલાત્મક ચાંદીનાં (કેટલાક સોનાનાં) ઘરેણાં બતાવ્યાં. વૈવિધ્યપૂર્ણ ઘરેણાંનું વજન દોઢ-બે કિલો જેટલુ હશે. “આ તો અમારી બેક (બેન્ક) છે, મોળા વરહમાં (દુષ્કાળમાં) નાણાભીંહ થાય, તો એકાદ 'ગરાણું' (ઘરેણું) વેચીને છૂટા (રૂપિયા) લઈ આવીએ અને માલને (પશુ) બચાવીએ. માલ, તો અમારે છોરું (સંતાન) બરોબર.”

હમીરભાઈ પરિવારને જ્યારે મળવાનું થાય, ત્યારે સૌ ખુશહાલ અને ભર્યા ભર્યા લાગે.

એમના પડોશમાં રહે પ્રજ્ઞાચક્ષુ કરશન. આ જ ગામનાં રાજાભાઈ રબારીનો ૧૭ વર્ષનો દીકરો. દિવસ ઊગે તે પહેલાં કરશન પોતાની ત્રીસ જેટલી ગાયાને, નજીકના ચરિયાણમાં ચારવા લઈ જાય. હંમેશા સવાલ થાય, કે આંધળો માણસ આટલી બધી ગાયો કેવી રીતે ચરાવી શકે ? કરશન કહે, “આ બધી ગાયુ મને, મારા અવાજને ઓળખે છે. હું એક - એક ગાયને નામ સાથે, ઓળખી શકું છું.” અને ખરેખર ગાય જેવી નજીક આવીને ઊભી રહે, એટલે સ્પર્શ કરતાની સાથે કરશન તેને ઓળખી બતાવે. એટલું જ નહિં તેની ખાસિયતથી પણ કરશન પરિચિત હતો. પશુ સાથેના તાદાત્મ્યે આ માલધારીઓને કદી ખાલીપો લાગવા જ નથી દીધો. આવા લોકોનાં જીવનને નજીકથી માણવાનો મોકો લાંબા સમય સુધી મળ્યો છે.

બે વર્ષ પહેલાં પાંચાળનાં એ ગામડાંઓ તરફ નીકળતાં હમીરભાઈને મળવાનું મન થઈ આવ્યું. સ્થાનિક માલધારીઓને પૂછતાં ખ્યાલ આવ્યો કે હમીરભાઈ તો કુટુંબ સાથે ગામ છોડીને રાજકોટ રહેવા જતા રહ્યા છે. ત્યાં ઈંટોના ભઠ્ઠામાં મજૂરી કરીને રોજી મેળવે છે. શહેરની બહારના ભાગમાં છાપરું વાળીને રહે છે. રાજાભાઈનો કરસન પણ ગામ છોડી ગયો છે, કારણ કે ગાયો કાઢીને ઘરના સભ્યો છકડો લાવ્યા છે.

આ બધી હકીકતને જાણીને અનેક સવાલો મનમાં ઊભા થાય. ક્યાં ગઈ આટલી બધી ગાયો ? જો વેચી દીધી હોય તો ગાયોને છોરું માનતા પશુપાલકોનો જીવ કેમ ચાલ્યો ? શું થયું તેમની પેલી બેન્કનું ? પશુ ચારતી વખતે ગવાતાં ગીતો ક્યાં ગયાં ? પશુપાલનની કુશળતા, જ્ઞાન અને આત્મીયતાને શું કરવાનાં ? હમીરભાઈ જેને વારંવાર 'મજો મજોની જિંદગી' કહેતા હતા તેનુ શું થયું ?

અહીં સવાલો માત્ર હમીરભાઈ કે રજાભાઈનાં કુટુંબ પૂરતાં નથી. આવા અનેક માલધારીપરિવારો ક્યારે, કેમ ગાયબ થતા જાય છે ? તે વ્યાપક સવાલ છે, વધારે ગંભીર એટલા માટે પણ લાગે છે કારણ કે દેશ અને રાજયમાં છેલ્લા ત્રણ દાયકામાં પશુપાલનક્ષેત્રે જબરદસ્ત વિકાસ થયો છે. 'સફેદ ક્રાંતિ'એ દૂધના વેપાર દ્વારા અનેક ગામમાં અજવાળું પાથર્યું, તો પછી આવું જ દૂધઉત્પાદન સદીઓથી કરતા માલધારીઓ “વણદેખાતા” કેમ બન્યા ?!!

આ મનોમંથન દરમિયાન એક ઘટના યાદ આવી. અમે (હું તથા લાલજી) શ્રીલંકાના પ્રવાસે ગયાં હતાં. ત્યાં કામ કરતા કેનેડિયન મિત્રો અમને અંતરિયાળ જંગલમાં વસતા એક સમુદાયને જોવા લઈ ગયા. આ સમુદાયને સ્થાનિક ભાષામાં 'વેદા' તરીકે ઓળખવામાં આવે છે. આ સમુદાય મૂળ જંગલમાં વસતા સ્થાનિક ભીલ જેવો છે. તેઓ જંગલપેદાશ, જડીબુટ્ટીના જાણકાર છે. એક સમયે અનેક ગામો (ચોક્કસ વિસ્તાર)માં રહેતા 'વેદા' આજે અત્યંત ઓછી સંખ્યા (૨૦૦ પરિવાર)માં રહ્યા છે. તેમની પરંપરાગત રહેણીકરણી અને પહેરવેશને લઈ, લોકોનાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. દુનિયાભરમાંથી આવતા પ્રવાસીઓ આ 'વેદા'ને જોવા તેમની સાથે ફોટા પડાવવા જાય છે અને બદલામાં વેદાઓને વળતર ચૂકવે છે. દિવસે દિવસે ઓછા થતા જતા આ સમુદાયનું 'ટુરિઝમ'ની દૃષ્ટિએ મહત્ત્વ વધતુ જોવા મળ્યું.

આ ઘટનાને માલધારીઓ સાથે એટલા માટે જોડવાનું મન થાય છે કે આવતાં અમુક વર્ષ પછી માલધારીની દશા પેલા 'વેદા' જેવી તો નહિં થાય ? આજે આમ પણ સરકારી કે સંસ્થાઓનાં અહેવાલ, કેલેન્ડર કે કોઈ પત્રિકામાં સ્થળાંતરિત માલધારીપરિવારને, અથવા માલધારી દંપતિ કે તેના બાળકને દર્શાવવું વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. આગળ જતાં પ્રવાસીઓમાં આકર્ષણ ઊભું કરવા કૃત્રિમ માલધારી 'નેસ' (ગામ) તૈયાર કરવામાં આવે, તો નવાઈ નહીં. પશુઓની અનુપસ્થિતિ એ માત્ર સમસ્યા કે ચિંતાનો વિષય નથી, એક અદ્‌ભુત માલધારીસંસ્કૃતિ સમાપન તરફ જઈ રહી છે, તેની એંધાણી છે.

# માલધારીઓ, પણ માલ ક્યાં ?

થોડા સમય પહેલાં પ્રશ્ન થતો કે આ વળી માલધારીઓ એટલે કોણ ? પણ અમદાવાદના માલધારીઓને લઈને બની રહેલી ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગની ડોક્યુમેન્ટરી ફિલ્મના ભાગરૂપે કરેલા રિસર્ચ બાદ આ સમુદાય વિશે થોડુ ઘણુ જાણી શકાયું.

નિકુંજ 'માનવ'

માલધારીઓને ભીંતો પર ટીંગાયેલાં સરસ મજાનાં કેલેન્ડરમાં જોતાં, પણ હવે રૂબરૂં મળવાનુ થયુ ! જૂનો ઈતિહાસ તપાસતાં જાણ્યું કે બાદશાહ અહમદશાહે જ્યારે અમદાવાદ વસાવ્યું. ત્યારે શહેરમાં દૂધની માંગને પહોંચી વળવા માટે માલધારીઓને વસાવવામાં આવ્યા હતા. કાળક્રમે ઘણાં માલધારીકુટુંબો રાજસ્થાન, સૌરાષ્ટ્ર અને આસપાસના વિસ્તારોમાંથી ગુજરાત, અમદાવાદમાં આવ્યા અને તેને જ પોતાની ધરતી માની !

આટલું વિશાળ અમદાવાદ જ્યારે નાનકડું અમદાવાદ હતું તે વખતથી માલધારીઓ અહીં વસે છે, પણ ધીરે ધીરે અમદાવાદે આધુનિકતાના વાઘા પહેર્યા અને શહેરીકરણનો ગુણ અપનાવ્યો. આ કારણે આસપાસનાં ગામો સતત અમદાવાદની સરહદમાં સરકતાં ગયાં. હાલની કોંક્રિટની ઈમારતો જે જમીન પર ઊભી છે ત્યાં ક્યારેક હરિયાળું ઘાસ અને મીઠા પાણીનાં તળાવો ભરાયેલાં રહેતાં હતાં. આ હકીકત આજે રણમાં ખીલતા ગુલાબ જેવી બની ચૂકી છે. હવે તો અમદાવાદ સતત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. સામાન્ય પ્રજા માટે માણેકચોકથી આશ્રમરોડની સફર વિકાસ નામની જલેબીની રહી, જેની લહેજત સૌએ માણી, પણ માલધારીપ્રજાને માટે આ વિકાસ લાડવાની માફક, ગોળ મીંડા જેવો ગોળ (શૂન્ય) જ રહ્યો ! આધુનિક અમદાવાદ આસપાસનાં ઘણાં ગામડાંઓને ગળતું રહ્યું છે. હમણા સુધી ગામમાં સુખેથી રહેતા માલધારીઓ અને તેમનાં ઢોરો શહેરની સીમા-રેખામાં રખડતાં, શહેરીજનોને કનડવાં લાગ્યાં. રોજ સવારે ઊઠીને ભલે દરેક ઘરમાંથી સૌપ્રથમ પગ દૂધ લેવા ઉપડે, પણ ઘરની આસપાસ ક્યાંય કોઈ ભરવાડ કે રબારીની ગાયો, ભેંસો હોય તો સૌને ખૂંચે ! શિયાળામાં ગરમ ઊનના કપડા હોંશે હોંશે પહેરાય પણ માલધારીઓનાં ઘેટાં-બકરાં ના સહેવાય ! આથી વખત એવો આવ્યો કે કાં તો માલધારીઓને શહેર છોડીને સ્થળાંતર કરી જવુ પડે કાં તો પછી પશુપાલનનો તેઓનો મૂળભૂત વ્યવસાય છોડી અન્ય વ્યવસાયમાં કરવો પડે !

હાલ અમદાવાદના ઘણા બધા રબારી કે દેસાઈઓને માત્ર અટકથી જ રબારી, ભરવાડ કે દેસાઈ તરીકે ઓળખી શકાય, બાકી પશુપાલન સાથે તેમનો હવે ક્યાંય સંબંધ નથી રહ્યો. હવે તેઓ પણ અમદાવાદના 'હોમોજીનિયસ માસ'ના જ એક ભાગ બની ચૂક્યા છે. ચરિયાણ અને પાણીની વ્યવસ્થા ના રહેતાં માલધારીઓ ધીરે ધીરે પોતાનાં પશુ વેચતાં ગયા અને અન્ય વ્યવસાયમાં જોડાતા ગયા. પશુપાલન છોડીને માલધારી બહેનો, હવે શ્રીમંતોનાં ઘરોમાં ઘરકામે જાય છે, તો ભાઈઓ ચોકીદારી, રીક્ષા-ડ્રાઈવિંગ કે અન્ય ખાનગી નોકરીઓમાં જોડાયા છે. સાથે સાથે બાળમજૂરીનું દૂષણ પણ વધ્યું છે. ચાની કીટલીઓ પર કામ કરતા ઘણા 'ટેણી' આ સમુદાયમાંથી જ આવે છે, તો માની સાથે કામમાં મદદે જતી નાનકડી દીકરી ધીરે ધીરે પોતે પણ કામ કરતી - કમાતી થઈ જાય છે.

સમાન્ય જનતામાં સમજ તથા સંવેદનશીલતાના અભાવે માલધારીઓ તેમના માટે શહેરની નકામી ગંદકી જેવા છે, જેઓ બદલાતા જમાના સાથે તાલ મિલાવવામાં તેમનાથી પાછળ અને પછાત રહી ગયા છે. છાણાં થાપીને તેનો બળતણમાં ઉપયોગ કરવો એ માલધારીઓની આદતી જરૂરિયાત છે, પણ શહેરમાં લગભગ હવે બધી જગ્યાઓએ તેઓ આમ કરી શક્તા નથી, કહે છે ગંદકી થાય છે ને શહેરની સુંદરતા ઘટે છે, પણ શહેરની સુંદરતા જાળવવા શું માલધારીઓ પોતાનો ચૂલો પણ બંધ કરી દે ? ચરિયાણની અલાયદી જમીનના અભાવે માલધારીઓની ગાયો રસ્તાઓ ને ગલીઓમાં ભટકે છે. રસ્તા પર સામાન્ય જનતાના રોષનો ભોગ બિચારી આ મૂંગી ગાયો બને છે. જ્યાં ત્યાં ગમે ત્યાં ફરી ફરીને કોઈની દયાની બે રોટલી ને એઠવાડની સાથે સાથે ઘણા ગ્રામ પ્લાસ્ટિક-કચરો પણ ગાયમાતાના પેટમાં પધરાવે છે. શહેરની સુંદરતા અને સલામત ટ્રાફિકવ્યવસ્થા જાળવવા મ્યુનિસિપાલિટીના ડબ્બાવાળાઓ જ્યારે રસ્તા પરથી ઢોર માર મારીને ગાયને ડબ્બામાં પૂરતા હોય. એ દૃશ્ય ગમે તેવાના દિલમાંથી પણ ચીસ પડાવી જાય તેવું હોય છે. સામાન્ય જનતા માટે તો માત્ર કોઈ ગાય છે જેને પૂરીને લઈ જવામાં આવે છે, પણ એક માલધારી માટે તો એ ગાયએ પોતાનું સંતાન છે, જેને કોઈ ઢોર ત્રાસ ગુજારીને પોતાનાથી દૂર લઈ જઈ રહ્યું છે ! એ જાણવું રસપ્રદ બની જશે કે ગાય વાહનોને નડે છે કે વાહનો ગાયને નડે છે ?

ગુજરાતની વસ્તીમાં ૧૦ ટકાથી પણ વધારે હિસ્સો ધરાવતા આ માલધારીઓની કમનસીબીનું કારણ તેમનું અસંગઠીત હોવું એ છે (અને જે અમુક બાબતોમાં સંગઠન છે એ ખોટા રસ્તાઓ તરફ લઈ જનારું છે.) તેઓ પોતાની મસ્તીમાં જીવવામાં જ માને છે. તેમના પ્રશ્નો અને સમસ્યાઓ સામાન્ય જનતા સુધી પહોંચી શક્તાં નથી, તો બીજી બાજુ સરકાર હંમેશાની જેમ નઠારીને બહેરી બનીને તેમની તરફ બેરૂખી સેવે છે. સરકારની આંખોમાં વિકાસની વ્યાખ્યા એટલે તળાવો, બગીચા, ફુવારા, ઓવર બ્રીજ, આલીશાન બંગલા, બિલ્ડિંગો, ઈન્વેસ્ટમેન્ટ વિગેરે જ છે. વિકાસની વ્યાખ્યામાં સમાજના કચડાયેલા વર્ગો કે આ માલધારીઓના વિકાસની વાત ક્યાંય ફિટ નથી બેસતી, હા, વિકાસમાં અડચણરૂપ એવાં ઘટકોમાં માલધારીઓ અગ્રસ્થાને બિરાજે છે. વિકાસ નામના મધપૂડાની બિલ્ડરો નામની માખીઓના હિતમાં ગમે ત્યારે ગમે ત્યારે, ગમે તે કાયદો ફરી શકે, બની શકે કે જમીનોનો હેતુફેર કરીને ગૌચરની જમીનો પર બાંધકામની મંજૂરી આપી શકાય, આ બધી સાવ સામાન્ય બાબત બની ચુકી છે !

ખેડૂતો માટે આઝાદી બાદ 'ખેડે તેની જમીન'નો કાયદો આવ્યો તો માલધારીઓ માટે 'ચારે તેનું ગૌચર' જેવો નિયમ ના લાવી શકાય ? લાવી તો શકાય, પણ કોને પડી છે ! જો ભારત એક ખેતીપ્રધાન દેશ હોય અને પશુપાલન ખેતીનો જ એક ભાગ હોય તો જેમ ખેડૂતોને પોતાના ખર્ચે જમીન ખરીદી ખેતી કરવાનો હક્ક છે તેમ શું માલધારીઓને ખેતી કરવા જમીન ખરીદવાનો હક ના આપી શકાય? આપી તો શકાય, પણ કોને પડી છે ! જો ઉદ્યોગો માટે ખેડૂતો અને માલધારીઓની જમીનો પર સ્પેશ્યિલ ઈકોનોમીક ઝોન સ્થાપી શકાતા હોય તો શું માલધારીઓની પોતાની જમીન પર તેઓના માલ (ઢોરો) માટે સ્પેશ્યિલ પેસ્ટ્રાલિસ્ટ ઝોન ના બનાવી શકાય ? ભાઈ ! બનાવી તો શકાય... ઓ બેન ! બનાવી તો શકાય... પણ કોને પડી છે !

# ચરિયાણની ભૂમિ : માલધારીઓનો અધિકાર

ગીતા દેસાઈ

રાષ્ટ્રસંઘની મહાસભામાં વૈશ્વિક સ્તરે દરેક મનુષ્ય ભાષા, ધર્મ, જ્ઞાતિ કે જાતિના ભેદભાવ વગર પોતાના અધિકારો ભોગવે તે મુદ્દાને પ્રાધાન્ય આપવામાં આવેલું. ૧૯૪૮માં ભારતે પણ માનવ-અધિકાર ઘોષણાપત્રને બહાલી આપી, ને ત્યારથી દર વર્ષે ૧૦મી ડિસેમ્બરે ભારતમાં માનવ-અધિકાર દિન તરીકે ઉજવાય છે.

માલધારીઓએ પણ માનવ અધિકારના દિવસે પોતાના ચરિયાણના અધિકારના મુદ્દે દિલ્હીમાં જઈ પોતાના અધિકારોની માંગ કરી. લાઈફ નેટવર્ક જે રાષ્ટ્રીય સ્તરે માલધારીઓના પ્રશ્નોના મુદ્દે કામ કરે છે તેના અંતર્ગત કહેવાતા વિકાસમાં માલધારીઓનું સ્થાન કયાં છે અને ચરિયાણભૂમિની બાબતમાં માલધારીઓના હકોનું સતત હનન થઈ રહ્યું છે તેવી રજૂઆતો કરવામાં આવી.

ગુજરાતની વાત કરીએ તો માલધારીસમુદાયની સમસ્યાઓને વાચા આપી શકે તેવા નેતૃત્વની ગુજરાત સરકારમાં હંમેશા કમી રહી છે, જેથી નીતિઘડતરમાં માલધારીઓની ઉપેક્ષા સ્પષ્ટ ઊભરી આવે છે અને મોટાભાગની નીતિઓના હકો માલધારીઓ ભોગવી શકતા નથી. દિવસે ને દિવસે માલધારીઓનાં સ્વમાન, સંસ્કૃતિ અને અધિકારોનું નિકંદન કાઢનાર નીતિઓ અમલમાં આવતી હોવાથી માલધારીઓને મૂડીવાદ, ભ્રષ્ટાચાર, અલગાવવાદ અને પશ્ચિમીકરણના આંધળા અનુકરણનો ભોગ બનવું પડે છે. આવું ન થાય તે હેતુથી ગુજરાત, રાજસ્થાન, હિમાચલપ્રદેશ, ઉત્તરાંચલ, ઓરીસ્સા, કર્ણાટક, ઉત્તરપ્રદેશ અને તામિલનાડુના માલધારીઓ મળ્યા. તેમની સાથે જર્મનીની સંસ્થા LPPSનાં ઇલ્સીબેન અને કેન્યાની WISPના જોનાથન ડેવીસ પણ જોડાયાં.

વર્ષોથી માલધારી સમુદાયે સંઘર્ષભરી જિંદગી જીવીને પણ સમાજને સારી ઓલાદનાં પશુઓ, ફૂદાં, માંસ, ઊન, ખાતર આપવામાં અને પર્યાવરણને સાચવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

પરદેશમાં માલધારીઓને ખેતરમાં પશુઓ રાતવાસા માટે સરકાર ખાતરનાં નાણાં ચૂકવે છે. જ્યારે આપણી સરકારને જાણે પશુપાલન કે પશુપાલકની કંઈ પડી જ નથી એવો અહેસાસ માલધારીઓ કરી રહ્યા છે.

ગુજરાતમાં પશુઓની સંખ્યા જોઈએ તો માત્ર કચ્છમાં જ ૧૯૯૭માં

| ક્રમ | પશુ | સંખ્યા |
|---|---|---|
| ૧. | ગાયો | ૩૭૪૮૩૧ |
| ૨. | ઘેટાં | ૬૧૪૮૩૧ |
| ૩. | બકરાં | ૪૬૭૯૮૮ |
| ૪. | ઊંટ | ૧૭૩૮૧ |

હતાં. પશુઓની સંખ્યા વધતી જતી હોવા છતાં ચરિયાણની જમીનોમાં સતત ઘટાડો નોંધાયો છે.

કચ્છમાં ૧૯૬૦માં ૯૩૪૫૯૭ પશુની સરખામણીએ ૧૯૯૭માં ૧૬૪૨૪૩૯ પશુઓ છે. એટલે કે પશુઓમાં ૭૫.૭૪ ટકા વધારો થયો જ્યારે ગૌચર જમીન ૬૭૬૮૦ હેક્ટરમાંથી ૭૦,૦૦૦ હેક્ટર એટલે કે માત્ર ૩.૪૩ ટકા વધી અને ગુજરાતની વાત કરીએ તો ૮.૮૧ ટકા ચરિયાણવિસ્તાર ઘટયો છે. જેથી માલધારીઓને પશુપાલન માટે સ્થળાંતર કરતા રહેવું પડે છે. પશુપાલન માટે ગુજરાતમાં દિવસે-દિવસે પ્રતિકૂળતાઓ વધતી જાય છે. માલધારીઓના માથે જાણે સમસ્યાઓનો ઢગલો થતો જાય છે. ગૌચર અને પડતર જમીનો ૧) વાઈલ્ડ લાઈફ સેંકચ્યુરી, ૨) નેશનલ પાર્ક, ૩) જોઈન્ટ ફોરેસ્ટ મેનેજમેન્ટ સ્કીમ, ૪) બાયોડીઝલ આપતી વનસ્પતિઓનો કમર્શીયલ ઉછેર, ૫) ઔદ્યોગિક ખેતી અને હવે રહી જતું હોય તેમ સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનને આપવામાં આવે છે.

ગુજરાતમાં ૧૯૫૧થી ૧૯૯૨ સુધીમાં જમીનો અલગ-અલગ હેતુથી ફાળવી દેવાતી જોવા મળી તેની વિગતો જોઈએ તો માલધારીઓને પડતર અને ગૌચરમાં ઘટાડો અને ફોરેસ્ટમાં ખૂબ મોટા વધારોના કારણે હાલાકી વેઠવી પડે છે.

| ક્રમ | વિગત | ૧૯૫૧ (હેક્ટર) | ૧૯૯૨ (હેક્ટર) | ફેરફારો (ટકામાં) |
|---|---|---|---|---|
| ૧. | પડતર | ૪૫,૫૮,૨૦૦ | ૨૬,૦૮,૫૦૦ | -૪૨.૭૭ |
| ૨. | ગૌચર | ૯૧,૬૧,૭૦૦ | ૮૩,૫૪,૨૦૦ | -૮.૮૧ |
| ૩. | જંગલ | ૧૧,૩૮,૫૦૦ | ૧૮,૨૮,૯૦૦ | ૬૦.૬૪ |

ભારતના કહેવાતા ચમકીલા વિકાસમાં અને ગુજરાતના વાઇબ્રન્ટ વિકાસમાં માલધારીઓ જાણે નિચોવાઈ જશે અને નામશેષ થઈ જશે એ ચિંતામાં માલધારીઓ તા. ૮ અને ૯ ડિસેમ્બરના રોજ દિલ્હીમાં એકત્ર થઈ સૌ પ્રથમ ડી-નોટિફાઈડ, નોમેડિક અને સેમિનોમેડિક ટ્રાઈબના નેશનલ પ્લાનિંગ કમિશનના ચેરમેનને પશુપાલકોના ચરિયાણ અધિકારોમાં ફેરફાર લાવવા આવેદનપત્ર આપ્યું અને દેશમાં અલગ અલગ રાજ્યોમાં માલધારીઓની સમસ્યાઓની વિગતે ચર્ચા કરી.

ચેરમેન દ્વારા માહિતી અપાઈ કે તે માલધારીઓ સેમિનોમેડિક ગૃપમાં આવતા હોઈ તેમનાં બાળકોના શિક્ષણ અને આર્થિક વિકાસ થાય તે માટે તેઓ પ્રયત્નશીલ છે અને આવેદનપત્રમાં જણાવાયેલા મુદ્દાઓને ચોક્કસ ધ્યાનમાં લેવાશે તથા લાઈફ દ્વારા આવા પશુપાલકોની ગણતરીની માંગ હશે તો તે પણ સેન્સસ પહેલાં પણ કરી શકાશે તેવું જણાવાયું. વડાપ્રધાન કાર્યાલયમાં આવેદનપત્ર અપાયું અને આવનારી પંચવર્ષીય યોજનાઓની વિચારણામાં આ મુદ્દે ચોક્કસ ધ્યાન રખાશે એવી ચર્ચા થઈ. જી. કે. પ્રસાદ, ડિરેક્ટર જનરલ ઓફ ફોરેસ્ટને પણ આવેદનપત્ર અપાયું. તેમણે જણાવ્યું કે ફોરેસ્ટની જમીનોમાં સુપ્રિમ કોર્ટના કહ્યા પ્રમાણે વધારો થતો જોવા મળે છે. તેમણે સ્વીકાર્યું કે ભારતમાં ઘણી જગ્યાએ જંગલના નામે અસમાજિક તત્ત્વો - રાજકારણીઓ અને અધિકારીઓ દ્વારા ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે.

બીજે દિવસે પર્યાવરણ અને જંગલના મંત્રી મિ. રાજા સાથે પણ સમસ્યાઓની ચર્ચા થઈ અને તેમને પણ આવેદનપત્ર આપ્યું. ત્યારબાદ સંસદસભ્ય કિશોર ચંદ્ર કે જે જોઈન્ટ પાર્લામેન્ટના ફોરેસ્ટ બિલની કમિટીના ચેરમેન છે તેમને પણ આવેદનપત્ર આપ્યું અને પ્રશ્નોની ચર્ચા કરી.

૧૦મી ડિસેમ્બર માનવ અધિકારના દિવસે ચર્ચાસભા યોજાઈ. જંગલ અને સામૂહિક સંપદાની વ્યવસ્થા વિભાગમાં કામ કરતાં

(અનુસંધાન પાન ૧૪ ઉપર)

# સરકારની ખોટી નીતિઓ સામે રાજકીય અસ્તિત્વ મજબૂત કરવાની હાકલ

અહેવાલ
લાલજી દેસાઈ

ભાવનગર જિલ્લાના બોટાદ તાલુકાના પાળિયાદ મુકામે યોજાયેલા માલધારી સંમેલનમાં જુદા જ સંદર્ભે જવાનું થયું. સામાન્ય રીતે માલધારીઓનાં સંમેલન ધાર્મિક, રાજકીય કે સમાજ સુધારા માટે થતાં હોય છે. પરંતુ, માલધારીઓના હક્ક, અસ્મિતા માટેનાં સંમેલન ખૂબ ઓછાં જોવાં મળે છે. છેલ્લાં થોડાં વર્ષોથી 'મારગ', 'પડકાર', 'જન જાગરણ', 'સમજ' અને 'માનવ કલ્યાણ ટ્રસ્ટ' દ્વારા માલધારી સમાજના સવાલોને લઈને આવાં સંમેલનો તાલુકાથી લઈને રાજ્યસ્તરે થયાં છે.

છેલ્લાં પાંચેક વર્ષમાં જમીન-ચરિયાણ તેમજ રાજકીય લડાઈમાં માલધારીઓની હત્યાનું પ્રમાણ વધી રહ્યું છે. હત્યા કરનારાને રાજકીય પીઠબળ પણ હોય છે. સામાજિક, આર્થિક અને રાજકીય રીતે હાંસિયામાં ધકાલાયેલા સમાજના શોષિતોને ન્યાય અપાવવામાં કોઈને રસ ન હોય તે સમજી શકાય તેમ છે, પરંતુ પાંચાળ, ગોહીલવાડ અને ઝાલાવાડને આવી પીછેહઠ મંજૂર નથી તેવું લાગ્યું.

પાળિયાદના અગ્રણી માલધારીકાર્યકર ઉકડભાઈ બલ્યાનું ખૂન સ્થાનિક અદાવતના નામે કરી નખાયું. ૨૮મા દિવસે તેમના ખૂનીઓની ધરપકડ કરવાની પોલીસતંત્રે તસ્દી ન લીધી. સાક્ષીઓના સજ્જડ પુરાવા હોવા છતાં કોઈ તેમને છાવરી રહ્યું હોય તેવું લાગતાં માલધારીસમાજે રાજકીય દબાણ ઊભું કર્યું, ત્યારે તેમના ખૂનીઓની ધરપકડ થઈ, જોકે ખૂન કરાવનારા મોટાં માથાં સુધી તપાસ પહોંચી હોય તેવું હજુ જણાતું નથી. ઉકડભાઈ જેવા સમર્થ આગેવાનનું આ રીતે કાસળ કાઢી નાખવામાં આવે ત્યારે ચોક્કસ ચિંતાઓ ઉદ્ભવે કે આ રીતે હત્યા કેમ થાય છે ? કોણ કરાવે છે ?

બોટાદ-પાળિયાદના આગેવાનો, 'પડકાર' (માલધારી મંચ)ના કાર્યકરો પ્રવીણભાઈ અને હાજાભાઈ તેમજ રાજકીય આગેવાનોએ આ મુદ્દે એક થઈ સમાજના સક્રિય લોકોને પાળિયાદ મુકામે ભેગા કરી સામાજિક એક્તા અને તાકાતના પ્રદર્શનની જોરદાર તૈયારી કરી.

આવા સંમેલન માટે માલધારી આગેવાનોની સાથે સાથે રાજકીય આગેવાનોને મળવાનું થયું. તેમણે સંમેલનના સ્વરૂપને બદલીને શ્રદ્ધાંજલી સભા ગોઠવવા કહ્યું. મને આશ્ચર્ય થયું ! જોકે અંતે શ્રદ્ધાંજલી સભાની તારીખ ૯/૯/૨૦૦૬ના રોજ નક્કી થઈ. ધારણાથી પણ વધુ (૬૫૦૦) લોકો સભામાં આવ્યા. સ્વખર્ચે આવનાર સૌ કોઈ માલધારીઓને વિશ્વાસ હતો કે આજે અહીં આપણા હક્કનું રણશિંગું ફૂંકાશે.

આ સભામાં રાજકીય આગેવાનોમાં ઉર્જા અને નાણામંત્રી સૌરભ પટેલ, ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ, ભાવનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મેહુરભાઈ લવતુકા, સંતો મહંતોમાં, શ્રી દુધરેજ જગ્યાના મહંતશ્રી કણીયમજી, દુધઈ જગ્યાના મહંતશ્રી રામબાલકદાસજી, મેસરિયા મહંતશ્રી બંસીદાસજી, 'મારગ' સંસ્થાના નિયામક લાલજી દેસાઈ, 'ગોપાલબંધુ'ના ગોવિંદભાઈ રબારી, 'રબારીમહિમા'ના વિરાભાઈ કોડિયાતર હાજર રહ્યા હતા.

આ સભા અસ્તિત્વની લડાઈ સમાન હતી. આથી આ સભામાં સમાજ સામે ઊભા થયેલા ખતરા અને તેનાં કારણોને તપાસવાં જોઈએ. શિક્ષણ, સંગઠન અને આજીવિકાના ત્રિપાંખિયા વ્યૂહ વિના આ સમાજ ઘસાઈ જશે. જળ, જમીન, જંગલ અને જાનવરના સંતુલન સાથે કુદરતી જીવન જીવતો માલધારીસમાજ ખોટી સરકારી નીતિઓનો ભોગ બની રહ્યો છે. આવી નીતિઓ સામે એક થઈ લડત લડીને પોતાનું રાજકીય અસ્તિત્વ મજબૂત કરવા ઉપર ભાર આપવા માટે આ લખનારે ખરા દિલથી હાકલ કરી, લોકોએ જબરદસ્ત પ્રતિસાદ આપ્યો. સંતો-મહંતોએ સમાજની એક્તા અને આવનાર ખતરાઓ સામે જાગૃત થવા ઉપર ભાર આપ્યો. ગોવિંદભાઈ રબારી અને વિરાભાઈ કોડિયાતરે એક્તા અને અખંડીતતા સામે એક થઈ લડવાની વાત કરી.

ખાટલે મોટી ખોડ સમાન રાજકીય આગેવાનોએ ખૂબ ગોળ ગોળ તેમજ અન્ય સમાજ તેમની વિરુદ્ધ ન જાય તેવી ભાષાનો ઉપયોગ કરી સમાજને અન્યાય સામે લડવાની વાત બાજુ ઉપર મૂકી તેમના થકી થયેલા વિકાસનાં કાર્યોની વાત કરી. સામાજિક અન્યાય સામે લડવામાં હંમેશા પીછેહઠ કરતા રાજકીય આગેવાનોને અહીં પણ મતનું રાજકારણ દેખાય છે.

સંમેલનના અંતે નાના ગૃપમાં સ્થાનિક આગેવાનો સાથે બેઠક થઈ. તેમાં ઉકડભાઈ બલ્યાની યાદમાં શાળા, ચાર રસ્તા ઉપર ચોક, રસ્તો વગેરે હોય તો સારું અને આવું કરવા માટે સ્થાનિક રાજકીય આગેવાનોએ સભામાં પણ ખાતરી ઉચ્ચારી હતી. આશ્રમ શાળાઓ માંગવા સામે વાંધો ન હોય, પરંતુ આજની આશ્રમશાળાઓ નામ ખરાબ કરવાથી વિશેષ કશું નથી તેવી લાગણી વ્યક્ત કરાઈ.

બીજો ઠરાવ હવે પછી માલધારીઓને આ રીતે દબાવવાનો કે શોષણનો પ્રયત્ન થાય તો એ માટે એક થઈ લડવાનો લેવાયો.

કમનસીબે આ સંમેલનમાં એક પણ મહિલા ન હતી.

---

(પાન ૧૩નું અનુસંધાન)

મધુબેન માલધારીઓની ચરિયાણની સમસ્યા અને માલધારી- સંસ્કૃતિના નાશની ચર્ચા કરી. નોમેડિક અને સેમિ નોમેડિક ગૃપના પ્લાનિંગ કમિશનના સભ્ય છે. ડૉ. સ્વયમે નેશનલ કમિશનની ભૂમિકાની વાત કહી અને દેશમાં ૧૫ કરોડ સેમિ નોમેડીકની વાત કરી. ગઢ્ઢી-હિમાચલના પશુપાલકોનું રિસર્ચ કરનાર ડૉ. મિનૌતી ચક્રવર્તીએ માલધારીઓના જમીનના હકોની ચર્ચા કરી.

ત્યારબાદ જોનાથને દેશમાં માલધારીઓએ પોતાની સમસ્યાઓના ઉકેલ માટે સંગઠિત થઈને ચરિયાણજમીન પર હક ભોગવવાની સાથેસાથે પર્યાવરણીય સુરક્ષા સાચવવાનો અનુરોધ કર્યો.

માલધારીઓએ ચર્ચાસભામાં સરકારી વિભાગોના અધિકારીઓનાં આશ્વાસન વચનો અને પોતાના અવાજને કેન્દ્ર સરકાર સુધી પહોંચાડવા બદલ જાણે હાશકારો અનુભવ્યો અને ફેબ્રુઆરી ૨૦૦૭માં લાઈફ નેટવર્કની મીટિંગનું આયોજન થયું અને દરેક રાજ્ય કેવી રીતે નેટવર્કમાં જોડાય તેનું આયોજન પણ થયું.

પોતાના અધિકારોની અનુભૂતિ કરે અને તેમના હકથી વંચિત ન રહી જાય તે માટેની તક મેળવવા માટે માલધારીઓ પણ અલગઅલગ વિસ્તારોમાં રાજકીય ક્ષેત્રે નિર્ણાયક ભૂમિકામાં આવવા મથી રહ્યા છે.

# સરકારી નીતિનાં બે ધોરણો : માલધારીને ઠીંગો, માલદારને હાથ

આલોચના
હરગોવન પટેલ

જમીન અને જંગલનું જતન કરી જાનવરને જીવાડીને જીવતો 'જન' એટલે 'માલધારી'. વગડા પ્રત્યે વહાલ અને પ્રાણીઓ પ્રત્યેના પ્રેમથી વિશેષ એને કાંઈ જ ન ખપે. કોઠાસૂઝની સમૃદ્ધિનો તો જાણે ખજાનો. જાહેર જીવનથી અલિપ્ત પણ વગડાની વ્હારે જીવન ગુજારતો માલધારી આઝાદી પહેલાં સમૃદ્ધ અને સુખી દેખાતો.

આઝાદીનાં સાઠેક વર્ષે સ્થિતિ બદલાઈ છે. પોતાનાં ઢોરની આંખમાં આંખ પરોવી વાત કરી લેતા માલધારીને જાહેરજીવનની ભાષામાં ખબર જ ન પડી. જંગલમાં પ્રાણીઓના શારીરિક હલનચલનથી હુમલાની ટકોર સમજી જતા માલધારીને રાજકીય કાવાદાવાઓ પોતાના અસ્તિત્વ ઉપર ઘા કરશે એવી સમજ જ ન પડી. સાઠેક વર્ષમાં તો પોતાનું અસ્તિત્વ ટકાવવા કાજે કામ બદલ્યું, રહેઠાણ બદલ્યું, વતન બદલ્યું, પહેરવેશ બદલ્યાં, અને હવે તો પિછાન પણ બદલી... મહિયારીઓ મીઠાની કામદાર બની, ગાયના રક્ષક ગોવાળો શહેરોમાં ચોકીદાર બન્યા. ભેંસોને ધમારતો રબારી કે ભરવાડ છકડાનો કે ટ્રકનો ડ્રાઈવર બન્યો. દૂધ અને દહીં વેચતી ગોવાલણ શહેરમાં આવી વાસણ સાફ કરનારી કામવાળી બની.

માલધારી નામથી આપણને ખબર પડે છે કે માલધારીનું જીવન 'માલ' (ઢોર) ઉપર આધારિત છે અને ઢોર જમીન ઉપર નભે છે. વગડામાં જીવતો માલધારી જાહેર જીવનથી હંમેશાં અળગો રહ્યો છે. એને તો એક જ વાત સમજાય કે ગૌચરો, પડતર ખરાબા, નદી, નાળાં, તળાવ, કોતરો, શેઢા, પાળા ઉપર માલઢોરને ચરવાનો, રખડવાનો, સર્વસ્વીકૃત હક છે. તેના ઉપર કોઈ કબજો કરી ન શકે. એટલે જ તો માલધારીઓ પોતાના નામે જમીન કરવા તરફ ક્યારેય ધ્યાન આપ્યું નહીં કે ન તો ક્યારેય સમજવાનો પ્રયત્ન કર્યો કે લાંબે ગાળે આપણી આજીવિકાના સ્રોત ઝૂંટવાઈ જશે.

સમય બદલાયો, ભૌતિકવાદે માઝા મૂકી. જરૂરિયાતો બદલાઈ અને પરિણામે નીતિઓ બદલાઈ. નીતિની દૂરંદેશી અસરોને સમજનાર કહેવાતા ભદ્ર સમાજમાંથી નીતિના ઘડવૈયાનું પ્રભુત્વ હટ્યું. બન્યું એવું કે જેની લાઠી(અક્કલ) એની ભેંસ. ભૌતિક સામ્રાજ્યવાદ સ્થાપવા માટે સૌથી અનિવાર્ય અને પ્રાથમિક જરૂરિયાત 'જમીન' રહી છે અને રહેશે. આખરે સૌની નજર જમીન ઉપર આવીને અટકી. કેટલાક નીતિઘડવૈયાઓએ સાચા અર્થમાં વંચિતોની વાણોતર બની જમીનો વંચિત સમુદાયને મળે તેવા કાયદાઓ બનાવ્યા. પણ અમલકર્તામાં પણ એ જ ભદ્ર સમાજ હતો. તેથી રોજ ઊઠીને “શું શું ખાવું ?” ની ચિંતા હોય તેને “શું ખાવું ?” ની ચિંતા કરનારની શી પડી હોય ? પચીસ-ત્રીસ વર્ષ સુધી વંચિતોને - માલધારીઓને જમીન નામે કરી આપવાની અને જમીનવિહોણાને જમીન ફાળવવાની કોઈ કાર્યવાહી થઈ નહીં. એટલું જ નહીં ગુજરાતના કેટલાક વિસ્તારોમાં જેને થોડી ઘણી પણ જમીન ફાળવી હતી તેમાં મૂળ ખેડૂતો નહીં હોવાનું બહાનું કરીને તેમની પાસેથી જમીન પડાવી લેવાનું સરકાર ષડયંત્ર રચી રહી છે.

પડતર જમીનો ઉપર અનેક માલધારીઓ - વંચિતો - જમીનવિહોણાઓ, માલઢોર ચરાવીને, લાકડું ભેગું કરીને, કોલસા પાડીને, ગુંદર વીણીને, ટોપલા ટોપલી બનાવીને અને આવા કેટલાય નાના નાના હુન્નરો વિકસાવીને બે ટંકનું પેટિયું રળે છે, જેમાં સરકારને વિકાસ દેખાતો નથી. છેલ્લાં ત્રીસેક વર્ષમાં સરકારોએ કાયદાઓનું અમલીકરણ નહીં કરાવીને કે નવા કાયદાઓ ઘડીને અમીરોને જમીન આપી દેવાની પેરવી કરી છે. હવે સવાલ એ થાય કે કઈ જમીનો અપાશે ? જે જમીનો પડતર છે, ગૌચરની છે, બિનખેડાણવાળી છે, કોઈના નામે નથી, જેનો હક સરકારનો છે, તેવી જમીનો નાણાંના જોરે પૈસાવાળા અને વગવાળા સક્ષમ ખેડૂતો અને મોટી મોટી કંપનીઓને હજારો એકરના પટ્ટામાં નામ પૂરતા ભાડાની રકમ સાથે આપી દેવાશે. પૈસાનું જોર પણ કેટલું ? વર્ષોથી ગરીબોએ કરેલી અરજી પર કાંઈ અમલ ન થયો અને પૈસાદારોએ કરેલી અરજીનો અબ ઘડી ઉકેલ થાય. વિવિધ સ્તરે સરકાર સામે વિરોધ થયો. કોઈકની વાંધા અરજીને ધ્યાનમાં રાખીને હાલ પૂરતી તો જમીનોની લ્હાણી અટકી છે.

આપણે અહીં એ સમજવું છે કે જેને સરકાર બિનઉપજાઉ, પડતર, ખરાબો કહીને અમીરોને જમીન આપી દેવાની વાત કરે છે તે અપાઈ જાય તો શું વીતે આ માલધારીઓ, જમીન-વિહોણા ઉપર? શું સરકારને પ્રશ્ન નહીં થતા હોય કે...

- પાંચ કરોડ જનતાની ગણતરીમાં આ વંચિતોની યાદી છે કે કેમ ?
- ક્યાં જશે પશુઓ ?
- ક્યાં જશે માલધારીઓ, મજૂરો, જમીનવિહોણાઓ કે જેમનું જીવન આ જમીન આધારિત છે ?
- માલધારીઓનાં ઢોરને ચરવાનાં ગૌચર, ચરિયાણો નહીં રહે તો ભેલાણના અતિ વિકટ પ્રશ્નો સર્જાશે. શું થશે નાના ખેડૂતોનું ?
- ખેડૂતો અને માલધારીઓ વચ્ચે ઝગડાઓના જવાબદાર કોણ હશે ?
- હજારો-લાખો પરિવારોની આજીવિકા આ જમીન ઉપર નિર્ભર છે તેવા વંચિતો માટે કઈ વૈકલ્પિક વ્યવસ્થા કરી છે ?
- ત્રાજવાંના નિયમ મુજબ ઉમેરણ તો હલકા પલ્લામાં જ મુકાય ?

આંખ મીચીને એક ક્ષણ વિચાર તો કરજો કે આવું થાય તો શું થાય માલધારીઓનું ?

**'વલોણું' દર મહિને બહાર પડશે. પશુપાલકોને લગતા લેખ અને સમાચાર આવકાર્ય છે. અંક વિશે આપના પ્રતિભાવો જણાવશો.**

# ઓખામંડળનો ભોપો પણ ભૂપતરાય બની શકે

સોમાભાઈ રબારી

ઓખામંડળમાં ઘેટાં-બકરાં લઈને ગામેગામ રખડતો ભટકતા માલધારી સમાજની સમસ્યાઓ અને પ્રશ્નોનો ઉકેલ ક્યારેય આવ્યો નહિ. આ માલધારી સમાજ સરકારની યોજનાઓથી પણ વંચિત રહ્યો છે. આ સમાજે ઘણી વખત પોતાની સમસ્યાઓ અને પ્રશ્નો સરકારશ્રીને રજૂઆત કરી પણ ક્યારેય સરકારે આ માલધારી સમાજ સામે જોયું નહીં પણ જ્યારે રાજનેતાઓને મતની જરૂર પડી એટલે આ સમાજને ખોટા ખોટા વચનો આપીને મત મેળવી લે છે પણ ચૂંટણી જીતીને આ સમાજને ભૂલી જાય છે. તેના પ્રશ્નોના નિરાકરણ માટે ક્યારેય વિચાર કરતા નથી.

ચોમાસાના ચાર મહિના ઓખામંડળમાં આ સમાજ રહે છે. પણ એના ઘેટાં-બકરાં રાખવા જેટલી પણ તેની પાસે જમીન નથી, સમાજ ઘણા લોકોનાં નામ રૅશનકાર્ડની અંદર પણ નથી. ભારતનો નાગરિક છે તેવી કોઈપણ ઓળખાણ નથી અને જ્યારે તાલુકા પંચાયત કે કોઈપણ સરકારી કચેરીમાં આ માલધારી સમાજની વ્યક્તિ જાય તો તેને કેટલાય ધક્કા ખવરાવવામાં આવે અને અંગૂઠા છાપ સમજીને ત્યાંના અધિકારીઓ જવાબ જ આપતા નથી. આ ગરીબ અને લાચાર સમાજના લોકોના જે રૅશનકાર્ડ બી.પી.એલ. હતા તેને એ.પી.એલ. કરી નાખ્યા. તો શું આ યોગ્ય છે? જેની પાસે રહેવા ઘર નથી, જમીન નથી એનો શા માટે ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબમાં સમાવેશ થાય નહિ. આ માલધારી સમાજ પાસે પોતાના પશુ સિવાય કોઈ નથી. આ સમાજ બે ટંક દૂધ વહેંચીને પોતાનો નિભાવ કરે છે. આજ સુધી આ સમાજને બીજા સમાજ દ્વારા અને સરકાર દ્વારા અન્યાય જ થયો છે. આ માલધારી સમાજના પશુઓમાં રોગચાળો આવવાથી પોતાનો જેની પર નિભાવ હતો તે પણ પશુઓ મરી ગયા અને સરકાર પાસેથી સહાય માંગવામાં આવી તો સરકારે ક્યારેય આ માલધારી સમાજ તરફ જોયું નથી.

ઓખામંડળમાં આ માલધારી સમાજની બીજા સમાજ દ્વારા ઠેકડી કરવામાં આવે છે આ ભોપા છે. આનાથી કાંઈ થાય નહિ અને દુકાનદારો, હોટલવાળા વગેરે આ સમાજને અભણ ગણે છે. આ સમાજમાં કુરિવાજો, શોષણ અને અન્ય દૂષણો ઘર કરી ગયાં છે. આ બધામાંથી બહાર આવે તો જ આ સમાજમાં વિકાસનો ચીલો ચીતરી શકાય. આ સમાજમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. કેમ કે આ સમાજનું એકે છાત્રાલય નથી કે જેમાં પોતાનાં બાળકોને શિક્ષણ માટે મૂકીને તેઓ વ્યવસાય માટે જઈ શકે. બહાર ભણવા માટે મૂકી શકાય તે માટેની આર્થિક પરિસ્થિતિ નબળી છે અને ખોટી માન્યતા અને અંધશ્રદ્ધાના કારણે અભ્યાસ માટે તેઓ બીજા છાત્રાલયમાં મૂક્તા પણ નથી. આવી તો ઘણી સમસ્યાઓ આ સમાજની છે, પણ તે ઉકેલાઈ નથી.

પણ હવે આ સમાજે જાગૃત થવું પડશે. શિક્ષણની ઝુંબેશ ઉપાડવી પડશે, મોટી ઉંમરના માને છે કે અમારા બાપ-દાદાએ ભણ્યા વગર આમને આમ જિંદગી કાઢી નાખી અને અમે ભોપા છીએ, ભોપો નિશાળે ભણવા જાય નહીં. આવી ખોટી માન્યતા ઘર કરી ગઈ છે અને આવી માન્યતા અને અંધશ્રદ્ધાના કારણે આ સમાજ પછાત રહ્યો છે. આવી સમસ્યાના કારણે પોતાનો પરંપરાગત વ્યવસાય છોડીને તેઓ શહેરોમાં દોટ મૂકવા લાગ્યા છે. કૃષ્ણ ભગવાનની ભૂમિ પર વસતા આ ગોવાળો શા માટે અવિકસિત હોઈ શકે? અન્યાય અને દૂષણો સામે લડવા આ સમાજે જાગૃત થવું પડશે અને ગામે ગામે માલધારી સમાજના શિક્ષણની જ્યોત પ્રગટાવી પડશે આપણે ભલે ભોપા છીએ પણ ભોપાં ઘણુ કરી શકે, એ કરી બતાવવું પડશે. ઓખા મંડળનો ભોપો પણ આગળ વધી શકે. ભૂપતરાય બની શકે. આ કરવા માટે આ સમાજે એક તાંતણે બંધાવું પડશે.

# 'જુઓ, રબારીનાં છોરાં નિશાળે જાય'

રાપરથી ૪૨ કિ.મી. દૂર આવેલું ગામ એટલે રાસાજી ગઢડા. આ ગામથી છૂટી પડીને લગભગ ૧ કિ.મી. દૂર રબારીઓની વાંઢ બનેલી છે. વાંઢમાં પચાસેક રબારીઓનાં કુટુંબ વસે છે. વાંઢમાં બનેલી બાળપંચાયતનાં સરપંચ હીરાબેન ૧૨ વર્ષનાં છે તથા શિક્ષણમંત્રી છોટાભાઈ ૧૧ વર્ષના છે. હીરાબેનને ભણતરનો ભારે શોખ. હંમેશાં તેમના મોઢે ભણવાની, શાળાની કે શિક્ષકની જ વાત હોય. પરંતુ, રબારીઓ માટે સમાજમાં જુદી જ છાપ છે. માલધારીસમાજ શિક્ષણક્ષેત્રે ખૂબ જ પાછળ છે. એનાં બે કારણો હોઈ શકે. એક તો એ કે મુખ્ય વ્યવસાય પશુપાલન હોવાથી આજીવિકા માટે, અને પશુઓના ચારા માટે સ્થળાંતર કરવું પડે છે. જેથી સ્થાયી રહી શિક્ષણ મેળવવું સ્વાભાવિક રીતે મુશ્કેલ પડે અને બીજું પેઢી દર પેઢી પરંપરાગત વ્યવસાય સંભાળતા લોકો શિક્ષણને સીધું નોકરી સાથે જોડે છે અને કહે છે કે માલધારીઓને ભણી-ગણી ક્યાં નોકરી કરવી છે ? ઢોર જ ચરાવવાં છે ને ?

આ માન્યતાને બદલવા પ્રયત્ન કરી રહી છે આ ગામની બાળપંચાયત અને તેમને ઉત્સાહ પૂરો પાડ્યો ગામના મશરૂભાઈ, કારાભાઈ, હેમરાજભાઈ, જેમલભાઈ અને પરબતભાઈએ. બાળકોના વાલીઓને શિક્ષણના મુદ્દે સંવેદનશીલ કરવાનું કામ કર્યું આ યુવાનોએ અને સાથે શિક્ષણને લગતી ગામની વિગતો મેળવવાનું કામ આદર્યું. હીરાબેન અને છોટાભાઈએ ગામમાંથી શાળામાં પ્રવેશવા લાયક બાળકોનીયાદી બનાવી, અને શાળા છોડી ગયેલાં બાળકોની યાદી બનાવી. આ બધાં બાળકોનો શાળામાં દાખલો કરાવ્યો અને બધાંને સાથે રાખીને નિયમિત શાળાએ જતાં કર્યાં. રબારીઓનાં બાળકો આટલી મોટી સંખ્યામાં શાળાએ જાય એ ઘટના જોવાલાયક દૃશ્યની જેમ ગામલોકો ફાટી આંખે જોતા જ રહ્યા. બધાનાં મોઢે એક જ વાક્ય હતું, 'જુઓ રબારીઓનાં છોરાં નિશાળે જાય.'

- *મારગ*, રાપર

**(આલેખન : તેજલ પંચાસરા)**

# માલધારીઓનાં સપનાં અને સમસ્યાઓ

બિમલ રબારી

આધુનિક વિશ્વ એક નાનું ઘર બની રહ્યું છે. આધુનિક સંચાર માધ્યમોથી માણસ બીજા માણસની નજીક આવ્યો છે. સામાજિક ગતિશીલતા વધી છે. સમાજ વિકાસ તરફ આગળ વધી રહ્યો છે અને માલધારીઓ પણ વિશ્વનું એક અવિભાજ્ય અંગ છે, તો સ્વાભાવિક છે કે એમની આંખોમાં પણ કંઈ કેટલાંય શમણાં આકાર પામી રહ્યાં હોય. સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી જોઈએ તો માલધારી જ નહીં પણ સમગ્ર ભારતીય સમાજ સંક્રાતિકાળની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યો છે અને હાલ જે ભારતીય સમાજ સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે એ સંક્રાંતિકાળની સમસ્યાઓ છે. પણ અહીં આપણે માલધારીઓના અનુસંધાનમાં અને માલધારીઓને વિશેષરૂપે સ્પર્શતી સમસ્યાઓનો વિચારવિમર્શ કરવો રહ્યો. ઉપરોક્ત મુદ્દાની છણાવટ એટલા માટે કરવી રહી કે આપણી સમસ્યાઓ ભલે અલગ રહી, પણ આપણે વિકાસ કરવો હોય તો રાષ્ટ્રના મૂળભૂત પ્રવાહથી અલગ રહી નહીં કરી શકીએ. આ એક સત્ય છે જેની અવગણના કરી શકાય નહીં.

માલધારીઓને આજે ભણવું છે, આગળ વધવું છે, વરસોની રઝળપાટથી છૂટવું છે. ડૉક્ટર, ઈજનેર બની સપનાંને સાકાર કરવાં છે. ખૂણેખાંચરે આ ફળીભૂત પણ થઈ રહ્યું છે, પણ સામે નગ્ન સત્ય એ પણ છે કે કાબેલિયત હોવા છતાં પરિસ્થિતિ સંજોગોના હિસાબે ઘણા યુવાનો આ સપનાથી વંચિત રહેવા પામે છે.

કંઈક અંશે ક્યાંક આપણાં સપનાં સાકાર થયાં હોય એમ આપણને ઉપલક દૃષ્ટિએ જોવા મળે છે. શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું છે, એ હકીકત છે. સમગ્ર સમાજની વસ્તીની દૃષ્ટિએ જોઈએ તો આ આંકડા ઊડીને આંખે વળગે એટલા સારા તો નથી જ. ક્યાંક કશાકની ઊંડે ઊંડે ખોટ સાલે છે. આ ખોટ પુરવાનું સપનું માલધારીઓની આંખોમાં રમતું થાય તો કદાચ એ આવનારા દિવસોમાં હકીકતમાં પરીણમે. એ માટે જરૂરી છે કે આપણે ભોગવવી પડતી. સમસ્યાઓના મૂળમાં શું છે ? એને મૂલવી વિશ્લેષણ કરવામાં આવે અને જવાબદાર પરિબળોને સામે લાવવામાં આવે તો જ સમસ્યાઓને નિવારવાનો યોગ્ય ઉકેલ મળી રહે. આ માટેની પૂર્વભૂમિકા માલધારીઓએ પોતે બાંધવાની છે, કારણ કે "પરિસ્થિતિની જેવી વ્યાખ્યા આપીએ એવું જ પરિણામ આવે છે." રાષ્ટ્રમાં થયેલી હરિયાળી ક્રાંતિ અને શ્વેતક્રાંતિનો કોઈ વિશેષ લાભ આપણે મેળવી શક્યા ન હોવાથી આપણી સમસ્યાઓ પ્રત્યે જાગૃત થવું એજ આખરી ઉપાય છે. આપણી સમસ્યાઓને ભૌગોલિક અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં જોઈશું તો તેને વધારે યોગ્ય રીતે સમજી શકીશું.

કોઈ પણ સામાજિક સમુદાયના વિકાસ માટે જો મહત્ત્વનું કોઈ પરિબળ હોય તો તે સ્થિરતા છે. સમુદાયનો વિકાસ એના સ્થિર રહેણાક ઉપર ઘણો બધો આધાર રાખે છે. માલધારીઓ સ્થળાંતરિત અને ભટકતું જીવન હાલ પણ ગુજારે છે. પરિણામે અનેકવિધ સમસ્યાઓના ભોગ આપણે બન્યા... સમાજ નિરિક્ષર રહેવા પામ્યો. આધુનિક યુગમાં સમાજના વિકાસ માટે શિક્ષણ પહેલું દ્વાર છે. શિક્ષણનો અર્થ રોજગાર મેળવવા પૂરતો નથી પણ એક સમજણ વિકસાવવાનો છે. સામુદાયિક વિકાસ માટે સ્થરતા (વસવાટની) જરૂરી છે અને એ માટેના પ્રયત્નો વધારે વેગીલા બને તે માટે માલધારીઓ પણ એમાં સહભાગી બને એવી અપેક્ષા અસ્થાને નથી. કારણ કે પરિસ્થિતિ જ્યારે પણ બદલાય સામે સમસ્યાઓ આવે જ છે. સ્વરૂપ ભલે જુદું હોય પણ આપણે એની સામે લડવાની તૈયારી અગમ દૃષ્ટિથી રાખવી જ રહી.

સમયાંતરે માલધારીઓ સ્થિર થયા પણ ત્યારે ભારતીય સમાજમાં ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા પુરજોશમાં ચાલી રહી હતી. ભારત વિકાસના માર્ગે હરણફાળ ભરી રહ્યું હતું. આધુનિકીકરણ, ઔદ્યોગિકીકરણના પરિણામે શહેરીકરણ પણ થઈ રહ્યું હતું : સામે ગામડું હરિતક્રાંતિના બીજારોપણ કરી રહ્યું હતું. આધુનિક સાધનો ટ્રેક્ટર, ટ્યુબવૅલ, અન્ય યાંત્રિક સાધનો, હાઈબ્રીડ બિયારણો, સિંચાઈ યોજનાઓને પગલે પિયત જમીનનું પ્રમાણ ઘટ્યું. કિસાન ત્રણ સિઝન લેતો થયો. લાંબો સમય પડતર રહેતાં ખેતરો ખેડાઈ જવાં લાગ્યાં, ત્યારે માલધારીઓ માટે પશુપાલન અભિશાપ બની રહ્યું અને પરિણામે આપણે શ્વેતક્રાંતિના મીઠાં ફળ ચાખી શક્યાં નહીં. ગ્રામીણ ક્ષેત્ર પશુપાલક માટે પાયાની સમસ્યા બન્યાં સામે પક્ષે અન્ય વ્યવસાયોમાં જોડાવા નિરક્ષરતા આડે આવી. માલધારીઓનું જીવન દોહ્યલું બન્યું પશુપાલનનો વ્યવસાય મરવાના વાંકે જીવી રહ્યો હોય એવી પરિસ્થિતિ પેદા થઈ. ભેલાણના કેસોના ભોગ અવારનવાર બનવું પડ્યું જે આર્થિક અને આંતર-સામુદાયિક સંબંધોની વચ્ચે પણ અડચણરૂપ બન્યા વિના રહી શક્યા નથી.

વાત રહી ગોચરની જમીનની, તો ઘણી જગ્યાએ તો ગોચરની જમીન પર દબાણ થવાના કે હડપ કરવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે, પણ અહીં યક્ષપ્રશ્ન એ ઊઠે છે કે ગોચરની કેટલી જમીન સપાટ છે. નોંધપાત્ર કિસ્સામાં ઉબડ-ખાબડ કે ખરાબાની જમીન ગોચર રૂપે બક્ષવામાં આવી છે. જેને સમથળ કરવાની જવાબદારી કોઈ પંચાયતે નિભાવી નથી. ક્યાંક આપણે અન્યાયનો ભોગ બન્યા છીએ. આ તમામ પાયાની સમસ્યાઓ છે. જે સમાજના નોંધપાત્ર સંખ્યાના લોકોને અસર પહોંચાડી. પરિણામે માલધારીની મીટ મંડાણી શહેરભણી માલધારીઓ શહેરમાં આવ્યા ખરા પણ સમસ્યાઓ નવીન પરિસ્થિતિમાં નવીન સ્વરૂપે સામે આવી કારણ કે અહીં પશુપાલન કરવું એટલું સહેલું ન હતું. ઢોરઢાંખર હતાં પણ એમને નિભાવવાં

બાંધવાં યોગ્ય જગ્યાનો અભાવ હતો. બીજી તરફ શહેરો દિનપ્રતિદિન વિસ્તરતાં રહ્યાં. વસ્તીની ગીચતા, વધતા જતા ટ્રાફિક વચ્ચે રખડતાં ઢોરોની સમસ્યા પેદા થઈ. હાઈકોર્ટ સુધી રજૂઆતો થઈ અને હાઈકોર્ટના હુકમથી આપણે વાકેફ છીએ અને સાથે સાથે મ્યુનિસિપલ કોર્પોરેશનનો ડબ્બો તો આપણે કેમ વિસરી શકીએ ? બીજી એક સમસ્યા પણ અવગણી શકાય નહીં. શ્વેતક્રાંતિના પરિણામે ગ્રામીણ ખેડૂતોના પૂરક વ્યવસાય તરીકે આંખે ઊડીને વળગે એવો વિકાસ પશુપાલનનો થયો. શ્વેતક્રાંતિની ચરમસીમાએ, સહકારી મંડળીઓના દૂધના પૅકિંગ અને દૂધની બનાવટોએ શહેરી બજારને પકડી પાડ્યું. માલધારીઓના દૂધના ધંધાને શહેરોમાં મોટો ફટકો પડ્યો. ત્રસ્ત અને ભાંગી ગયેલા ભોળા માણસના પગ ક્યાંક અવળે રસ્તે ફંટાયાના કિસ્સા પણ બન્યા. શહેરની સામાન્ય પ્રજાને પણ માલધારી જાણે-અજાણ્યે કઠવા લાગ્યો. અહીં નોંધવા જેવી બાબત એ છે કે આપણે આપણી એક એવી કલાને ગુમાવી જે વિશ્વના ફલક પર આપણી ઓળખ બનીને બેઠી છે. આપણે આ કલાને રોજગારમાં રૂપાંતરિત કરી શક્યા નહીં. કારણો-પરિબળોનું વિશ્લેષણ કરવું રહ્યું. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં કદાચ હજી વધારે માઠું થયું નથી. બજારમાં હજી આપણા રબારીભરતની માંગ છે. "વાણીયાની દીકરીને રબારી ભરત ગૂંથતી મેં નજરે જોયી છે." આપણે ક્યાં થાપ ખાધી ઈશ્વર જાણે !

માત્ર શિક્ષણ સમાજને વિકાસનો રાહ ના બતાવી શકે, સાચી દિશાની સમજણ પણ જરૂરી છે. માલધારીઓનાં સપનાંને સાકાર કરવાનો યોગ્ય રાહ મળી રહે તે સારુ "રબારી"માંથી 'રાહબરી' બનવું પડશે, નહીંતર આપણે સમાજના મૂળ પ્રવાહમાંથી અલગ થઈ જઈશું એ ભયસ્થાનને નકારી શકાય નહીં.

આ તમામ સમસ્યાઓ વચ્ચે પણ માલધારીની વિકાસગાથા ચાલું રહી પણ સમાજમાં નિરક્ષરતા નોંધપાત્ર સંખ્યામાં રહેવા પામી. ભૌગોલિક - સામાજિક કારણોએ આમાં અગત્યનો ભાગ ભજવ્યો અને લોકો શિક્ષણ લેવા સ્કૂલ સુધી જઈ શક્યા. એમાં પણ અધવચ્ચે ભણતર છોડી દેનારાં માલધારી બાળકોની સંખ્યા બહોળી છે. સ્ત્રીશિક્ષણનું પ્રમાણ તો નહિવત્ કહી શકાય. આધુનિક યુગમાં સ્ત્રીકેળવણી સિવાય સામાજિક ઉત્થાનની ગાથા લખી શકાય નહીં અને માલધારીઓ પણ એ ક્ષેત્રે જાગૃત બને કે કન્યાકેળવણીની અવહેલના હવે પોષાય તેમ નથી, નહીંતર આપણો વિકાસ રૂંધાઈ જશે / રૂંધાઈ રહ્યો છે. નિરક્ષરતા અનેક સમસ્યાઓની જન્મદાત્રી છે એ વાતથી મોટા ભાગના માલધારીઓ અજાણ નથી. અહીં યાદ આવે છે ઈશ્વર પેટલીકરનું એક વિધાન, "ઊંઘતાને જગાડવો સહેલો છે. જાગતાને જગાડવો સહેલો નથી. જે સમાજ પછાત હોવા છતાં પોતાના ભૂતકાળના વારસા પ્રત્યે ગર્વ લે, ત્યાં સામાજિક સુધારણાનું કામ કરવું અસાધારણ શક્તિ માગી લે છે." સમગ્ર ભારતીય સમાજના અનુસંધાનમાં ટાંકેલું આ વિધાન માલધારીઓના પરિપ્રેક્ષ્યમાં પણ લઈ શકાય, એમ છે. કારણ કે કેટલીક સમસ્યાઓ આપણે જાણ્યે - અજાણ્યે સર્જી હો તો એ તરફ પણ દૃષ્ટિપાત કરવો રહ્યો. ક્યારેક આપણાં મનોવલણો, પૂર્વગ્રહો તો આપણી આડે નથી આવતાને ? આપણા વિકાસને રૂંધતા તો નથી ને ? અને આ માટે આપણે 'લોક જેવા'ની માનસિકતા બદલવી પડશે ? આપણો શિક્ષિત યુવાન પણ આ પૂર્વગ્રહથી પીડાય છે એ મારી અંગત માન્યતા છે.

સમાજને વિકાસની વાટે આગળ વધારવા માટે બળ અને સુદૃઢ નેતૃત્વની પણ જરૂર છે. કદાચ સદીઓથી માલધારીઓને એ સાંપડ્યું નથી. ક્યાંક પ્રયત્નો થયા છે તો એકલા પડી જવાનો અહેસાસ થયો હશે. અહીં માત્ર રાજકીય નેતૃત્વની વાત નથી. સામાજિક અને ધાર્મિક નેતૃત્વની પણ વિકાસમાં અગત્યની ભૂમિકા હોવી ઘટે. ધાર્મિક નેતૃત્વ વધારે અસરકારક સાબિત થઈ શકે તેમ છે. સામાજિક નેતૃત્વ અહીં કોના હાથમાં હોવું જોઈએ એ આપણે પોતે વિચારવાનું છે અને હું માનું છું ત્યાં સુધી માલધારી યુવાનો આ બાબતને ના સમજી શકે એટલા નાસમજ નથી કે ગમાર પણ નથી. પણ ક્યારેક મને સમજાતું નથી કે આગવી કોઠાસૂઝ ધરાવતી જાતિ ક્યાં થાપ ખાય છે ? સમાજને સબળ નેતૃત્વ પૂરું પાડવા શિક્ષિત - સમજું યુવાનોએ આગળ આવવું જ પડશે. માત્ર શિક્ષણ સમાજને વિકાસનો રાહ ના બતાવી શકે, સાચી દિશાની સમજણ પણ જરૂરી છે. માલધારીઓનાં સપનાંને સાકાર કરવાનો યોગ્ય રાહ મળી રહે તે સારુ "રબારી"માંથી 'રાહબરી' બનવું પડશે, નહીંતર આપણે સમાજના મૂળ પ્રવાહમાંથી અલગ થઈ જઈશું એ ભયસ્થાનને નકારી શકાય નહીં.

માલધારી સમાજ અનેક સમસ્યાઓથી ઘેરાયેલો છે અને આ ઘેરાયેલી આંખોમાં ક્યારેક આપણાં સોનવરણાં સપનાં આપણને ભારરૂપ-બોજારૂપ લાગે છે અને આ ભારને ઊંચકીને આપણે વિકાસપથે ચાલવાનું છે. વિકાસની હજી કેટલીય કેડીઓ કંડારવાની બાકી છે. સમાજનો વિકાસ આપણા હાથમાં છે. કારણ કે સમાજના હાથ-પગ આપણે છીએ. આ સમસ્યાઓ પ્રત્યે જાગ્રત થવાનો સમય પાકી ગયો છે.

# ‘કૉમની માયા’ કે મજબૂરી

નીતા પંડ્યા

વર્ષો પહેલાં ગીરના જંગલમાં સાવજની પાછળ ડાંગ લઇ દોડતી માલધારી - બાળાને જોઇને કવિશ્રી મેઘાણીએ ‘ચૌદ વરસની ચારણ કન્યા’ પર અદ્‌ભુત કાવ્યની રચના કરી. વીરરસથી છલકતા આ કાવ્યને માણતાં, આપણા માનસ પર એક મજબૂત, મક્કમ, બહાદુરને ખમીરવંતી (માલધારી) કન્યાની છાપ ઊભી થાય છે.

માલધારી કન્યાઓ આજે પણ દોડતી જોવા મળે છે. આપણાં શહેરનાં ઉચ્ચ ! મધ્યમ વર્ગના વિસ્તારોમાં, વહેલી સવારથી મોડી રાત સુધી વારંવાર. પરંતુ, શા કારણે ? શહેરનાં મધ્યમ અને ઉચ્ચ ગણાતા પરિવારોમાં તથા દુકાનોમાં સફાઇકામ માટે. આઠથી પંદર વર્ષ સુધીની કોઇ ચેતના, મમતા, ભગવતી, અંબા કે સુરેખા વાસણ ઘસવાનાં, કપડા ધોવાનાં અને કચરા-પોતા કરવાનાં કામો કરે છે. આ કન્યાઓ બહાદુર પણ છે અને મજબૂર પણ, મજબૂરી પોતાનાં અસ્તિત્વને ટકાવવાં, પૂરતી નહિં પરંતુ પરિવારને પોષવા સુધીની છે. અમદાવાદ શહેરના વસ્ત્રાપુર, મેમનગર, જોધપુર, બોડકદેવ, સેટેલાઇટ જેવા વિસ્તારોમાં “બાળાઓની મજૂરી” બે-ત્રણ પ્રકારે જોવા મળે છે.

(૧) માતાની સાથે ઘરકામમાં મદદમાં જતી દીકરીઓ, (૨) નિશ્ચિત ઘર / દુકાનમાં બે (સમવયસ્યક)નાં જૂથમાં કામે જતી બહેનપણીઓ, (૩) સ્વતંત્ર રીતે ઘરકામ કરતી કન્યાઓ

ગામડેથી શહેરમાં વસવાટ પામેલા માલધારીપરિવારોમાં આવકનો બહુ મોટો હિસ્સો આ બાળાઓની મજૂરી દ્વારા આવે છે. કોઇ કુટુંબમાં નાના ભાઇને ભણાવવા, તો ક્યાંક બીમાર પિતાની સારવાર માટે, તો ક્યાંક વળી વિધવા માતાને ટેકો કરવા દીકરીઓને રળવા જવું પડે છે.

નવ વર્ષની મમતા બે ચોપડી ગામડેથી ભણીને વેજલપુરમાં કુટુંબ સાથે રહેવા આવી છે. માતાને ઘરકામે જવાનું હોવાથી મમતા પર નાની ત્રણ બહેનોને સાચવવાની જવાબદારી આવી છે. ધીરે ધીરે માતા સાથે ઘરકામે જતા આજે સ્વતંત્ર રીતે (બે બહેનો) કામે લાગી ગઇ છે. સુરેખાએ પોતાના નાના ભાઇને ભણાવવા માટે ઘરકામે જવાનું નક્કી કર્યું ત્યારે પોતે ધોરણ સાતનો અભ્યાસ છોડવો પડ્યો હતો. આવી અનેક દીકરીઓ ભણતર છોડીને ઘરકામે લાગી છે. એમને ખબર નથી કે પોતે ભણવાનો અધિકાર ગુમાવી રહી છે.

શહેરી સમાજને સમજવા મથતી આઠથી પંદર વર્ષની છોકરીઓ, બેથી લઇ સાત ઠેકાણે કામ માટે દોડાદોડ કરે છે. આને ‘બાળમજૂરી’ કહેવાય તેવું તે જાણતી નથી. ઘણોખરો સમય ટી.વી. અને ‘કીટ્ટી’ને આપનાર ઉચ્ચ/મધ્યમ વર્ગની ‘શેઠાણીઓ’ મહિને રૂપિયા ૨૦૦-૩૦૦ અને એકાદી જૂની વસ્તુ આપીને કેટલુંય કામ ઢસડાવતી હોય છે. આને ‘શોષણ’ કહેવાય તે આ કન્યાની જાણ બહાર છે.

(અમદાવાદનાં મધ્યમ વર્ગના વિસ્તારમાં એક કામના મહિને રૂપિયા બસો, પુખ્ત વ્યક્તિને ચૂકવાય છે, જ્યારે બંગલાવિસ્તારમાં રૂપિયા અઢીસોથી ત્રણસો સુધી, જ્યારે નાની બાળાઓ પાસે લગભગ અડધી કિંમતે કામ કરાવવામાં આવે છે.)

નાના ભાઇને સાથે લઇ મોડી રાત્રે ફ્લેટનાં પગથિયે, (જેનું કામ કરે છે તે કુટુંબના દરેક સભ્યો ભોજન લઇ લે તેની રાહ જોતી, થાક-ઊંઘથી જોકા ખાતી બાળાઓ માલિકોએ આપેલા સમયે પહોંચી ન શકે, તો તો આવી જ બને !!! તોછડાઇભર્યા શબ્દોથી સ્વાગતની તૈયારી રાખવી પડે.

આર્થિક ઉપાર્જન માટે આત્મસન્માન ગુમાવવાની પરિસ્થિતિ કઇ રીતે ઊભી થઇ તે સમજવા જેવું છે.

સદીઓથી કુદરતી, પરંતુ ભવ્ય, સ્વાવલંબી જીવન જીવતો માલધારીસમાજ સ્ત્રી-પ્રધાન હતો. આર્થિક-સામાજિક વ્યવહારમાં મહિલાઓની આગવી ભૂમિકા હતી. પશુપાલનમાં કુશળ માલધારી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ શરૂઆતથી જ ઓછુ રહ્યું, છતાં તેઓ અજ્ઞાન કે અસમર્થ ન હતી. દૂધના વહીવટ ઉપરાંત ભરત-ગૂંથણ જેવા હુન્નરને જાણનાર આ સ્ત્રીઓ આર્થિક રીતે પરાવલંબી ન હતી. ખુમારીભર્યા જીવનને જીવતી હતી.

પરંપરાગત પશુપાલનમાં આવેલી પડતી એ (જેનાં વિવિધ કારણોમાં ઊંડા નથી ઉતરતા) માલધારીઓને શહેર તરફનું પ્રયાણ શરૂ કરાવ્યું. અહીં ઓછાં પશુથી પૂરક આવક મેળવતા અલ્પશિક્ષિત માલધારીઓ માટે વૈકલ્પિક વ્યવસાયની તકો મર્યાદિત બની. આવા સમયે પુરુષો માટે શહેરનાં બંગલા, દુકાનની સુરક્ષાનાં કામ અને સ્ત્રીઓ માટે છૂટક ઘરકામ આવક માટેનાં મહત્ત્વનાં સ્રોત બન્યાં. આ બંને પ્રકારનાં કામમાં સતત આર્થિક અનિશ્ચિતતા રહેતા, કુટુંબના વધુમાં વધુ સભ્યોએ રોજગારી મેળવી આર્થિક જોખમ હળવુ કરવું પડે તેવી સ્થિતિ આવી, જેમાં ઘરકામ માટે માતાની સાથે જતી દીકરીઓ સહજ કામમાં જોડાઇ ગઇ. પછી તો એવી પરિસ્થિતિ આવતી ગઇ કે દીકરીઓને પોતાના અધિકારને સમજવાનો સમય ન રહ્યો.

કોઇપણ સમાજ વિકાસ પામ્યો ત્યારે ગણાય છે જ્યારે તે સમાજની બાળાઓને શિક્ષણ, સ્વાસ્થ્ય અને સલામતી મળે છે. આ માલધારીબાળાઓ ઉપરોક્ત દરેક બાબતથી વંચિત રહે છે. અહીં માત્ર મા-બાપને જવાબદાર ગણવા યોગ્ય નથી, જ્યારે તેઓ ખુદ એક સ્થિતિનો ભોગ બની ગયા હોય. પરંતુ, આના ઉકેલ જરૂર છે.

એક તો ટૂંકાગાળાની આવકનો વિચાર ન કરતાં, આ બાળાઓને (કદી કામવાળી બનવુ જ ન પડે તે માટે) શિક્ષણ અંગે પ્રોત્સાહિત કરવી રહી.

બીજું મોટી ઉંમરની જે બહેનો કામ માટે જાય છે, તે સંગઠિત બની, પોતે જે કામ માટે જાય છે ત્યાં પૂરતી આવક મેળવે અને અધિકાર માટે અવાજ ઉઠાવે.

અલ્પશિક્ષિત અથવા અશિક્ષિત યુવાનો 'Skill base' તાલીમ લઇ આર્થિક ઉપાર્જનનું કામ કરે.

સુરક્ષાને લગતાં કે અન્ય અસંગઠિત કામોમાં જોડાયેલા પુરુષો, સંગઠિત બની, પોતાનાં કામની ગુણવત્તાની સામે પૂરતું વળતર મેળવે.

આ ઉપરાંત, પશુપાલનના ધંધાને ટકાવવા માટેના ઉપાયો છે, પરંતુ તે લાંબાગાળાના છે.

ઉપાય માટે સેટેલાઇટ વિસ્તારમાં કામ કરતાં ચંપાબેનને પૂછવામાં આવ્યું. તો તે કહે છે, “સોડિયુંને તો ફલેટોનાં કોમની માયા થઇ જઇસે”

ચંપાબેન અંદરથી તો બરાબર જાણે છે કે આ “માયા નહીં મજબૂરી જ છે.”

# માલધારીના વિનાશનો અર્થ તે સ્વરાજનો અનર્થ

વાસુદેવ વોરા

હિન્દુસ્તાન સ્વતંત્ર દેશ બન્યો તેથી દેશની દરેક વ્યક્તિ માટે સન્માનપૂર્વક જીવન જીવવા માટેના અધિકારના ભોગવટાની સગવડો નિર્માણ પામે, તેવો સર્વમાન્ય અર્થ નીકળે. એટલે કે દરેક નાગરિક પોતાના નૈતિક અને વ્યાવસાયિક અધિકારો અને પસંદગી કરવા માટે સમાજ-સંમત ઉપયોગ માટે સ્વતંત્ર હોય. સ્વરાજની આ સ્વાભાવિક સહજ સમજ છે. દરેકના મન-અંતરમાં સ્વરાજની, સ્વતંત્રતાની ઝંખના સ્વભાવગત રીતે રહેલી હોય છે. પોતાને અનુકૂળ જીવનરીતથી જીવવાની સ્વતંત્રતા તે સ્વરાજ. 'અનુકૂળ જીવનરીત' એટલે દરેકના સ્વભાવની કુદરતી ખાસિયત. આમ, 'સ્વરાજ' તે માત્ર વ્યક્તિગત અધિકાર કે રાજકીય સમજ માત્ર નથી, પરંતુ કુદરતી વિકાસની નૈસર્ગિક પદ્ધતિ અને જરૂરિયાત છે.

પણ આપણો દેશ રાજકીય રીતે સ્વતંત્ર થયા પછી શરૂમાં ધીમેધીમે અને પંદરેક વર્ષથી તો ભારે ઝડપથી બધું બદલાવા લાગ્યું છે. જંગલમાં અભયારણ્યો બની ગયાં, વીડીઓ જંગલખાતાંએ વાળી લીધી. ગૌચરમાં દબાણો થયાં, વેચાયાં ને જમીનો વસુકી ગઈ. ગૌચરનાં ઝાડવાં ને ઘાસચારો ખતમ થઈ ગયાં. જમીન પડતર, બંજર, ખરાબો બની ગઈ !

પશુપાલન વ્યવસાય માટે માલધારી જ્યાં પગ મૂકે ત્યાં કોઈક માલિક બનીને બેઠો હોય. તે ખુદ સરકારી વિભાગ હોય કે ગામના માથાભારે લોકો હોય અને હવે તો ઉદ્યોગગૃહો પણ મોટી મોટી ગૌચર જમીનોના માલિક બની ગયા છે. માત્ર માલધારી અહીંથી તહીં ભટકતો રહી ગયો. સૌરાષ્ટ્રમાં ૧૯૬૦થી ૧૯૭૨ના ગાળામાં વનવિભાગ હસ્તકની જમીનમાં ૬૦૦ ટકા વધારો થયો હતો ! આ જમીન શું વનવિભાગ આસમાનમાંથી લાવ્યું હતું ?

દેશમાં લોકશાહીનાં મૂળ જેમ ઊંડા થતાં ગયાં ને પોતાનાં દસમથાળાં સ્વરૂપને સ્પષ્ટ કરતાં ગયાં, તેમ તેમ માલધારીઓનાં દુઃખ વધતાં ગયાં. આ લોકશાહીમાં નાગરિકોની જાગૃતિના અભાવે લે-ભાગુ રાજકારણીઓ, શાસનકર્તા અધિકારીઓ અને વેપારીઓની નાપાક દોસ્તી ઊભી થઈ. તેણે દેશના નબળાં અને અશિક્ષિત, અસંગઠિત સમાજોના અધિકારો અને તેમના જીવનાધાર જેવા નૈસર્ગિક સ્રોતો જમીન, જંગલ અને જળ ઉપર અનૈતિક અધિકાર જમાવી દીધો.



સૌજન્ય : પુસ્તક - 'માલધારીની વિમાસણ'

સ્વરાજનો અર્થ લોકોની પોતાની સત્તા પોતાના કબજામાં રહે તે. પોતાની સત્તા એટલે પોતાના જીવનવ્યવસ્થાના સ્વતંત્ર અધિકારો તેને હણવાનો કે તેના પરથી હડસેલી દેવાનો પ્રયાસ રાજકીય અત્યાચારે અને શોષણ કરીને આજે માલધારી કોમ જેવા અનેક નબળા સમાજોને વિનાશને આરે લાવી મૂક્યા છે. રાજકીય અસ્તિત્વ બતાવવાનો માલધારીઓનો સ્વભાવ નથી. તે રીતે તેઓ સંગઠિત થવાનું સમજતા પણ નથી. તેમની પ્રકૃતિ તો સ્વતંત્ર રીતે કુદરતને ખોળે જીવવાની છે - તે બીજા કોઈના ખોળે માથું મૂકવાનું સમજે શા માટે ? સ્વરાજનાં સ્વભાવનું આ ખમીર લોકશાહીમાં એક વિપત્તિ બને તે કેવી વિડંબણા ? પરંપરાગત રીતે 'સામુદાયિક સંપત્તિ'ને સરકારે હવે 'વ્યક્તિગત સંપત્તિઓ'માં હસ્તાંતરણ કરીને 'વૈશ્વિકરણના' નામ આપવા માંડ્યા છે. ધનવાનોની લૉબીનો અવાજ સરકારના કાનમાં પહોંચે છે, પણ ગરીબોની ચીસ નહીં ! રડારોળ કરતા લોકો વિકાસમાં અંતરાય ન બને તેની તકેદારી રખાય છે. વિખ્યાત સાહિત્યકાર જ્યોર્જ ઓરવેલે 'એનિમલ ફાર્મ'માં કમ્યુનિસ્ટો માટે કહેલી વેધક વાત હવે આપણી લોકશાહીમાં પણ લાગુ થઈ છે: 'બધા સમાન છે, પરંતુ અમુક લોકો બીજા કરતાં વધુ સમાન છે!"

આવી વ્યાપક સ્થિતિ વચ્ચે રહેવું હોય તો તેની સમજ કેળવવી પડશે. તમારા પોતાના લોકશાહીના અધિકારોને અસરકારક રીતે વાપરવા માટે તૈયાર થવું પડશે. માત્ર ભેલાણથી સવાલ નહીં ઉકલે. સામુહિક રીતે વિચારતાં શીખવું, તે અત્યારની જરૂરિયાત છે. હવે કોઈને ગાય કે દૂધ માટે ભાવાત્મક રીતે સમજાવી નહીં શકાય. દૂધમાંથી તો તમારો એકડો કાઢી નખાયો છે. હવે ટકવા માટે શેનો આધાર લેશો, તે સમજપૂર્વક વિચારવાનો આ સમય છે. તો જ 'તમારું સ્વરાજ' તમે મેળવી શકશો. સ્વરાજનો અર્થ એમ પણ છે કે, "દરેકે પોતે પોતાનું સ્વરાજ મેળવવાનું છે."

# માલધારી બાળકો અને શિક્ષણ

હાજાભાઈ કાલોતરા

સુરેન્દ્રનગર જિલ્લાને ગુજરાતના પાછળ રહી ગયેલા કેટલાક જિલ્લાઓ પૈકી એક આજેય માનવામાં આવે છે. આ પછાત જિલ્લાના પાંચાળવિસ્તારના અતિ પછાત તાલુકાઓમાં સાયલા અને ચોટીલાની ગણના થાય.

પાંચાળમાં બાર વર્ષ પહેલાં 'મારગ' સંસ્થાની શરૂઆત થઈ. આ વિસ્તારના પાયાના પ્રશ્ને તો ઘણા. કયા પ્રશ્ને હાથ પર લેવો? તેના નિરાકરણ માટે શું કરવું? વગેરે મૂંઝવણમાંથી મારગ કાઢવાના અમારા પ્રયત્નો.

સાયલા અને ચોટીલા તાલુકાનાં દસ ગામનાં ૩૦૦ માલધારીઓનાં કુટુંબનું બેઇઝ લાઈન સર્વે અને આ વિસ્તારની મુલાકાત અને લોકસંપર્કથી શિક્ષણ અંગેની સ્થિતિ જાણવા મળી. ભાઈઓમાં ૧૮ ટકા અને બહેનોમાં ૨ ટકા શિક્ષણે અમને શિક્ષણના મુદ્દે કામ કરવા તરફ પ્રેર્યા.

ગામોની મુલાકાત અને લોકસંપર્ક દ્વારા આ વિસ્તારમાં શિક્ષણ ઓછું હોવા પાછળનાં કારણોની સમજણ કેળવી. જેમાં વાલીઓમાં શિક્ષણ અંગે જાગૃતિ ઓછી જોવા મળી. વાલીઓને બાળકોને ભણાવવાની વાત કરીએ તો વાલીઓ કહેતા કે, "ભણી-ગણીને આપણાં બાળકોને થોડી નોકરી મળવાની છે. તેમજ ભણી ગણીને કોણે વેપારી ઉઠાડી મેલ્યો." ગામના થોડું-ઘણું ભણેલ યુવાનનો દાખલો આપીને કહે કે આ ફલાણા ભાઈનો દીકરો કેટલું ભણ્યો છે? ક્યાં નોકરી મળે છે? હવે તે એકેય તડનો નથી રહ્યો. નથી ધંધાનો કે નથી નોકરીનો. આવા શબ્દો આજથી બાર વર્ષ પહેલાં સાંભળવા મળતા હતા. ઉપરાંત, આ વિસ્તારમાં આજીવિકાના કારણે કરવું પડતું સ્થળાંતર.

- માળખાકીય સુવિધાઓનો અભાવ અને વહીવટી તંત્રનું ઓરમાયું વર્તન.
- માલધારીઓનો પશુપાલનનો વ્યવસાય - સામાજિક પ્રશ્નો
- શિક્ષણ અંગેની ખરી માહિતીનો અભાવ વગેરે પ્રશ્નોને કારણે આ વિસ્તારનો માલધારીસમુદાય શિક્ષણથી વંચિત રહ્યો.

'મારગ' દ્વારા પ્રથમ કામ આ વિસ્તારનાં વાલીઓને શિક્ષણની જરૂરિયાત સમજાય તે માટે તેમને જાગૃત કરવા માટેનું અભિયાન શરૂ કર્યું. જેમાં ઉત્સાહી વાલી, યુવાનો, શિક્ષકમિત્રો, કેળવણી નિરીક્ષક, શિક્ષણના મુદ્દે કામ કરતા કર્મશીલો તેમજ ૨૦ જેટલી આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી શાળા અને છાત્રાલયના સંચાલકોનો સહયોગ મળી રહ્યો. આ અભિયાનના પરિણામસ્વરૂપે મોટી સંખ્યામાં બાળકોએ પ્રાથમિક શાળામાં, તેમજ ૬૦ જેટલાં બાળકોએ આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી શાળા અને છાત્રાલયમાં પ્રવેશ મેળવ્યો. જેમાં છોકરીઓનું પણ પ્રમાણ ઠીક ઠીક હતું. આ પ્રવાહ દર વર્ષે વધવા લાગ્યો અને તેમાં બહાર ભણવા ગયેલા વિદ્યાર્થીઓને પણ સહયોગ મળવા લાગ્યો.

બાર વર્ષ પહેલાં કરેલા શિક્ષણના અભિયાનની અસર હાલ જોવા મળે છે. જેમાં વાલી, રામશી, ગભરૂ, સામત જેઓ હાલ શિક્ષક થઈને બાળકોને ભણાવે છે. જ્યારે વાઘો, માત્રો, બેચર, ઇશુ જેવા અનેક બાળકો (અત્યારે યુવાનો) સરકારી તથા બિનસરકારી સંગઠનોમાં કામ કરે છે. દેવાએ તો શિક્ષણ પૂરી કરી 'મારગ' સંસ્થામાં કામ કર્યું. હમણાં તે યુ.પી.એસ.સી.ની લેખિત પરિક્ષા પાસ કરીને (આ લેખ પ્રગટ થાય ત્યા સુધીમાં કદાચ મૌખિક ઇન્ટરવ્યુનું પણ પરિણામ આવી ગયું હશે.) પાંચાળના માલધારીસમુદાયનું ગૌરવ વધાર્યું છે. હસુ, ભીખો, મુન્નો વગેરે ઉચ્ચ અભ્યાસમાં આગળ વધી રહ્યા છે.

'મારગ'પરિવારના ચાર મિત્રો (જેમાં લખનારનો પણ સમાવેશ થાય છે) જેમણે અધવચ્ચે છોડી દીધેલા અભ્યાસને આગળ ધપાવીને ગ્રેજ્યુએશન સુધી પહોંચ્યા છે અને આગળના અભ્યાસ માટેની તૈયારી ચાલી રહી છે.

આવા અનેક બાળકો ભણી-ગણીને પોતાના વ્યવસાયમાં પણ રોકાયેલા છે અને પોતાનું જીવન સારી રીતે જીવે છે. પરંતુ, હજુ ઘણું કરવાનું બાકી છે. આ પરિણામ તો પાસેરામાં એક પૂણી સમાન છે. આપણાં મોટાભાગનાં બાળકો પ્રાથમિક શિક્ષણ પૂરું થાય તે પહેલાજ અધવચ્ચેથી ઉઠી જાય છે. તેમજ ઘણાં બાળકો શાળાએ જાય તે પહેલાં જ કુટુંબની પૂરક આવકના કામમાં જોડાઈ જાય છે અને શિક્ષણથી વંચિત રહી જાય છે.

એક બાજુ અન્ય સમાજે ઇન્ફોર્મેશન ટેકનોલોજીના યુગમાં અવકાશ તરફ મંડાણ કર્યાં છે, ત્યારે આપણો માલધારીસમુદાય હજુ વગડાનાં ઢેફામાં ક્યાંક અટવાયા કરે (ફરે) છે.

આધુનિક યુગમાં શિક્ષણ (ભણતર) એ જીવન સાથે વણાયેલું છે. અન્ય સમાજની જેમ હવે આપણે પણ શિક્ષણ ઉપર ધ્યાન આપવું પડશે. હજુ આપણો સમાજ દીકરીઓને ભણાવવામાં બીજા સમાજોની હરોળમાં ખૂબજ પાછળ છે. માલધારીસમુદાયને વિકાસની વાટે આગળ વધારવા માટે પાયાનું કામ શિક્ષણ અને તેમાંય કન્યાકેળવણીને વધારે મહત્ત્વ આપવાની જરૂર છે. તે માટે સમાજમાં શિક્ષિત યુવાન ભાઈ-બહેનોએ આગળ આવી શિક્ષણના અભિયાનને આગળ વધારવા પોતાના ગામથી શુભ શરૂઆત કરવાનો સમય હવે પાકી ગયો છે.

# મૂંઝવણ હવે મારગે ચડી

ગીતા દેસાઈ

માલધારીઓ માલની પાછળ ભટકતાં ભટકતાં જ વગડામાં પોતાનું જીવન વ્યતિત કરતા હોય છે. ક્યારેક તો વગડામાં ન હોય માણસ કે ન હોય સારું ઝાડ કે જેના છાંયામાં બેસીને માલધારી કોઈને હવામાં ઊડતી ધૂળની ડમરીની માફક ઘૂમરાવા ખાતા પોતાના જીવનની વેદના કહી શકે.

ગુજરાતમાં માલધારીઓના હિતાર્થે તેઓના અધિકાર જળવાય, તેમનું સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં ઉત્થાન થાય અને માલધારી સમુદાય સશક્ત થઈ અને વિકાસ સાધી શકે તેવા પ્રયત્નો કચ્છ અને સુરેન્દ્રનગરમાં 'મારગ' સંસ્થા કામ કરે છે. ઉપરાંત, અન્ય ૧૪ જિલ્લાઓમાં મુદ્દા આધારિત પ્રક્રિયામાં સક્રિય છે. માલધારીઓના અધિકાર માટે કાર્યરત 'લાઈફ' નેટવર્કના સંમેલનમાં (ફેબ્રુઆરીમાં) રાજસ્થાન જવાનું થયું. કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લામાંથી ચાર બહેનો અને ૬ ભાઈઓએ સંમેલનમાં ભાગ લઈ ગુજરાતમાં માલધારીઓની મુશ્કેલીઓ જેવી કે ઘટતી જતી ચરિયાણ ભૂમિ, ઘટતો માલ, માલધારી બાળકોનું શિક્ષણ, માલધારીઓમાં રચનાત્મક એક્તાનો અભાવ અને સરકારનું માલધારી સમુદાય પ્રત્યેનું ઓરમાયું વર્તન, માલધારીઓની અસુરક્ષા અને ઘટતા જતા માલધારી મોભાની અલગ-અલગ રીતે રજૂઆત કરી. રજૂઆતમાં ઈરાન, મોંગોલિયા, ફિલિપાઈન્સ, આફ્રિકા, જર્મની, યુ.એસ., શ્રીલંકા જેવા દેશો અને ભારતા ગુજરાત ઉપરાંત રાજસ્થાન, બંગાળ, યુ.પી., મહારાષ્ટ્ર, હરિયાણા, કાશ્મીર, હીમાચલ પ્રદેશ, કર્ણાટક, ઓરિસ્સા, તમિલનાડું, ઉત્તરાંચલ વગેરે રાજ્યોના પશુપાલકોએ ભાગ લીધો. ત્રણ દિવસના સંમેલનમાં

(૧) શું ખરેખર માલધારીઓનું ભવિષ્ય છે ?

(૨) માલધારીના ઉજ્વળ ભવિષ્ય માટે શું - શું બદલાવ લાવવા જરૂરી લાગે છે ? અને

(૩) પશુપાલનમાં માલધારીની ખાસીયત, વિશેષતાઓ શું છે ? માલધારી અન્ય સમાજને કેટલાંક ઉપયોગી છે ?

ના મુદ્દે ચર્ચાઓ પછી સહભાગી દેશોના પ્રતિનિધિઓએ તેમના દેશોમાં પશુપાલન માટે સરકારી નીતિવિષયક ચર્ચાઓ કરી. આંતરરાષ્ટ્રીય સ્તરે માલધારીઓના અધિકાર માટે લડતા માલધારીઓના સંગઠનને મજબૂત બનાવવામાં દરેક દેશ અને દરેક રાજ્યની ભૂમિકા તથા જવાબદારીની વહેંચણીની પણ ચર્ચાઓ થઈ. સંમેલનમાં કેન્દ્રીય સરકાર તરફથી માલધારી સમુદાયના વિકાસ કે જેમાં માલધારીઓની સામાજિક સુરક્ષા, બાળકોનું શિક્ષણ, માલધારીઓના સ્વાભિમાન જેવા મુદ્દાઓ અંગે પ્રગતિ થાય તે માટે 'નોમેડિક અને સેમિનોમેડિક ગૃપના નેશનલ પ્લાનિંગ કમિશન'માંથી પણ સભ્યો હાજર રહ્યા હતા. જેના કમિશનર બાલક્રિષ્ન રેનકે સાથે ગુજરાતના પ્રતિનિધિઓએ મીટીંગ કરી અને માલધારીઓને નડતા પ્રશ્નોની વિગતે ચર્ચા કર્યા બાદ, તેમને આવેદનપત્ર પણ આપ્યું. આવેદનપત્રમાં નીચે મુજબના મુદ્દાઓને સાંકળી લેવાયા :

૧) ગુજરાત રાજ્યમાં માલધારીઓની વસ્તી ગણતરી થવી જોઈએ.

૨) માલધારી બાળકોને પશુપાલનમાં ઉપોયગી બને અને તેમની સંસ્કૃતિ જાળવી શકાય તેવું શિક્ષણ પણ મળવું જોઈએ.

૩) ગૌચરો અને પડતર જમીન પરના દબાણો હટાવવામાં સ્થાનિક સરકારી વિભાગો કાર્યરત થાય.

૪) પડતર જમીનો ઉદ્યોગોને અપાઈ રહી છે તો સાથે સાથે માલધારીઓને પણ આપવી જોઈએ.

૫) માલધારીઓને ખેડૂતની વ્યાખ્યામાં લેવા જોઈએ.

૬) પશુઉત્પાદનોનું માર્કેટ લિંકેજ થવું જોઈએ.

૭) બન્ની અને અન્ય ઘાસપ્રદેશોનું પુનઃજીવન માલધારીઓને સાથે રાખીને કરવું.

૮) સ્થળાંતરિત માલધારીઓ જે સ્થળે હોય તે સ્થળે તેમની અન્નસુરક્ષા જળવાય તેનું ધ્યાન રાખવું.

૯) માલધારીઓની સામાજિક સુરક્ષા જળવાય અને તેઓ સ્વમાની બની શકે તેવા કાર્યક્રમો યોજવા.

૧૦) પશુઓને રાખવા વાડા મળે અને કાયદેસર મળવા જોઈએ.

૧૧) ફોરેસ્ટ ભૂમિમાં પણ માલધારીઓને પ્રવેશ હોવો જોઈએ.

૧૨) અન્ય સમુદાયના વિકાસ માટેની યોજનાઓ માલધારીઓના વિકાસના ભોગે અમલી ન બનાવતાં integreted development policy નો અમલ થવો જોઈએ.

૧૩) પશુલક્ષી અભ્યાસમાં અત્યારે ખેડૂતોના બાળકોને ૫ ટકા અનામત અપાય છે તો માલધારી બાળકોને પણ આવી અનામત મળે તેવા પ્રયત્નો કરવા.

ઉપર્યુક્ત મુદ્દાઓની વિગતે ચર્ચા દરમિયાન દિલ્હી સરકારે વસ્તી ગણતરી અને અન્ન સુરક્ષાના મુદ્દે તાત્કાલિક અમલીકરણ માટે પ્રયત્નો કરશે એવી ખાતરી આપી. બાળકોના શિક્ષણના મુદ્દે વિગતે આયોજન કરવા સંસ્થામાંથી બે સભ્યોને કમિશન સાથે બેઠક કરવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

માલધારી સમુદાય જો આવી જ રીતે દેશનાં અલગ-અલગ પ્લેટફૉર્મ પર પોતાની મૂંઝવણો - મુશ્કેલીઓને ચર્ચા કરી, સરકાર સાથે નીતિવિષયક બદલાવ માટે સંકલન કરશે તો એક દિવસ માલધારી સંસ્કૃતિ સમૃદ્ધિ તરફ ચોક્કસપણે જશે અને માલધારીઓના સ્વમાનનું પુનઃજીવન મળશે.

# માલધારીઓ માટે ગીર જાગીર કે જા... આ... ગીર !

હેમંત બાર

તા. ૩૧ મે ૨૦૦૭ ના રોજ ગીરના જંગલની ધારી રેન્જ દ્વારા ગીરના નેસડાના માલધારીઓનું સંમેલન યોજવામાં આવ્યું હતું. મુદ્દો હતો, સિંહને બચાવવાનો અને સ્થળ હતું ટીમ્બરવા થાણું. ગીરના ૫૪ જેટલા નેસડાના ૪૫૦ માલધારી (રબારી, ગઢવી, ભરવાડ અને આહિર)ઓ ભેગા થયા હતાં. તે ઉપરાંત જંગલ ખાતાના અધિકારીઓએ પણ હાજરી આપી હતી. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તથા અતિથિ વિશેષ તરીકે મહંત રામ બાલકદાસજી (વડવાળા મંદીર, મુ. દુધઈ, તા. મુળી, જિ. સુરેન્દ્રનગર) ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનો ઉદ્દેશ ગીરમાં થતાં સિંહોના મારણને અટકાવવાનો હતો. માલધારીઓના જંગલ ખાતા સાથે પ્રશ્નો હતાં. પરંતુ ખાનદાની કહો તો ખાનદાની અને ભોળપણ કહો તો ભોળપણ જંગલ ખાતાંએ સિંહને બચાવવાના હેતુથી માલધારીઓને બોલાવ્યા એટલે પોતાના પ્રશ્નો રજૂ ન કરાય તેવો સૂર માલધારીઓને હતો. આ જ તો ગીરના માલધારીની ખૂમારી છે. મહંત શ્રી રામબાલકદાસજીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, 'મારવું' એ પશ્ચિમની સંસ્કૃતિ (વિકૃતિ) છે, 'બચાવવું' એ ભારતની, ખાસ તો ગુજરાત-સૌરાષ્ટ્રની સંસ્કૃતિ છે. દેશ આખો જ્યારે ભડકે બળતો હોય ત્યારે ગીરના માલધારીઓ જંગલમાં લાગેલી આગને ઠારે છે. આજ ફર્ક છે, ગીરના માલધારીઓ અને અન્ય લોકો વચ્ચે તેમણે આશિર્વચન સાથે વક્તવ્ય પૂરું કર્યું હતું. ભોજન પછી લોકડાયરાનો કાર્યક્રમમાં રાજભા ગઢવી, હેમંત બાર અને શ્રી બચુભાઈ રાભડાવાળાએ સિંહ અને લોક સાહિત્ય ઉપર ખૂબ સારા લોકગીતો, દુહાઓ અને લોકસાહિત્યની વાતો કરી સિંહનું હિન્દુ સંસ્કૃતિમાં શું મહત્ત્વ છે. તે વિશે રજૂઆત કરેલ.

આ કાર્યક્રમ જંગલ ખાતાંની મહેનત, માલધારીઓની હાજરી અને સિંહ પ્રત્યેની સમાજની (ખાસ તો ગીરના માલધારીઓની) સંવેદનના કારણે ખૂબ સારો રહ્યો. આ કાર્યક્રમ પછી એટલું છાતી ઠોકીને કહી શકાય કે, હવે ગીરનાં જંગલમાં કોઈ નરાધમો આપણા વનરાજોનો વાળ વાંકો નહીં કરી શકે.

ગીરમાં યોજાયેલા આ કાર્યક્રમતી એક પ્રકારની નવી ચેતના સૌના પ્રયત્નોથી જાગૃત થઈ છે. માલધારીઓના કહેવા પ્રમાણે ૫૦ વર્ષમાં જંગલ ખાતાં દ્વારા આ પ્રથમ સંમેલન હશે, જેમાં નવું કંઈક કરવા વિશે, બચાવવા વિશે અમોને પ્રેરણા મળી છે. જંગલ ખાતાંને અને માલધારીઓને બંનેને આ સંમેલનથી એકબીજા વિશ્વાસ વધ્યો છે. આવા સંમેલનો અવાર નવાર થતાં રહે તો જંગલ ખાતાની માલધારીઓ પ્રત્યેની ફરિયાદો અને માલધારીઓના જંગલ ખાતા તરફના પ્રશ્નો ઘણા હળવા થઈ જાય. જંગલ ખાતાના અધિકારી મજીઠીયા સાહેબ કહે છે, "ગીરના જંગલમાં સાવજ, જંગલ ખાતું અને માલધારી ત્રણેય ભાઈઓ છે. સંપીને રહેશે તો સુખી થશે નહીંતર દુઃખી થશે."

માલધારીઓ પેઢીઓથી જંગલમાં જ રહે છે અને પશુપાલન કરે છે. સિંહના સગડથી માંડી સિંહની અગડ (અગવડ) સુધીની ઝીણી ઝીણી બાબતોના તેઓ જાણકાર છે.

ગીરમાં જે-જે નેસડાઓ ખાલી કરાવવામાં આવ્યા છે. તે તે જગ્યાએ રહેતા સિંહો પણ જંગલની બોર્ડર ઉપર સ્થળાંતર કરી ગયા છે. કારણ કે નેસડાઓનું સ્થળાંતર થતાં માલધારીઓના માલ-ઢોરનું મારણ ન મળવાથી સિંહે ફરજિયાત મારણની શોધમાં બહાર જવું પડે છે. માલધારીઓના નેસડા ગીરમાં છે. એના ગેરફાયદા કરતાં ફાયદા વધારે છે. આજની તારીખે પણ આ ફાયદા છે જ.

૧. માલધારીઓ જંગલમાં રહેતા હોવાથી અને મુખ્ય વ્યવસાય પશુપાલન હોવાથી સિંહને પશુઓનાં મારણ સરળતાથી મળી રહે છે અને સિંહે મારણ કરેલા પશુનું વળતર માલધારીને મળે કે ન મળે તેવી પરવા માલધારીઓ કરતા નથી તથા સિંહને રંજાડતા નથી.

૨. માલધારીઓના પશુઓ ગીરના જંગલમાં ચરિયાણ કરતાં હોવાથી તેમના મળ મુત્ર દ્વારા જંગલની પોષણ ક્ષમતા વધે છે, ઘટતી નથી.

૩. માલધારીઓ નેસડામાં રહેતા હોવાથી અને માલઢોર ચરાવવા જંગલમાં જતાં હોવાથી, જંગલી જાનવરો જેવાં કે હરણ, ચિતલ, સિંહ અને અન્ય નાના જાનવરો જ્યારે બિમાર પડે ત્યારે તેઓ શક્ય એટલી સારવાર માનવતાના નાતે કરે છે. જેમકે, આ કાર્યક્રમનો બે દિવસ પહેલાં નેસડામાં માલધારીની દીકરી (દીકરી કે દીકરો?) એ બિમાર જેવા સિંહને તગારામાં એક હેલ પાણી પિવાડાવ્યું હતું.

૪. માલદારીઓના નેસડામાં દરેકને જાનવરના અવાજ, પગલા, દિશા અને કેટલાકને ભાષા પણ સમજાય છે. એટલે જંગલના પ્રાણીઓની વેદનાને તેઓ સરળતાથી સમજે છે.

આ જ રીતે માલધારીઓના પ્રશ્નો પણ ઘણા છે. જે તરફ સમગ્ર સમાજે, સરકારે અને ખાસ તો જંગલ ખાતાએ ધ્યાન આપવા જેવું છે. પ્રસ્નો ખૂબ નાના છે ને ઉકેલ ખુબ સરળ છે, લાંબાગાળાનો છે. જરૂરિયાત ફક્ત સાચા પ્રયત્નોની છે. થોડી મહેનત અને થોડી રહેમત રાખવામાં આવે તો આ પ્રશ્નો ચપટી વગાડતામાં ઉકલી જાય તેવા છે. આ પ્રશ્નો અને શક્ય ઉકેલો નીચે મુજબના હોઈ શકે છે.

૧. શિક્ષણનો પ્રશ્ન એ મૂળ પ્રશ્ન છે. માલધારીઓના બાળકોને નેસડામાં ભણવા માટે શાળાઓ હજી વધારે પ્રમાણમાં

(અનુસંધાન પૃષ્ઠ ૨૫ ઉપર)

# આઝાદી મળી પણ ગોચર ગયું

**નવઘણભાઈ**

આઝાદી મળી ત્યારે દરેકનાં મનમાં વિશ્વાસ હતો કે અમો મુક્ત રીતે હરી ફરી શકીશું. અમારી જરૂરિયાત મેળવી શકીશું - રોજી રોટીની, રહેણાંકની, શિક્ષણની.... આવા ઘણાં સ્વપ્નો હતા, પરંતુ આઝાદીનાં ૬૦ વર્ષ થયાં છતાં હજુ એ 'સ્વપ્નો' જ રહ્યાં છે !

એક વખતે માલધારી પાસે ઓછામાં ઓછાં ૫૦૦ થી ૬૦૦ ઘેટાં-બકરાં હતાં. ચરિયાણ વિસ્તાર વધારે હોવાથી પશુઓ વધારે રાખી શકાતાં હતાં અને વધુ પશુ રાખતાં માલધારી આર્થિક રીતે વધુ સદ્ધર કહેવાતાં. અત્યારે વિકાસનાં નામે ગોચરની જમીન પર દબાણ થઈ રહ્યું છે. તેની સીધી અસર પશુપાલન વ્યવસાય પર થઈ રહી છે. ગોચર ઉપર નભતાં સમુદાયનાં લોકો ગરીબી રેખા નીચે આવી રહ્યાં છે. આ પરિસ્થિતિમાં માલધારી પાસેના પશુઓની સંખ્યામાં ઘટાડો થવાનું કારણ માત્ર ચરિયાણની જમીન ઘટી તે છે. ગરીબોનો કે પશુપાલકોનો વિચાર કર્યા વગર ગોચરની જમીન વિકાસના નામે ધનાઢ્ય વ્યક્તિઓને આપતાં તેની આવકમાં બેથી ત્રણ ગણો વધારો થયો, પરંતુ એક સાર્વજનિક જમીન ઉપર પરિવાર વધારે ગરીબ બન્યો.

થોડાં સમય પહેલાં અમારા કુટુંબમાં દાદા સાથે ચર્ચા કરતાં આઝાદી પહેલાંની અને અત્યારની પરિસ્થિતિની વાત નીકળી. તેમાં તેમણે કહેલું, "અત્યારની પરિસ્થિતિ કરતાં ભૂરાઓની ગુલામી સારી હતી." કારણ પૂછતાં જણાવ્યું કે, ત્યારે માલધારીઓ પાસે ૪૦૦ થી ૫૦૦ની સંખ્યામાં માલ રહેતો. ગામમાં આ પશુઓ ચરાવતાં અને લોકોમાં માન હતું. કોઈકને જરૂર જણાય તો મદદ પણ કરી શક્તા હતા. અત્યારની જીંદગી ભાગદોડ વાળી અને જીવન સ્વાર્થીલું થઈ ગયું છે. ખોટાનો જમાનો છે. ખોટું કરો તો તમે ટકી શકો. હવે સરકાર ગોચરની જમીન પૈસાદાર લોકોને આપવા માંડી છે. ગોચર ઘટતા આ પશુઓ ક્યાં ઉભા રાખવાં, તે મુશ્કેલી થઈ છે. પશુઓ ભુખ્યાં મરે તેનાં કરતાં ઓછાં રાખવાં સારાં, એવું વિચારવું પડે છે.

અંગ્રેજોનાં જમાનામાં સારું શું હતું તે જણાવતાં તેમણે કહ્યું...

અમારા પશુઓની ગણતરી થતી. માલધારીનાં નામે ગોચર હતા. તેની વિઘોટી અમે ભરતા હતા. જેના કારણે પશુઓનું ચરાણ નભતું.

જ્યારે હાલના સમયમાં આઝાદી મળ્યા બાદ થોડો સમય આ પરિસ્થિતિ રહી અને અમારી પાસેથી ગોચરની જમીન વિઘોટી લેતા બંધ થયા. પંચાયતરાજ આવ્યું, પછી પણ દસેક વર્ષ સારું હતું. પરંતુ હવે તો નથી મજૂરી કરી શક્તા કે નથી કોઈની પાસેથી મદદ માંગી શક્તા.

# ઓખામંડળના માલધારીઓની કપરી સ્થિતિ

**સોમાભાઈ રબારી**

સરહદી અને દરિયાઈ સપાટી પરના ઓખામંડળ તાલુકામાં ઘણી બધી જ્ઞાતિઓ રહેલી છે. પશુધન રાખતા માલધારીસમાજને ઓખામંડળમાં ભોપા (રબારી) તરીકે ઓળખવામાં આવે છે. શૈક્ષણિક અને આર્થિક રીતે આ સમાજ પછાત છે. ઓખામંડળમાં વરસાદનું પ્રમાણ ખૂબજ ઓછું. ૪૨ ગામોનો આ તાલુકો, તેમાંથી ૧૮ ગામોમાં માલધારીસમાજ પથરાયેલો છે. આ સમાજ ચોમાસાના ચાર મહિના રહે અને પછી પોતાનો નિભાવ કરવા બીજા જિલ્લાઓમાં ઘરબાર સાથે લઈ વ્યવસાય કરવા જવુ પડે. પરિણામે માલધારી બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. આ વિસ્તારમાં એક પણ છાત્રાલય નથી કે માલધારી પોતાનાં બાળકોને તેમાં મૂકીને વ્યવસાય માટે જઈ શકે.

ચોમાસાના ચાર મહિના આવે ત્યારે ઓખામંડળમાં દૂધ ડેરીઓ ના હોવાથી માલધારીઓએ હોટલોમાં દૂધ આપવા ૨૫ કિલોમીટર દૂર જવું પડે છે અને હોટલવાળાને નીચા ભાવોમાં દૂધ આપવું પડે છે. દૂધની કિંમત ના મળવાના કારણે માલધારીસમાજ આર્થિક રીતે નબળો પડ્યો છે. સમસ્યાઓના કારણે માલધારી પોતાનો પરંપરાગત વ્યવસાય છોડીને શહેરોમાં દોટ મૂકવા લાગ્યા છે અને શહેરોમાં મજૂર અને ડ્રાઈવર બનવા લાગ્યા છે.

ઓખામંડળના માલધારીસમાજના આગેવાનો અને રાજકારણીઓએ ક્યારેય આ સમસ્યાઓ ઉકેલવાનો પ્રયત્ન કર્યા નથી, ઊલટું જ્યારે સમાજની જરૂર પડી ત્યારે તેનો ઉપયોગ કર્યો છે. પરિણામે ઓખામંડળ માલધારીસમાજ બીજા સમાજની હરોળમાં પાછળ પડી ગયો છે. અન્યાય સામે લડવા જ્યારે શક્તિપ્રદર્શન કરવાની વાત આવે ત્યારે આગેવાનો ક્યારેય આગળ આવ્યા નથી. શિક્ષણનું પ્રમાણ ઓછુ હોવાના કારણે દીકરા-દીકરીને ભણાવાય નહિ, છાત્રાલય કે સ્કૂલ બનાવાય નહિ એવી ખોટી માન્યતાઓ માલધારીસમાજમાં ઘર કરી ગઈ છે.

સમસ્યાઓની બહાર આવવા અને તેનો ઉકેલ શોધવા માલધારીસમાજ ભેગો થતો નથી. સમાજના મોટાભાગના સભ્ય એવું માને છે કે હુ સુખી છું, મારે ને સમાજને શું? પણ ખરેખર મારો સમાજ છે તો હું છું આવું દરેકને વિચારવાની જરૂર છે. એક્તા, સંગઠન દ્વારા સમાજનો વિકાસ કરવો પડશે. એકવીસમી સદીમાં તાલ મિલાવીને ચાલવા માટે શિક્ષણનું પ્રમાણ વધારવું પડશે અને તો જ સમાજનો વિકાસ શક્ય બનશે.

# ચર્ચાનો ચોરો

નીતા પંડ્યા

માર્ચ-એપ્રિલ ૨૦૦૭માં દૈનિકમાં નિયમિત સમાચારનું સ્થાન પામતા ગીરના સિંહનાં અપમૃત્યુનું રહસ્ય આ લેખ લખાય છે ત્યાં સુધી ઉકેલાયું નથી. રોજ કોઈ (બીચારા-બાપડા) નવા વ્યક્તિનું નામ આરોપી તરીકે છાપે ચડે છે. એમાં પરપ્રાંતથી કામ કરવા આવેલા મજૂરો હોય, કે લઘુમતી સમુદાયમાંથી આવતો સ્થાનિક રહેવાસી. ઉપરવાળાની દયાથી હજુ સુધી આ ઘટના માટે (ગીરમાં રઝ્યાખડ્યા) માલધારીઓને 'ગુનેગાર' ગણવામાં નથી આવ્યા. સિંહના મૃત્યુ અંગેના રહસ્યને ઉકેલવા ભખાઈ રહેલી વિવિધ 'તપાસ-સમિતિ' પૈકી કોઈને આવી 'કમત' (કુબુદ્ધિ) સુઝે, તો નવાઈ નહીં? આશા રાખીએ કે પર્યાવરણપ્રેમીઓએ સિંહની સુરક્ષા માટે આપેલાં આવેદનો અને કરેલાં આંદોલન, સાચા ગુનેગારને શોધવામાં મદદરૂપ બનશે.

સવાલ અહીં એ થાય છે કે બે પગવાળા કરતાં વધુ ચાર પગવાળાની જેને માયા છે, તેવા માલધારીઓની ગીરમાંથી કરેલી હકાલપટ્ટીનું તો આ પરિણામ નથી ને? ૧૯૬૯ વર્ષમાં ડૉ. પોલ ઓસલી નામનાં વિદેશી તજ્જ્ઞના ગીર પરના અભ્યાસ-નિબંધને આધારે ગીરમાં વસતા માલધારીઓને કાઢવું સરળ બન્યું.

તજ્જ્ઞના તારણ મુજબ માલધારીઓનાં પશુ જંગલમાં ઊગતાં ઘાસને ચરે છે, માટે અન્ય તૃણાહારી જંગલી પશુ (નીલ ગાય, ચિંકારા વગેરે) માટે ઘાસ પૂરતું રહેતું નથી. પરિણામે તૃણાહારીઓનાં અપમૃત્યુ થાય છે અને તે કારણે સિંહને પૂરતો શિકાર નથી મળતો વગેરે... સાચા પર્યાવરણપ્રેમી આ વાતમાં સહમત નહીં જ હોય, તેની ખાતરી છે. છતાં માલધારીઓ તો ગીરમાંથી હટાવાયા. (એ સમયે કોઈ 'નેચર ક્લબ' દ્વારા આંદોલન કે દેખાવો થયાનું ધ્યાનમાં આવ્યું નથી.) વિસ્થાપિત થયેલ માલધારીઓ હજુ આજેય પોતાના પુનઃસ્થાપનની રાહ જોઈ રહ્યા છે. ૧૯૯૫નાં વર્ષમાં 'ગીર ઈકો ડેવલપમેન્ટ પ્રોજેક્ટ' અંતર્ગત સિંહ અને માલધારી બંનેની સલામતી માટે આદર્શ આયોજન થયું. આનું પરિણામ શું આવ્યુ, તેમાં આપણે ગરવા ગુજરાતીઓ ઊંડા ઉતર્યા છીએ ખરાં?

આ બધું પછી, પણ સિંહને બચાવવા જે કાયદા, કાનૂન થયા, ચેકપૉસ્ટમાં દાખલ થવા અને બહાર નીકળવાના નિયમો થયા તે શું આ દેશના દરેક નાગરિક માટે સમાન છે? સવાલો તો ઘણા ઘણા છે. જે નિર્દોષ માલધારી કે મકરાણીને ન પૂછતાં આપણા માંધાતાઓને જ પૂછીએ.

---

(પૃષ્ઠ ૨૩ નું અનુસંધાન)

શરૂ થાય. આ શાળામાં જરૂરી સ્ટાફ સાથે તમામ સગવડો આપવામાં આવે તો શિક્ષણ સુધરશે. ખાસ તો સ્ત્રીશિક્ષણ ઉપર ભાર આપવામાં આવે અને પ્રાથમિક પછીના શિક્ષણનો વ્યાપ વધારવામાં આવે તે જરૂરી છે. નવી પ્રાથમિક શાળાઓ સાથે નવી હાઈસ્કૂલો પણ શરૂ થાય તે જરૂરી છે.

૨. જંગલખાતાં દ્વારા આપવામાં આવતાં પાસ કુટુંબના કોઈ એક વારસદારને નહી, પરંતુ દરેક વારસદારને આપવામાં આવે તો સમાન ન્યાય જળવાઈ રહે અને સમતોલન પણ જળવાઈ રહે.

૩. નેસડાના માલધારીઓનો મુખ્ય વ્યવસાય પશુપાલન હોવાથી તેમના પરંપરાગત પશુપાલનને વધારે સશક્ત બનાવવા સરકાર-સંસ્થાઓ દ્વારા પ્રયત્ન થાય, ગીરની ગાય-ભેંસની શુદ્ધ ઓલાદો પાછી પુનઃ સ્થાપિત થાય તે જરૂરી છે. આ નેસડાઓની આવકનું મુખ્ય સાધન દૂધનો વેપાર હોવાથી દૂધ અને દૂધની બનાવટો તથા તેના માર્કેટિંગ ઉપર ધ્યાન આપવામાં આવે તો તેમની આર્થિક સ્થિતિ સદ્ધર થશે.

૪. જંગલખાતાં દ્વારા ગીરના નેસડામાં પ્રાથમિક શિક્ષણ મેળવેલા યુવાનોને કે અક્ષરજ્ઞાન ધરાવતા યુવાનોને જંગલ ખાતાની સામાન્ય નોકરીઓ જેવી કે, બીટ ગાર્ડ, સહાયક બીટ ગાર્ડ, અનસ્કીલ લેબર કામ વગેરેમાં સમાવવામાં આવે તો વધારે અસરકારકતાથી જંગલનું અને જંગલી જાનવરોનું રક્ષણ થશે અને ભક્ષણ અટકશે. માલધારીઓ જંગલને પોતીકું જ માને છે, પરંતુ વધારે પોતીકું માનતા થશે સાથે-સાથે તેમની બેકારીનો પ્રશ્ન પણ હળવો થશે.

સંમેલન બાદ રામબાપુએ માલધારીઓના ત્રણેક નેસડાની મુલાકાત લીધી હતી. માલધારીઓ સાથે ચર્ચા કરતાં જણાવ્યું કે, માલધારીનો દીકરો કે દીકરી પ્રાથમિક શિક્ષણ અધુરું મૂકી શાળામાંથી ઉતરી ગયા હોય તેને નેહ - (એ ફાઉન્ડેશન ફોર નેચરલ એજ્યુકેશન એન્ડ હ્યુમેનીટેરીયન - જેમાં શ્રી રામબાપુ પ્રમુખ છે તથા આ લેખ લખનાર મંત્રી છે) સંસ્થા, શ્રી વડવાળા મંદીર દુધઈ અને પુરણદામ બક્ષીપંચ છાત્રાલય દ્વારા સતત શિક્ષણ આપીને આવા બાળકોને કમે કમ પ્રાથમિક શિક્ષણ પાસ કરાવવાની જવાબદારી લેવા અમો તૈયાર છીએ. તે ઉપરાંત પશુઓના સંવર્ધન માટે પણ મદદ કરી શકીએ છીએ. આ માટે ગીરના માલધારીઓ દ્વારા એક સંમેલન બોલાવી આગળના આયોજન માટે વિચારવું જોઈએ.

ઉપરોક્ત બાબત ઉપર જો સૌ સાથે મળીને સહયોગતી કામગીરી કરે તો ગીર સાચા અર્થમાં આપણા સૌના માટે જાગીર બનશે, નહીતર જા... આ... ગીર થઈ જશે.

# માલધારીઓના મારગ

ગામ-સીમ છોડી અમે પકડ્યા આ નોખા નોખા મારગ
રહેવું ઘણુંએ ગામડે અમારે... પણ
ગૌચર દબાતાં ને જમીનું ખેડાતાં
ધંધામાં તો નહીં સારપ
અમે પકડ્યા નોખા.... મારગ
કોઈ ચાલ્યું વાંઢયે... તો કોઈ શહેરની વાટે
લીધાં માલ-છોરું વળી સાથે,
એમ માની કે વધશું કંઈ આગળ
અમે પકડ્યા નોખા.... મારગ
બાળકો બનાવવાં'તાં ડૉક્ટર-કલેક્ટર
પણ 'મજૂર' બનાવ્યાં મજબૂરીએ
તેની જિંદગી થઈ પડી તારાજ
અમે પકડયા નોખા.... મારગ
ગામ ગામ ફરી પગ, પેઢી ઘસાયા
કદી છોકરા જન્મે રસ્તા પર
ત્યારે સંગ બસ બકરાં ને ગાડર
અમે પકડયા નોખા.... મારગ

શહેરમાં તો રળવું અઘરું ઘણુંયે
એકઠા પણ અભણ આ માલનાં ધારીને
કામે ન આપે કોઈ માણસ
અમે પકડયા નોખા.... મારગ

કહે છે ગોકળિયાં ગામો થયાં ઘણાંય
પણ ગાયો, ગોચર ગોવાળિયા વગર?
એમ પૂછે આ કૃષ્ણના વારસ
અમે પકડ્યા નોખા.... મારગ

સત્તા-સન્માન અમનેય જોઈએ
એ પણ હક્ક-અધિકારની સાથે
અતડા-અળગા ન સમજો અમને
પારખો અમારી પણ સારપ
અમે પકડ્યા નોખા.... મારગ

**- નીતા પંડ્યા**

# ભલે ભણેલા નહિ, પણ ગણેલા સોંડાકાકા

"ખડ પાણી ને ખાખરા, પથ્થરનો નહિ પાર
વગર દિવે વાળુ કરે એવો પંથક પાંચાળ"

વાત છે, પાંચાળ પ્રદેશની. જ્યાં એક સમયે ખડ, પાણી, વૃક્ષો અને પશુઓનો પાર ન હતો, પશુપાલન અને થોડી ખેતી કરી માણસો સુખી જીવન જીવતા.

પરંતુ સરકારની વિકાસની નીતિ જેવી કે હરિયાળી ક્રાંતિ, શ્વેત ક્રાંતિના વિકાસના સીસોડા વચ્ચે અહીંના માનવીઓ પીલાઈ ગયા. આજે નથી ખડ, નથી પાણી, નથી ગાયો, ને ગોવાળ કંગાળ બન્યા છે.

ચોટીલાથી ૧૫ કિ.મી. દૂર ડુંગરોની વચ્ચે પોરાણા ગામ. જેમાં ૭૦ કોળી કુટુંબ, ૧૨ દલિત, ૧૫ રબારી, ૬૦ જેટલા કુટુંબ દરબારના છે. આમ કુલ દોઢસો કુટુંબોની વસ્તી. આ ગામમાં દરબારોની દાદાગીરી છે. ૨૦૦૩માં મહિલાઓના ૨ જૂથ યુવાનોનું ૧ જૂથ કાર્યરત છે. ગામમાં અને સંગઠનમાં અનેકવાર શિક્ષણ બાબતે ચર્ચાઓ-કાર્યક્રમો થયા.

માલધારી નેસમાં મોટાભાગે મીટિંગની જવાબદારી જોમીબહેન સંભાળે. તેમને ૬ દીકરી અને ૧ દીકરો. દીકરી ભાવુ પ્રાથમિકમાં ભણે. ભાવુને ધોરણ - ૭ પૂરું થયું એટલે અમે તેને આગળ ભણાવવાની વાત કરી. થોડી આનાકાની કરી પછી ભાવુને સુરેન્દ્રનગર વિકાસ વિદ્યાલયમાં ભણવા મોકલી. પછીના વર્ષે ભાવુને મોકલવાની તૈયારી બતાવી.

**દેવાયતભાઈ**

શિક્ષણ યાત્રાના કાર્યક્રમમાં રાત્રે તેમના ઘરે દીવાના ઝાંખા અંજવાળે વાળુ કરતા કરતા વાતો થવા માંડી. સોંડા કાકા બોલ્યા કે, અત્યારે મારી ત્રણ દિકરી ભણવા જાય છે. જે ખેતીમાં કામ કરે તો એકના ૫૦ રૂપિયા લેખે ત્રણ જણની દાડીની આવક ૧૫૦ રૂપિયા થાય, પણ મારા સ્વાર્થ માટે દીકરીઓ કાયમ દાડી કરે એના કરતાં ભણે ગણે અને પગભર થાય, સારું સાસરું મળે અને સુખી થાય, એવી મારી ગણતરી છે. ૧૫૦ જેટલા ભાઈઓ-બહેનોએ તેમને તાળીઓથી વધાવી લીધા.

આજે ભાવુ ધોરણ ૧૦ પાસ કર્યા બાદ સિલાઈની તાલીમ પૂરી કરીને સારું કમાય છે. દીકરીઓનો અભ્યાસ ચાલું છે.

સંગઠનમાં શિક્ષણની અને બાળકોના અધિકારોની વાત સોંડા કાકા અને જોમી કાકીએ બરાબર સમજી છે અને પંચાયતના લોકોને દીકરીઓ ભણાવા માટે પ્રેરણા પૂરી પાડી છે.

# હાંસિયામાંથી બહાર આવતા માલધારીઓ

દશરથ દેસાઈ

'મારગ'ની શરૂઆત ૧૯૯૪-૯૫માં થઈ. 'મારગ' સંસ્થાની શરૂઆત કરવાનું કારણ એક જ હતું. અન્ય સમુદાય સાથે કામ કરનાર સ્વૈચ્છિક સંસ્થાઓ ઘણી હતી અને વિકાસનાં કાર્યોમાં ચેકડેમ, મોટા તળાવોના મોટા ખેડૂતો અને પૈસાદાર લોકોને જ ફાયદો થતો. અને તેનાં કારણે માલધારી સમુદાય આમાંથી બાકાત રહેતો, રખાતો. બે-ત્રણ મિત્રો મળીને માલધારી સાથે કામ કરવું જોઈએ, તેવો વિચાર આવ્યો. માલધારીઓ સાથે કામ કરીએ ત્યારે એ વાત તો સમજમાં આવે કે, આ સમુદાય નાનાં અને મોટાં પશુપાલન સાથે સીધા સંકળાયેલા હોય તે પશુપાલનને જીવાડવા સ્થળાંતર કરવું પડે, કારણ કે ગૌચરો ઉપરનું દબાણ અને અનિયમિત વરસાદથી દર વર્ષે બહાર જવાનું થાય. આમ દર વર્ષે બહાર જવાનું થતું હોય ત્યારે તેમની સાથે તેમનાં બાળકોને પણ સાથે જવું પડતું હોય એટલે જાણઈએ કે આજીવિકા અને શિક્ષણને સીધો સંબંધ છે.

'મારગ'ની શરૂઆત થઈ ત્યારે ચોટીલા વિસ્તારમાં માલધારી બાળકોમાં શિક્ષણનું પ્રમાણ છોકરાઓમાં ૧૮ ટકા જેટલું હતું અને છોકરીઓમાં ૦.૨ ટકા જેટલું હતું. એ વખતમાં 'મારગ' બહેનોના સંગઠનમાં શિક્ષણની ચર્ચા હંમેશાં કરતું અને વિવિધ શિક્ષણ સંસ્થાઓમાં પ્રેરણા પ્રવાસ દ્વારા શિક્ષણ પ્રત્યે સંવેદનશીલતા અને જાગૃતિ લાવવા પ્રયાસ કરાતો.

દર વર્ષે જૂન મહિનામાં 'મારગ' ઑફિસમાં વિદ્યાર્થીઓનો મેળો ભરાતો હોય તેવું વાતાવરણ ઉભું થતું. કારણ કે, એ વખતમાં ધોરણ ૭ પછી ક્યાં જવું, ૧૦ ધોરણ પછી શું કરવું ક્યાં જવું, એનું માર્ગદર્શન મેળવવા માટે આવતા. આજે એજ વિદ્યાર્થીઓ જી.પી.એસ.સી., એમ.એસ.ડબલ્યુ. (સમાજકાર્ય) કે મેનેજમેન્ટ કોર્સ માટે કઈ જગ્યાએ જવું, ક્યાં પરીક્ષા આપવી, શું ભણવું સારું, તેની ચર્ચા કરવા માટે આવે છે અને બીજું કે, 'મારગ' માર્ગદર્શનનું કામ કરતી હતી તે હવે ત્યાંના માલધારી વિદ્યાર્થીઓ કરે છે. અને આજે સહુ બાળકોને શાળામાં પ્રવેશ અપાવવામાં આવે છે, એ અલગ વાત છે કે આમાં કેટલાં બાળકો ટકે છે. છતાં એમ તો કહી શકાય કે પરિણામ તો મળ્યું છે. 'મારગ' સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં કાર્યરત્ છે. અત્યાર સુધી વાત થઈ કે માહિતી આપી અને માલધારી બાળકો ભણ્યા, પણ આટલે વાત અટકતી નથી. કારણ કે સ્થળાંતર કરતાં કુટુંબો માટે ગમે તેવી શાળા ગામમાં હોય તો પણ આજીવિકા માટે પશુઓને જીવાડવા તો કુટુંબો એ સ્થળાંતર કરવું જ પડતું હોય છે અને સાથે બાળકોએ પણ જવું પડે છે. તેના કારણે બાળકો શિક્ષણથી વંચિત રહેતાં અને મુખ્ય પ્રવાહોથી પણ અલગ રહેવાના કારણે તેમનાં ઉપર ખૂબ જ માઠી અસર પડતી. જ્યારે-જ્યારે માલધારીઓ સાથે વાત કરીએ ત્યારે એ વાત આવે કે, બધું બરાબર પણ આપણે પાછળ છીએ, એ શિક્ષણ નથી, એના કારણે. આ ચર્ચાઓ બાદ તેના વિકલ્પો તરીકે શું હોઈ શકે તેની પણ સમુદાય સાથે ચર્ચા થઈ. તો સમુદાય કહેતો કે, શિક્ષણ માટે કંઈક કરવું જોઈએ. ત્યારે 'મારગ' સંસ્થા અને સમુદાયે મળીને એક કાર્યક્રમનું આયોજન કર્યું. આ કાર્યક્રમમાં શિક્ષણ માટે શું કરવું જોઈએ તેની ચર્ચા કરી. 'મારગ' દ્વારા કરવામાં આવેલા સર્વેની વિગતો પણ તેમાં આપવામાં તેનાં આંકડા આ પ્રમાણે છે. ૩૦ ગામનાં ૬૫૮ કુટુંબોના ૧૩૭૩ (૬થી ૧૮ વર્ષનાં) બાળકોમાંથી ૮૪૨ બાળકો પશુ ચરાવવામાં, માટીકામ અને ખેતમજુરીમાં રોકાયેલા છે. આ આંકડાઓ સાંભળી માલધારીઓને થયું કે, કોઈપણ ભોગે આપણા બાળકો માટે કંઈક વિચારવું રહ્યું. એ જ દિવસે માલધારીઓ અને 'મારગ' સાથે રહીને એક કમિટીની રચના કરવામાં આવી. સ્થળાંતરીત બાળકો માટે છાત્રાલય ચલાવવા માટે. લોકોએ પોતાના ગામની અને વ્યક્તિગત એમ બંને જવાબદારી લઈ લોકફાળો લખાવ્યો. માલધારીઓનાં બાળકોની રહેણીકરણી અને ખોરાકમાં ફેર હોઈ, તે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવી. આ પ્રમાણેની સવલત સાથે જૂન-૦૬ માં રાપર વિસ્તારમાં ૧૫ વિદ્યાર્થીઓ સાથે માલધારી છાત્રાલયની શરૂઆત કરી. એ વર્ષે લગભગ ૩૩,૦૦૦ રૂપિયા, ૧૦ મણ અનાજ આવેલું એનાં આધારે સમુદાયનો પોતાનો આત્મવિશ્વાસ વધ્યો અને આ સાલ ૪૦ હજાર રૂપિયા અને ૫૦ મણ અનાજ, ૬ તેલના ડબ્બા પણ મળ્યા. જેમાં ૧૪ છોકરા અને ૧ છોકરી ૭ બાળકો પાછા જતા રહ્યા, તેથી ૮ બાળકો રહ્યાં.

બાળકોનું સમુદાય આધારિત છાત્રાલય થતાં તેમના ખાવા-પીવાનું અને રહેવાનું તેમના મુજબ થયું પણ ભણવામાં શાળામાં ઘણો ભેદભાવ જોવા મળ્યા, જે આ પ્રમાણે હતા.

**માલધારી બાળકો સાથે થતાં અન્યાય :**

- તારા કપડાંમાંથી છાણ-મૂતરની વાસ આવે છે. તું જા પાછળ બેસ.
- તારે વળી ભણીને શું કરવું છે, તારે તો ગાય, ઘેટાં, બકરાં ચરાવવાનાં હોય.
- શાળામાં પ્રવેશ પણ મળતા નથી અને જો મળે તો તેની સાથે અન્યાય કરવામાં આવે, તેને નાપાસ કરવામાં આવે.
- માલધારીના બાળકો શાળામાં લેવાથી શાળાનું પરિણામ બગડે એવી માન્યતા જોવા મળે છે.
- શિક્ષકો પણ ઉચ્ચવર્ગના બાળકો ઉપર ધ્યાન આપે, પણ આ બાળકો ભણે કે ન ભણે તેમને કોઈ ફેર ન હોય.
- માલધારીના બાળકોને ઘરે કોઈ શાળાએથી આવ્યા બાદ સાર-સંભાળ પણ લેવાવાળું હોતું નથી.

આમ, માલધારીઓનાં બાળકો સાથે આવા પ્રકાર વર્તન-વ્યવહારથી તેઓ સ્વમાની હોઈ ભણવાનું છોડી દેતા હોય છે. આથી, છાત્રાલયમાં બાળકોને ગાય દોહવાનું અને સાથે સાથે શાળાએ કમ્પ્યુટર પણ શીખવવું, એમ બંને પ્રકારના જ્ઞાન આપવામાં આવે છે.

આ જ વિચાર સાથે 'મારગ' બેચરાજીમાં પણ કામ કરે છે. ત્યાં રાપરની વાત કરી, ત્યારે પાટડીનાં માલધારીઓએ પણ સામેથી તૈયારી બતાવી અને ત્યાં પણ આવી જ રીતે જૂન ૨૦૦૭ માં છાત્રાલય શરૂ કર્યું. પહેલાં જ વરસે ૨૯ બાળકોમાં ૬ છોકરી અને ૨૩ છોકરાઓ છે. ૬૬,૦૦૦ રૂપિયા ૭૦ મણ અનાજ અને અન્ય પણ વસ્તુઓ દાનમાં મળી છે. આથી કહી શકાય કે પારદર્શક્તા અને લોકભાગીદારીથી પરિણામ મળે છે.

# સ્પેન ખાતે વિશ્વ માલધારી સમાજનું મિલન યોજાયું

લાલજી દેસાઈ

આ વર્ષની શરૂઆતમાં પશ્ચિમ આફ્રિકાના માલી નામના દેશમાં યોજાયેલા અન્ન સ્વાયત્તતા માટેના વૈશ્વિક સંમેલનમાં જુદા જુદા વંચિત સમુદાયોમાંનું એક જૂથ એટલે માલધારી સમુદાયના પ્રતિનિધિઓ મળ્યા હતા. આ સંમેલનમાં માલધારી જૂથના સભ્યોએ નિર્ણય કર્યો કે આપણે માલધારીઓનું વૈશ્વિક મિલન/સંમેલન ગોઠવીએ. સ્પેનનના ફર્નાન્ડો અને જીસુએ માલધારીઓના દબાયેલા અવાજને વાચા આપવા આ કાર્યક્રમ યોજવાનું બીડું ઝડપ્યું. જેમાં 'વેમીપ' (WAMIP) નામના મૂળનિવાસીઓનું (ઘૂમતું (સ્થળાંતરીત) વૈશ્વિક ગઠબંધન) ગઠબંધને અને WISP (સાતત્યપૂર્ણ માલધારીયતની વૈશ્વિક પહેલ) નામની યુ.એન.ની પેટા સંસ્થાનો ટેકો મળ્યો.

આમ, વિશ્વના માલધારીઓના જીવન સંઘર્ષની વ્યથા-ગાથા અને સપનાઓને સમજવા અને સપના સાકાર કરવાની વ્યૂહરચના ઘડવા 'સ્પેન' નામના યુરોપિયન દેશના સેગોવિયા નામના ટાઉનની બાજુમાં લાઘટન્ખા ગામમાં ૩૮ દેશના ૧૦૦થી વધુ માલધારી કર્મશીલો અને સંશોધકોનું સંમેલન ૭ થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૦૭ના રોજ યોજાયું.

ભારતમાંથી ત્રણ રાજ્યો (રાજસ્થાન, ગુજરાત અને હિમાચલ પ્રદેશ)ના છ પ્રતિનિધિઓ હાજર રહ્યા. આ એક એવું સંમેલન હતું, જેમાં વિશ્વના દેશ-સમાજમાં રહેલી વિવિધતાના દર્શન થતાં હતાં. હાજર રહેલા પ્રતિનિધિઓના રંગ જુદા, ધર્મ જુદા, દેશ જુદા, વેશ જુદા, નાક-નકશી જુદા, રહેણીકરણી જુદા, બધુંજ જુદું - પણ ક્યાંય જુદાઈ ન દેખાઈ. મોટાભાગનાં પ્રતિનિધિઓ પ્રથમ વખત મળતા હોવા છતાં જાણે એક પરિવારના સભ્યો હોય તેમ મળ્યાં.

માલધારીઓમાં એક્તા છે, તેવું ગુજરાતમાં તો જોયું છે પરંતુ વિશ્વના જુદા જુદા દેશના માલધારી સમુદાયના પ્રતિનિધિઓ વચ્ચે પણ ગજબની એક્તા જોવા મળી. આવી એક્તાનું મૂળ કારણ જીવનસંઘર્ષના સવાલો અને સપનાં સરખાં હોવામાં હશે તેવું ચોક્કસ કહી શકાય.

બીજી સૌથી મહત્ત્વની બાબત, જે મને સ્પર્શી ગઈ તે એ હતી કે દરેક માલધારી પ્રતિનિધિએ પોતાના પરંપરાગત પરિવેશમાં જ કાર્યક્રમમાં ભાગ લીધો. દરેકને પોતાના પહેરવેશ અને સંસ્કૃતિનું ગૌરવ હતું. એ અલગ વાત છે કે આજે આપણે ત્યાં માલધારી સમાજના આગેવાનો જ સમાજના સ્વાભિમાન અને ઓળખને મૂળમાંથી ખતમ કરી નાખવા 'ગામ છોડો - ધંધો છોડો - નામ બદલો વેશ બદલો'ના નારા નીચે વિકાસના નામે અન્ય સમુદાયોની નકલ કરવા પ્રોત્સાહિત કરીએ છીએ.

આજે આપણે જેને સુધરેલા કે વિકસેલા કહીએ છીએ તે માત્ર આપણાં પર લદાયેલા મૂડીવાદી / સામ્રાજ્યવાદી વિચારધારાવાળા વિકાસના મૉડેલના માળખામાં રહીને વિચારીએ છીએ, પરંતુ માલધારિયતના દૃષ્ટિકોણથી તો આ વ્યાખ્યા તદ્દન બદલાઈ જશે. 'તારા ભોગે મારો વિકાસ' અથવા 'તારો વિકાસ એટલે મારો વિનાશ'ની આજની સમજ બદલાઈ જશે. તેના બદલે સમ-વૃદ્ધીની સમજ આવશે જેમાં 'તારા વિકાસમાં મારો વિકાસ' અને મારા વિકાસમાં તારો વિકાસ, સાદી ભાષામાં કહીએ તો "સૌનું ભલું થજો" જેવા શબ્દો આવશે. કહેવાતા અભણ માલધારીઓ અને મૂળનિવાસીઓને આપણે તેમ બોલતા સાંભળીએ છીએ.

માલધારિયતમાં સ્વાવલંબન કરતાં પરસ્પરાવલંબનને વધારે પ્રાધાન્ય અપાયું છે. સંસાધનોના ખાનગીકરણ કરતાં સામુદાયિકરણને જ જીવન પદ્ધતિ બનાવી છે. ઉત્પાદનના સંગ્રહને બદલે વહેંચવામાં ગૌરવ દેખાયું છે. આમ છતાં છેલ્લી ત્રણેક સદીથી માલધારીઓના સ્વાભિમાનને તોડી પાડવા વિવિધ પ્રયાસો થયા છે. માલધારીઓના જ્ઞાન-કોઠાસૂઝ કૌશલ્યને નક્કામાં સાબિત કરવાથી લઈને સમાજ વ્યવસ્થા રીતરિવાજ, રહેણીકરણી, પહેરવેશ બધું જ આજના વિકાસ - સુધારા સામે અઢારમી સદીનું ને જુનું-નકામું છે, તેવું વારંવાર આપણી ઉપર કહેવતો, જોક્સ, ટીકા ટીપ્પણીઓથી થોપવામાં આવ્યું છે. મારે અહીં દરેક કહેવતોની વિગતમાં જવાનો આશય નથી પરંતુ એ ચોક્કસ કહેવા માંગું છું કે કોઈ સમુદાયની ઓળખ, સ્વાભિમાનને ખતમ કરવા માટે સમાજને ખતમ કરવાની જરૂર નથી. માત્ર તેના સપનાઓને મારી નાખો તો સમુદાયની ઓળખ ખતમ થઈ જાય છે!

માલધારીઓના અસ્તિત્ત્વને ખતમ કરી નાખતી રીતિનીતિ માત્ર ગુજરાતમાં જ છે તેવું નથી. સમગ્ર વિશ્વમાં જ્યાં જ્યાં માલધારીઓ પોતાના જીવન સંસ્કૃતિ ટકાવી રાખવા મથી રહ્યા છે ત્યાં બધે જ સમસ્યા તેના મૂળીયા ખૂબ મળતાં આવે છે. માલધારી અસ્તિત્ત્વ એવી કિનાર ઉપર આવીને ઊભું છે જ્યાં કહેવાતા વિકાસના માળખામાં આજે માલધારીઓ પોતાના દીકરા-દીકરીઓને દોહતાં નથી આવડતું, તે વાત ખૂબ ગૌરવથી કહે છે. એણે કોઈ' દિ માલ નથી રાખ્યો એ જાણે વિશેષ લાયકાત હોય તેમ અને 'માલવાળા સગા નથી' ને તે ખાસ આદરથી જોવાય છે.

જ્યારે બીજી બાજુ દુનિયાભરના વૈજ્ઞાનિકો, સંશોધકો, પર્યાવરણવિદો હવે એવી વાત લઈને આવી રહ્યા છે કે અમે ભૂતકાળમાં માલધારિયતને નુકસાન કર્યું છે. તેથી આજે ઇકોલોજિ કલ અસંતુલનના સવાલો ઉભા થયા છે. ખરેખર માલધારિયતએ સાતત્યપૂર્ણ જ નહીં, પરંતુ વૈશ્વિક પર્યાવરણ માટે ખૂબ જ જરૂરી છે.

## સાત દિવસની ચર્ચાના અંતે તારણો

- માલધારીઓની આજની સમસ્યાનાં મૂળ કારણો

૧)માલધારી વિરોધી સરકારી નીતિઓ, ૨) મૂડીવાદી-સામ્રાજ્યવાદી વ્યવસ્થા ૩) નબળાં પડતાં જતાં માલધારી સંગઠનો

## સમસ્યાઓના ઉકેલ માટે વ્યૂહરચના

- ઉપરોક્ત ત્રણ મૂદ્દાઓને ધ્યાને લઈને સૌથી પહેલું કાર્ય ધરાતલથી લઈને વૈશ્વિક ગઠબંધનને મજબૂત બનાવવું.

- માલધારીઓને સ્પર્શતી નીતિઓનો અભ્યાસ કરવો. તેમાં બદલાવ માટે વ્યૂહરચના ઘડવી.
- માલધારીઓનું રાજકીય મહત્ત્વ વધે તેવી પ્રક્રિયા કરવી.
- માલધારીઓમાં સંદેશાવ્યવહાર અને અનુભવની આપ-લે મજબૂત થાય તેમ કરવું.

ઉપરોક્ત વિચારગોષ્ઠીને અંતે ૧૮ મુદ્દાનું ડેક્લરેશન બહાર પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ તે સંયુક્ત મહાસંઘ (યુ.એન.)ને પહોંચાડવામાં આવ્યું, જેનો ભાવાનુવાદ આ પ્રમાણે છે.

૧. સમસ્યાના ઉકેલ અને ટકાઉ શાંતિ માટે દરેક સ્તરે માલધારીઓની સામાજિક લાક્ષણિક્તા અને માળખાગત વ્યવસ્થાને પ્રોત્સાહન આપવું.

૨. પર્યાવરણીય સમતુલા સાથેનો આર્થિક અને સામાજિક વિકાસ હાંસલ કરવા માટે તેમને જરૂરી સહયોગ પૂરો પાડવો.

૩. રાષ્ટ્રીય સ્તર પર કાયદાના ઘડતર અને નીતિ-નિર્ધારણની પ્રક્રિયામાં માલધારીઓ અને વિચરતી જાતિઓના સમુદાયના પ્રતિનિધિઓની મજબૂત ભાગીદારીની ખાતરી કરવા કાયદાકીય માળખું વિકસાવવું. આ ઉપરાંત, માલધારીઓને રાષ્ટ્રીય, ખંડીય અને આંતર-રાષ્ટ્રીય સ્તરે મજબૂત કરવા. તેઓના અધિકાર તેમજ નીતિ-નિર્ધારણ અંગેના જરૂરી જ્ઞાનની વહેંચણી માટેના કાર્યક્રમો વિકસાવવાં.

૪. જૈવ-વૈવિધ્યના રક્ષણ માટે અને સંરક્ષિત વિસ્તારના વ્યવસ્થાન માટે માલધારીઓ અને અન્ય વિચરતી જાતિઓને સશક્ત કરવી અને તેમના પ્રદેશના પરંપરાગત જ્ઞાનના મહત્ત્વને સ્વીકારવું.

૫. નીતિ-નિર્ધારણની એડવોકસી (વકાલત) માટે માલધારીઓમાં પૂરેપૂરી માહિતી સાથેની સહભાગિતા દરેક સ્તરે ઉભી થાય, તેને પ્રોત્સાહન આપવું.

૬. માલધારીઓના સામુદાયિક સંપદા પરના અધિકારો અને કુદરતી સંસાધનોના પ્રણાલિકાગત ઉપયોગને ધ્યાનમાં લેવા, ભલે તે પછી તે ક્યારેક અથવા મોસમ પ્રમાણેના હોય.

૭. લોકોની સમૂહભાવનાને આદર આપીને ખાનગી કે જાહેર સાહસોની શરૂઆત કરતાં પહેલાં એ સાહસથી તેમના જીવન પર થનારી અસરોને ધ્યાનમાં લઈને તેઓ સમજી શકે તેવી ભાષામાં માહિતીની આપ-લે થવી જરૂરી છે.

૮. પ્રણાલિકાગત સામાજિક માળખાં, તેનું નેતૃત્વ અને પ્રણાલિકાતગત કાયદાઓને ધ્યાનમાં રાખવા અને તેનો આદર કરવો.

૯. માલધારિયત અને સ્થળાંતરનો જુદા પ્રકારની સાંસ્કૃતિક ઓળખના સ્ત્રોત તરીકે આદર કરવો.

૧૦. જરૂરિયાત પ્રમાણેની ફરતી શાળા અને છાત્રાલયો દ્વારા વિચરતી જાતિઓના બાળકોના શિક્ષણને પ્રોત્સાહન આપવું. તેમાં સ્થાનિક કે તળપદી ભાષાના માધ્યમનો ઉપયોગ કરવો અને અભ્યાસક્રમમાં પોતીકી સંસ્કૃતિ તેમજ પરંપરાગત જ્ઞાનનું ગૌરવ જાળવવું.

૧૧. માલધારી અને અન્ય વિચરતી જાતિઓ સુધી ઉચ્ચશિક્ષણ અને યુનિવર્સિટી કાર્યક્રમોની પહોંચ વધારવી, માલધારિયત અને માલધારીઓને લગતા વિષયોનું શિક્ષણ આપવા માટેનાં કાર્યક્રમો વિકસાવવા અને વિચરતી જાતિઓને સુસંગત એક્શન રીસર્ચ (અમલ અને સંશોધના)ને પ્રોત્સાહન આપવું. આ સમુદાયના વિદ્યાર્થીઓની ઉપરોક્ત શૈક્ષણિક કાર્યક્રમો અને સંશોધનોમાં પહોંચની ખાતરી કરવી.

૧૨. વિચરતી જાતિ માટે, ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓ અને પાંચ વર્ષથી નીચેના બાળકોને ધ્યાનમાં રાખીને ગામડાંમાં 'મોબાઇલ ક્લિનિક' અને આરોગ્ય-શિક્ષણ સાથે પૂરતી આરોગ્ય સુવિધા પૂરી પાડવી. જાતીય ચેપી રોગો અને એચ.આઇ.વી./એઇડ્સને લઈને લોકોને સ્વૈચ્છિક કાઉન્સેલિંગ અને ટેસ્ટિંગ માટે તૈયાર કરવા.

૧૩. પશુઓનું આરોગ્ય જળવાય અને તેમને જરૂરી સારવાર સમયસર અને યોગ્ય રીતે મળે તેવી વ્યવસ્થા કરવી, ઉપરાંત પશુઓને થતા રોગના ઉકેલ માટે સંશોધનો કરવાં.

૧૪. માલધારીઓને ઝેલવી પડતી કુદરતી આફતો અને પર્યાવરણીય બદલાવોની અસરો ઘટાડવા માટે વ્યૂહાત્મક અને વ્યવસ્થાગત માળખાં વિકસાવવાં.

૧૫. કહેવાતા વિકાસની દોડમાં માલધારીઓ પોતાના પ્રણાલિકાગત સંસાધનો સુધીની પહોંચ ગુમાવે તેવી સ્થિતિમાં તેનું વળતર અને પુનઃ સ્થાપન યોગ્ય રીતે થાય તેવી વ્યવસ્થાઓ વિકસાવવી અને આ વિકાસની નકારાત્મક અસરો તેમના પર્યાવરણ ઉપર ના થાય તેની ખાતરી કરવી.

૧૬. વૈશ્વિકરણ અને બજારીકરણના દોરમાં માલધારીઓ પોતાના ઉત્પાદનોનું વેચાણ કરી શકે, તેવી નીતિ દ્વારા પ્રોત્સાહન આપવું તેમજ તેઓનું ક્ષમતાવર્ધન થાય અને માહિતીમાં પહોંચ તેમજ અંકુશ સર્જાય તે માટે મદદ પૂરી પાડવી.

૧૭. પરંપરાગત રીતે સદીઓથી એક કરતાં વધારે દેશો વચ્ચે પોતાના પશુઓ સાથે સ્થળાંતર કરતા માલધારીઓ સરહદ ઓળંગી શકે તે માટે આંતર-રાષ્ટ્રીય કાયદાઓ અને નીતિઓમાં સુધાર લાવવો અને તેઓની મુક્ત અવર-જવરને પ્રોત્સાહન આપવું.

૧૮. આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનના મહાઅધિવેશનના ઠરાવ ક્રમાંક - ૧૬૯, કે જેમાં તળપદા અને આદિવાસીઓના સામૂહિક - અધિકારોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે, તેને નજર સમક્ષ રાખીને માલધારીઓ અને સ્થળાંતરિત લોકોના સામૂહિક અધિકારોના રક્ષણ ઉપર નકારાત્મક અસર કરતી નીતિઓ અને કાયદાઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તાત્કાલિક અસરથી ઉલટાવવા.

**- પરંપરાગત, માલધારીઓ અને વિચરતી જાતિઓના વૈશ્વિક સંગઠનની ડ્રાફ્ટ કમિટી વતી લાલજી દેસાઈ**

# માલધારીને તો બારે મહિના સંઘર્ષ

'ખડ ખૂટ્યાં' પુસ્તક વાંચ્યું, ત્યારે ખરેખર માલધારીને વાંઢમાં કેવી - કેવી મુશ્કેલીઓ પડે છે તે જાણવા મળ્યું. અત્યાર સુધી તો ઘણી બધી મુશ્કેલીઓ તેમને પડે છે એવું સાંભળ્યું હતું પણ કેવી-કેવી મુશ્કેલીઓ? તેના વિશે આછો ખ્યાલ હતો. પોતાનો વ્યવસાય સાચવવા માટે થઈને, તેને જીવંત રાખવા માટે થઈને વ્હાલસોયી જન્મભૂમિને મુકીને ૨૫૦થી ૩૦૦ કિ.મી. દૂર પોતાની કર્મભૂમિ બનાવે છે. પોતાના પશુને જીવંત રાખી શકાય તેટલાં પાણી ને ઘાસચારો મળી રહે એવા વિસ્તારમાં રહે છે. ક્યારેક તો પશુ કરતાં પણ બતદર સ્થિતિ પોતાની થાય છે. પીવાનું પાણી પણ મળવું મુશ્કેલ બને છે. મળે છે તો એ પહેલાં ઘણો જ સંઘર્ષ કરવો પડે છે!

**જોગરાણા જીવન**

જ્યાં પોતાનો વ્યવસાય સાચવવા માટે આવી મુશ્કેલી વેઠવી પડે તો પછી તેમના સામાજિક-આર્થિક-શૈક્ષણિક પ્રશ્નોની તો કલ્પના જ કરવી રહી.

વાગડ પંથકના માલધારીઓ ૪થી ૬ મહિને ઘરે આવે. એ જ સમયગાળામાં કુટુંબને મળવાનું, સમાજને મળવાનું, સામાજિક કામ, લગ્નવિધિ... વગેરે પૂરાં કરવાનાં. આ બધાં કામ પછી, વળી પાછું વાંઢ લઈને જવા માટે તૈયાર થઈ જવાનું!

પોતે જ્યાં ઘેટાં, બકરાં, ગાયો (વાંઢ) લઈને જાય ત્યાં તો મુશ્કેલી પડતી જ હોય પણ જ્યારે વતનમાં આવે થોડો હાશકારો અનુભવે ત્યાં વળી પાછું સામાજિક કામ-કાજમાં ગુંથાવાનું અને સામાજિક કામ કરવાનાં હોય ત્યારે પણ મુશ્કેલીઓ આવે.

વતનમાં કાંઈક ઘટના બને તો તેઓ જ્યાં હોય ત્યાં કોઈકના ભરોસે માલ મૂકીને પાછું વતનમાં આવવાનું. સામાજિક કામ પતાવી વળી પાછું વાંઢમાં ભળી જવાનું. તે સમય દરમિયાન વાંઢમાં પશુઓ જેના ભરોસે મુકીને આવ્યા હોય તેનાથી ભૂલથી દેખરેખ સરખી ન રહે અને પશુઓ બીજાની વાડીમાં ખેતરમાં વયા જાય તો ત્યાં પણ પાછા પ્રશ્નો ઉભા થાય. એટલે ત્યાં જલ્દી પહોંચી ભાઈ-બાપા કરી તે પ્રશ્નો ઉકેલવાના !

આવા તો અનેક પ્રશ્નોનો તેમને અને તેમના પરિવારોને સામનો કરવો પડતો હોય છે. આટ-આટલી મુશ્કેલીઓનો સામનો કરતી અને દેશનું અમૂલ્ય એવું પશુધન સાચવતી આ માલધારી કમ્યુનિટી વિકાસ કરતી વખતે આપણને વણદેખાતી લાગે છે, આવું કેમ?

વિકાસ, વિકાસ, વિકાસ... પણ કોનો વિકાસ? કેવો વિકાસ? કહેવાતા ઉચ્ચ વર્ગનો જ વિકાસ(!) કે પછી દરેક વ્યક્તિ સમાજ બધાનો સર્વાંગી વિકાસ થવો જોઈએ.

આવા વિકાસમાં શું માલધારીનો ક્યાંય વિકાસ નહિ?! ભારત દેશ ખેતીપ્રધાન દેશ છે. ૭૧.૨ ટકા લોકો ગામડામાં રહે છે. ૫૮ ટકા લોકો ખેતી કરે છે. આવા ખેતીપ્રધાન દેશમાં ખેતી માટે જીવંત ખાતર તેમજ ખેતી કરવા માટે બળદો પૂરાં પાડે છે. તેમજ માનવ માટે પણ સીધી જરૂરિયાત દેખાય તેવું સંપૂર્ણ આહારમાં ગણી શકાય તેવું અમૂલ્ય દૂધ પૂરું પાડે છે. ભારતમાં ૧૬ ટકા પશુધન રહેલું છે. તેમાં રાષ્ટ્રીય આવકમાં ખેતીનો ફાળો ૧૯ ટકા છે અને પશુપાલનનો ફાળો ૫ ટકા છે. તે ઉપરાંત દેશની જીવન જરૂરિયાત ચીજ વસ્તુ ચામડું, ઉન, ખાતર જરૂરી બળદો. જે વ્યવસાયમાંથી મળી રહે છે, તેવો આ વ્યવસાય છે અને પશુઓનો ઉપયોગ ગણવા બેસીએ તો પાર ન આવે. પશુઓ જન્મે ત્યારથી મરે ત્યાં સુધીમાં પોતે જેટલું ખાય છે, જેટલી ચાકરી લે છે, તેનાથી વધારે વળતર આપતું જાય છે.

**સ્થળાંતર કરીને ગયેલા માલધારીઓ અને મજૂરો જે વિસ્તારમાં રહે છે, ત્યાં મતદાર યાદીમાં તેમનું નામ હોતું નથી. બીજી બાજુ ચૂંટણીકાર્ડની અવેજીરૂપે નક્કી કરેલા ૧૪ પુરાવાઓ એવા છે, જે ગામડાંના લોકો પાસે ભાગ્યે જ હોય.**

પશુને થોડોક પ્રેમ આપો. એ તમને તેનાથી બમણો પ્રેમ અને હુંફ આપશે. તમારા જીવનની એકલતા દૂર કરશે. આ બાબત જેણે અનુભવી હોય તેને જ ખ્યાલ આવે. બાકી તો વાતો જ રહે.

પશુઓનું આટ-આટલું મહત્ત્વ હોવા છતાં આ વ્યવસાય કરતા માલધારીઓ કેમ કોઈને દેખાતા નથી?!

કહેવત છે કે, "આપણે કોઈકને વેત નમીએ તો આપણને કોઈક હાથ નમે" તેવી જ રીતના દેશનું તથા ભવિષ્યનું પશુધન સાચવવા માટે થઈને માલધારીઓ આપણને હાથ જેટલું નમી રહ્યા છે. તો શું આપણને નથી લાગતું કે આપણે વેંત જેટલું નમવું જોઈએ?

(જીવણભાઈ વાગડ વિસ્તારમાં સ્થળાંતરિત કુટુંબોના માલધારી કુટુંબો સાથે કાર્ય કરે છે)

# સ્થળાંતરિત બાળકોનાં ભટકતાં જીવન સાથેનું ભટકતું ભાવિ

બાળવાવડ

વાગડવિસ્તારમાં માલધારી લોકો ખૂબ મોટા પ્રમાણમાં વસ્યા છે. જેઓનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે, પરંતુ અહીંની વિષમ ભૌગોલિક પરિસ્થિતિને લીધે પશુઓ માટે ઘાસચારાની સતત તંગી રહે છે. એટલે આ માલધારી પરિવારોએ ૩૦૦થી ૭૦૦ કિલોમીટર દૂર સ્થળાંતર કરવું પડે છે. આ લોકો પરિવાર અને માલઢોર સાથે વાગડથી છેક ખેડા, આણંદ, સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને અમદાવાદ આજુબાજુનાં ગામો સુધી સ્થળાંતર કરે છે. લગભગ વર્ષના આઠેક મહિના તેઓ વતનથી દૂર વિતાવે છે. સ્થળાંતરની આ પ્રક્રિયામાં બાળકો પણ જોતરાય છે કારણ કે જો બાળકો મા-બાપની સાથે ના રહે તો બીજે ક્યાં રહે? બીજી તરફ મા-બાપને પણ એમ હોય છે કે બાળકો પશુપાલનમાં મદદરૂપ થાય.



માલધારી ઉપરાંત, બીજા ઘણા સમુદાયના લોકોએ આજીવિકાના અભાવે કોલસા પાડવા, મીઠું પકવવા, ખેતમજૂરી માટે કે કારખાનામાં મજૂરી કરવા માટે સ્થળાંતર કરવું પડે છે.

સ્થળાંતર દરમિયાન આ લોકો ઘણી મુશ્કેલીઓનો સામનો કરે છે. ઘરની ચાર દિવાલો વગર ગમે ત્યાં રાત-વાસો કરવો, રસ્તામાં પાણી ના મળે તો કેટલાય દિવસ નાહ્યા-ધોયા વગર કાઢવા, કોઈ બીમાર હોય તો ઘરગથ્થુ ઉપચારથી ચલાવી લેવું વગેરે. પણ સૌથી ખરાબ દશા ગર્ભવતી સ્ત્રીની થાય છે. ડૉક્ટર કે દવાખાનાં તો દૂરની વાત છે આ સ્ત્રીઓને તો ઘર કે દાયણનીએ સગવડ નથી મળતી. આ સ્ત્રી ઘણી હિંમતથી પોતાના બાળકને ખુલ્લા ખેતરમાં, રસ્તા વચ્ચે કે ઊંટગાડામાં જન્મ આપે છે. ટાઢ, તડકો કે વરસાદ એક મા તો સહન કરી શકે, પણ એક તાજું જન્મેલ બાળક કઈ રીતે સહન કરતું હશે?

આ પરિસ્થિતિમાં કોણ આપે આ બાળકનાં જન્મનું પ્રમાણપત્ર? મા કે બાળક માંદા પડે તો કયા દવાખાને જાય?, ફરજિયાત પ્રાથમિક શિક્ષણની વાત કરતી સરકારો પાસે આ બાળકોના શિક્ષણ માટે કોઈ વિકલ્પ નથી. નજીકમાં નિશાળની વ્યવસ્થા ના હોવાથી આ બાળકો આપમેળે જ પોતાના પરંપરાગત વ્યવસાયમાં જોડાય છે. જે આમ તો સારી બાબત છે, પરંતુ બાળકોનાં શિક્ષણ અને સ્વાસ્થ્યના ભોગે કરાવવામાં આવતો બાળશ્રમ એ એક પ્રકારની બાળમજૂરી જ છે. દીકરો હોય તો પશુ ચરાવવા જાય અને દીકરી હોય તો નાનાભાઈ-બહેન સાચવે, પાણી ભરે, ત્રણ ઈંટો ગોઠવી ચૂલો ફૂંકે ને બધા માટે રોટલા ઘડે. શિક્ષણની સાથે આ બાળકોનું બાળપણ પણ છિનવાય છે. આમ, માલધારી બાળકોના અધિકારો જન્મતા પહેલાં જ મૃત્યુ પામે છે. સમયાંતરે આ બાળકો વિકસિત સમાજ કે મુખ્ય પ્રવાહથી અળગા થઈ જાય છે ને અંતે હાંસિયામાં ધકેલાય છે. આ પરિસ્થિતિમાં આ બાળકો માટે વિશિષ્ટ શિક્ષણપ્રણાલી હોવી જ જોઈએ અથવા વર્તમાન શિક્ષણપદ્ધતિમાં તેઓ સહેલાઈથી ભળી શકે તેવી વિશિષ્ટ વ્યવસ્થા હોવી જોઈએ.

# શું અમારી બાળપંચાયત અધૂરી જ રહેશે?

ડોરા ગામ રાપરથી ૭૦ કિ.મી. દૂર આવેલું છે. આ ગામમાં મોટાભાગે કોળી જ્ઞાતિના લોકો વસે છે અને તેમણે ગુજરાન ચલાવવા મજૂરીની શોધમાં સ્થળાંતર કરવું પડે છે. સીઝન પ્રમાણે ક્યારેક કોલસાકામે તો ક્યારેક ખેતીકામે. ડોરામાં ઘણા સમયથી બાળપંચાયત છે પણ દર મહિને એકાદ મંત્રી તો બદલાય જ, ક્યારેક શિક્ષણમંત્રી મા-બાપ સાથે ગામ છોડીને જાય તો ક્યારેક પ્રવાસમંત્રી. નાનાં બાળકોને ગામમાં કોઈ સાચવે તેવું ના હોય તેથી મા-બાપ તેમને સાથે લઈ જાય અને મોટાં બાળકો મજૂરી કરી શકે તે માટે તેમને પણ સાથે રાખે. બાળપંચાયતની એક મીટિંગમાં મંત્રીની ચૂંટણી થાય ને બીજી મીટિંગમાં કોઈ બીજો મંત્રી ગાયબ થઈ જાય ને ફરીથી આગલી મીટિંગમાં ચર્ચાઓ શરૂ થાય નવા મંત્રી માટે.

ગોવાપરમાં પણ આવું જ કાંઈક છે. અહીં કોળી સમાજનાં ૨૦ ઘર છે. અહીં પણ લોકો મોસમી મજૂરી કરે છે માટે બાળકોને પણ સાથે લઈ જાય છે. અહીંની બાળસભામાં ફક્ત ૧૧ બાળકો જ છે. અહી પણ દર મહિને મંત્રીઓ બદલવા પડે છે. નવા મંત્રીઓ પણ કોને રાખવા? જ્યાં ઉમેદવારો જ ન હોય ત્યાં ચૂંટણી કોની કરવી?

સ્થળાંતર કરતાં હોય તેવા દરેક ગામની આવી જ હાલત છે. વાગડની આવી કેટલીયે બાળપંચાયતો બાળકોના અભાવે અધૂરી છે. આ બાળકોનું એક જ સપનું છે અમારી બાળપંચાયત ક્યારે પૂરી થશે?



**રિસર્ચ : 'મારગ'ટીમ, રાપર**

# માલધારી બોલેને...

માલધારી બોલે ને સરકાર રાણી સાંભળો હો...જી
ગોવાલડી બોલે ને ગવર્નમેન્ટ ઘેલી સાંભળો હો...જી

એ જી સાંભળો મારી વેદનાની વાત...
ડગલે રે ડગલે દુઃખ વેઠીયાં હો...જી
બહુ દિન હાથમાં રે લાકડી
બહુ કાંઈ પગમાં રે મોજડી
બાંધી કાંઈ માથામાં રે પાઘડી
ભમ્યા કાંઈ ચોપાસ રે રાત્ત દિ
હો સરકાર રાણી... માલધારી...

જીવ્યા કાંઈ જંગલમાં જીવ લઈ હો...જી
પ્હાડોમાં કાંઈ પડ્યા પશુ લઈ હો...જી
તરણું જળ શોધ્યું જડે નહિ
પશુઓમાં ભૂખ ખૂબ ભરી
તોય ગૌચર ન રહ્યા ચરી
હાય તોય તું ન ધરાણી
હો સરકાર રાણી... માલધારી...

માલધારી રઝળે રે રાત પરોઢ હો...જી
માલ-ઢોર રખડે રે ધખતા પોરના હો...જી
ખેતર-વાડીએ ખૂબ ફર્યા
તળાવ નદીએ ખૂબ ભમ્યા
રાત દિ વગડે અમે રહ્યા
તોય પૂરા રોટા ન ભાળ્યા
હો, સરકાર રાણી... માલધારી

ટાઢ-તડકાની રે વેઠીએ, વેદના હો...જી
તનડાં તૂટે રે  અગ કાયના હો...જી
માલધારી મૂંઝાઈ ને આજ ઊભો
દહી-દૂધ દુનિયાને એતો દેતો
ભૂખ્યાં બાળ એનાં આજ જોતો,
મનમાં ઘડે કોઈ મનસૂબો

હવે સરકાર રાણી... માલધારી
જાગો જાગો માલધારી મુછાળા હો...જી
જાગો જાગો માલધારી માતા હો...જી
એક્તાથી અધિકાર બચાવો
કાળા કાયદા ભગાવો
આપણ બાળકોને ભણાવો
વિકાસ સાથે મળી કરવો
હો સરકાર રાણી... માલધારી

ઘડો મહિલા રે બાળકનાં ઘડતર હોજી
ઘડો એક્તા રે બળનાં માપિયાં હોજી
ભાઈ મારા ઘેટાંબકરાંવાળા
ભાઈ મારા ગાયોભેંસોવાળા
ભાઈ મારા ઉંટો પાળનારા
ભાઈ મારા એક્તા કરનારા
હો સરકાર રાણી... માલધારી

આજથી એક્તા રે ઘડતર માંડજો હો...જી
માંડજો માલધારીનાં રે માનડાં  હો...જી
માગવા ગૌચરનો હિસાબ
માગવા તળાવોનો હિસાબ
આપો કે ખાલી કરો રાજ
લાવવા ન્યાય કેરા રાજ
હો સરકાર રાણી... માલધારી

જાગો, જાગો રે માલધારી વીરા હોજી
જાગો, જાગો રે માલધારી ખાતા હોજી
એક્તા વિના ન આરો,
સરકાર દુઃખનો ભારો
કાળા કાયદા ભગાડો
સૌ માલધારી જાગો...
હો સરકાર રાણી... માલધારી

**- તેજાભાઈ દેસાઈ (ખાંભેલવાળા)**

**'વલોણું'**
બી-૨, મિલિન્દ પાર્ક,
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ લૉયલા હોલ સામે,
મેમનગર માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૫૨
ફોન : (૦૭૯) ૨૭૯૧૨૪૯૨

**બૂક પોસ્ટ**
**પ્રિન્ટેડ મેટર**

**પ્રિન્ટર : શિવમ સ્કેનો ઈફેક્ટસ :** ૯૮૨૪૬ ૮૩૭૦૬